# વસીલા તથા ઝિયારતના
# મસાઈલ


મૂળ લેખક

**શૈખ અહમદ ઝયની દેહલાન શાફઈ મક્કી** رحمۃ اللہ علیہ

ઉર્દૂ અનુવાદક

**હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**

(દારુલ ક઼લમ–દિલ્હી)

ગુજરાતી અનુવાદક

**હઝરત મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી**



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફ્યુઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન :૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**Web :** www.barkatekhwaja.net

**Email :** anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૧૫૮ આવૃત્તિ–૧ પ્રત:૪૫૦૦

૧૧–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૯ એપ્રિલ–૨૦૦૮

નૂરાની આર્ટ, દયાદરા


| વિષય | પેજ નં |
|---|---|

| **પ્રકાશકના બે બોલ....** | 05 |
| **ઉર્દૂ અનુવાદક તરફથી બે બોલ...** | 07 |
| **સંપાદકનો ખુત્બો તથા પ્રસ્તાવના** | 12 |
| **ક઼બરોની ઝિયારત** | 13 |
| ક઼બરોની ઝિયારત પર ઈજમાઅ છે | 16 |
| ઝિયારત કરનાર માટે શફાઅત વાજિબ | 17 |
| **વસીલો (તવસ્સુલ) તથા બરઝખનું જીવન** | 23 |
| વસીલો નબીથી સાબિત | 25 |
| નબીનો વસીલો અને સહાબા | 27 |
| હઝરત આદમ علیہ السلام એ વસીલાથી દુઆ કરી | 30 |
| રસૂલના તરફ મોઢું અને કા'બા તરફ પીઠ કરવી | 31 |
| હઝરત ઉમરે વસીલાથી દુઆ કરી | 33 |
| હઝરત ઉમર તથા અલીની ફઝીલતમાં હદીષો | 34 |
| અબૂબક્ર તથા ઉમરની ફઝીલત હદીષમાં | 36 |
| વસીલા સંબંધી વસવસા અને તેનો જવાબ | 41 |
| વસીલા વિશે એક અધિક હદીષ | 55 |
| અઅ્રાબીની બખ્શિશનો વાક઼્યો | 56 |
| મઝાર તરફ મોઢુ કરવા વિશે ફક઼ીહોનાં કથનો | 60 |
| કિબ્લા તરફ પીઠ મઝાર તરફ મોઢું કરવું મુસ્તહબ | 62 |
| ઝિયારત કરનારને દોઝખથી આઝાદીની બશારત ! | 63 |
| ઝિયારત કરનાર સૌની બખ્શિશ થઈ ગઈ ! | 64 |
| રસૂલને છોડીને મખ્લૂક ક્યાં જાય ! | 66 |
| વસીલો આગલી ઉમ્મતોમાં પણ જાઈઝ હતો | 68 |
| રબની બારગાહમાં સૌથી નજીકનો વસીલો કોણ ?! | 70 |
| વસીલા વિશે ઈમામોના અમલો તથા પુરાવા | 72 |
| અહલે સુન્નત પર ચાલવું અનિવાર્ય | 76 |
| **ગૈરુલ્લાહને પોકારવુ** | 80 |
| એક વસવસો અને તેનું નિવારણ | 81 |
| ‘યા’ વડે પોકારવા વિશે બુઝુર્ગોનાં દષ્ટાંતો | 82 |

| | |
|---|---|
| નિર્જીવને પોકારવા વિશે હદીસો | 84 |
| વિસાલ બાદ હુઝૂરને અબૂબક્ર તથા ઉમરે પોકાયા | 86 |
| હુઝૂરનાં પુત્રી તથા ફોઈએ 'યા'થી પુકાર્યા | 88 |
| ખાડામાં મરેલા પડેલા કાફિરોને હુઝૂરે પોકાર્યા ! | 90 |
| કાફિરો માટેની આયતો મુસલમાનો પર ફીટ કરી ! | 92 |
| **તબર્રુકાત થકી બરકતની સાબિતી** | 99 |
| તબર્રુકની બરકત વિશે હુઝૂરનું ફર્માન | 100 |
| **શયખે નજ્દીની હાલતો** | 101 |
| શૈખ નજદીને લાજવાબ કરતા પ્રશ્નો ! | 101 |
| શૈખ નજદીના કુકર્મોની દાસ્તાન ! | 104 |
| શૈખ નજદીથી ઉસ્તાદો તથા વાલિદ નારાજ ! | 107 |
| નજદી વહાબીના નવા ધર્મની બુરાઈઓ | 108 |
| શરીફે મક્કાએ નજદીઓને શિક્ષા કરી | 109 |
| નજદીઓના જુલ્મની દાસ્તાન | 112 |
| વહાબી ધર્મમાં દાખલ થનારને નજદી શું કરતો | 115 |
| નજદીનો દીન નબી, સહાબા, પૂર્વજ બુઝુર્ગો સૌથી વિરુધ્ધ ! | 115 |
| **ખારજીઓની નિશાનીઓ** | 119 |
| નજદીઓની ખરાબી વિશે સ્પષ્ટ હદીસો | 120 |
| નજદીની એક સચોટ નિશાની ! | 121 |
| ગુંગો, બહેરો, આંધળો ફિત્નો એટલે નજદી વહાબી ! | 123 |



કિતાબનું નામ : **વસીલા તથા ઝિયારતના મસાઈલ**

મૂળ લેખક : **શૈખ અહમદ ઝયની દેહલાન શાફઈ મક્કી** رحمۃ اللہ علیہ

ઉર્દૂ અનુવાદક : **હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી**

ગુજ. અનુવાદક : **હઝરત મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી**

પેજીસ : ૧૨૪ **કિંમત** : રૂા. ૨૫/–

કંપોઝિંગ : સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

પ્રુફ રીડિંગ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આવૃત્તિ : પ્રથમ ★ **નકલ** : ૪૫૦૦

પ્રકાશન વર્ષ : ૧૧–રબીઉલ અવ્વલ, હિ.સ.૧૪૨૯ (એપ્રિલ–૨૦૦૮)




# હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખોં મેં

**અઝ** : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝખાં **"નૂરી"** رحمۃ اللہ علیہ

જો ખ્વાબ મેં કભી આએં હુઝૂર આંખોં મેં
સુરૂર દિલ મેં હો પૈદા નૂર આંખોં મેં

હટા દેં આપ અગર રૂખ સે ઈક ઝરા પર્દા,
ચમક ન જાએ અભી બર્કે તૂર આંખોં મેં

ખુલે હંય દીદએ ઉશ્શાક કબ્ર મેં યોં હી
હય ઈન્તઝાર કિસી કા ઝરૂર આંખોં મેં

ખુદા હે તૂ ન ખુદા સે જુદા હય અય મૌલા
તેરે ઝહૂર સે રબ કા ઝહૂર આંખોં મેં

ખુદા સે તુમ કો જુદા દેખતે હંય જો ઝાલિમ
હય ઝૈગ ક઼લ્બ મેં ઉન્કે, ફુતૂર આંખો મેં

ઉમંડ કે આહ નહીં આએ અશ્ક હાએ ખૂં
યે આ રહા હય દિલે ના સબૂર આંખોં મેં

હુઝૂર આંખોં મેં આએં, હુઝૂર દિલ મેં સમાએં
હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખોં મેં

નઝર નઝીર ન આયા નઝર કો કોઈ કહીં
જચે ન ગિલ્માં નઝર મેં ન હૂર આંખોં મેં

મએ મહબ્બતે મહબૂબ સે યે હંય સર સબ્ઝ
ભરી હૂઈ હય શરાબે તહૂર આંખોં મેં

હુવા હય ખાતિમા ઈમાન પર તેરા **"નૂરી"**
જભી હંય ખુલ્દ કે હૂરો કુસૂર આંખોં મેં

# પ્રકાશકના બે બોલ !

આપના હાથોમાં જે મુબારક કિતાબ અત્યારે સ્થાન જમાવી ચૂકી છે તેના લેખક **હઝરત અલ્લામા અહમદ ઝયની દહલાન** કોઈ બરેલીના કે હિંદુસ્તાનના રહેવાસી આલિમ નથી, બલ્કે હરમૈન તૈયેબૈન (મક્કા–મદીના)ના રહેવાસી બલ્કે ત્યાં જ્યારે સુન્ની ઉષ્માનિયા હુકૂમત (તુર્કી) હતી ત્યારના ઈસ્લામિક ચીફ જસ્ટીસ હતા. અને આજથી સવાસો (૧૨૫) વરસો પહેલાં આ કિતાબ પ્રસિદ્ધ થઈ હતી, જેથી દિમાગમાં કોઈ એવો વસવસો હોય કે વસીલો તથા બુઝુર્ગોની કૃબ્રોની ઝિયારત વગેરે માન્યતા બરેલીથી નીકળી એ મનમાંથી કાઢી નાખશો અને ઈન્સાફથી આ કિતાબ વાંચશો તો છેલ્લા વધારેમાં ૧૦૦–૧૫૦ વરસમાં દુનિયામાં ફેલાયેલા નવા બાતિલ ફિર્કા વહાબી તથા હિંદુસ્તાનમાં છેલ્લા ૫૦–૬૦ વરસથી અધિક માથુ ઉઠાવેલ દેવબંદી તથા તેમના ભાઈઓ કહેવાતા અહલે હદીષ ગૈર મુકલ્લિદ તથા કહેવાતા જમાઅતે ઈસ્લામી એટલે મૌદૂદી ફિર્કાની પોકળતા તમને સમજમાં આવી જશે કે આ બધા નવ જન્મ પામેલ બાતિલ ફિર્કાઓ છે.

તેમજ હાલના અંગ્રજ તથા અમેરિકાના ગુલામ તથા તેમના તળવાં ચાટી રહેલા નજ્દી વહાબી સઊદી જાલિમ રાજાઓ જેઓ જુલ્મથી અંગ્રેજોના પીઠબળે અરબસ્તાન અને ખાસ મક્કા મદીના પર કબ્જો જમાવી બેઠા છે તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજ્દીએ શું શું જુલ્મો ત્યારના અરબસ્તાનના મુસલમાનો જેઓ સર્વ સુન્ની જ હતા તેમના પર કર્યા છે તેનો ઈતિહાસ પણ આપ ઈન્સાફની નજરે આ કિતાબમાં વાંચો અને ભોળપણામાં વહાબિયત, દેવબંદિયત, ગૈર મુકલ્લિદિયત કે મૌદૂદિયત તરફ વળેલા હોય તેમને વંચાવો તો ઉમ્મીદ છે કે ઈન્સાફપ્રિય હશે, પોતાની આખેરતની ફિકર હશે, જહન્નમનો ડર હશે તો તેઓ તૌબા કરી સુન્નિયત તરફ પલ્ટી આવશે. ઈન્શાઅલ્લાહ !



આજે સરકારે જહાં ﷺના રોઝા મુબારક નજીક જાલી મુબારક પાસે નબી પાક ﷺની કૃબ્રે અન્વર તરફ મોઢુ કરીને હાથ ઉઠાવી દુઆ આપણે કરીએ છીએ તો નજ્દી ગુંડાઓ જે ત્યાં કબજો જમાવી ઉભા રહે છે તેઓ કા'બા તરફ હાથ ઉઠાવવાનું કહે છે. તો શું કા'બા ખુદા છે કે કા'બા તરફ ખુદા છે (મઆઝલ્લાહ !) જ્યારે કે કુર્આનમાં રબ તઆલા જ હુકમ ફર્માવે છે :–

**ولو انهم اذ ظلموا انفسهم جاؤك فاستغفروا الله واستغفر لهم الرسول لوجدوا الله توابا رحيما۔**

**"અને જ્યારે પોતાની જાન પર જુલ્મ કરે તો તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને રસૂલ એમના માટે શફાઅત કરે તો જરૂર અલ્લાહને તૌબા કૃબૂલ કરવાવાળો મહેરબાન પામશે."**

હવે વિચારો ! ખૂદ અલ્લાહે હુકમ આપ્યો કે "હુઝૂર ﷺ પાસે જાવ !" તો શું હુઝૂર ﷺ પાસે જઈને હુઝૂરની તરફ પીઠ કરી કા'બા તરફ મોઢું કરવાનો પણ હુકમ છે ?! અને આ વાત દિમાગમાં સમાય તેવી પણ છે ?! અને આ સંબંધે આગલા બુઝુર્ગોએ શું ફર્માવ્યું છે તેને પણ વાંચો અને ઈમાનને મજબૂત તથા તાજુ કરી લો.

આવી દસ્તાવેજી કિતાબ પ્રકાશિત કરતાં અમો ખુશી અનુભવીએ અને કિતાબના ઉર્દૂ પરથી ગુજરાતી અનુવાદ કરનાર **જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી (રોઝા ટંકારીઆવાળા)** સાહબને અમો આભાર સહ મુબારકબાદ આપીએ છીએ કે આવી લાજવાબ કિતાબને ગુજરાતી પોશાકમાં કૌમે મુસ્લિમની ખિદમતમાં રજૂ કરી છે. રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમને તેમજ કિતાબ છપાવવામાં સહકાર કરનારા સર્વે હઝરાતને બંને જહાનમાં બેહતરીન જઝાએ ખૈર અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ

**–પટેલ શબ્બીર અલી રઝવી** *[તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

તા. ૧૬–એપ્રિલ–૨૦૦૮, વાર : બુધવાર, સ્થળ : દયાદરા, તા. જિ. ભરૂચ

## અનુવાદક તરફથી......

# બે બોલ

અઝ : **હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી** *(દારુલ કલમ–દિલ્હી)*

રઈસુલ ઓલમા શૈખુલ ખુતબા હઝરત અલ્લામા અહમદ ઝૈની દહલાન શાફઈ (વિસાલ : મુહર્રમુલ હરામ, હિજરી ૧૩૦૪, મદીના મુનવ્વરા) એક જલીલુલ કદ્ર આલિમે દીન અને સલ્તનતે ઉષ્માનિયા તરફથી હરમૈન તૈયબૈનના કાઝીઉલ કઝાત (ચીફ જસ્ટીસ)હતા. ઈસ્લામી દુનિયામાં આપનો ઘણો દબદબો હતો અને હિંદુસ્તાનના અગણિત આલિમોએ આપથી ફયઝ હાંસલ કર્યો.

આ કિતાબ સિવાય આપની લખેલી ઘણી કિતાબો છે જેમાં આપે પોતાના ઈલ્મો ફઝલના મોતી લૂટાવ્યાં છે. **દુનિયાના બધા જ મુસલમાન અને ગૈરમુસ્લિમ ઈતિહાસવેત્તાઓનો એ વાત પર ઈત્તેફાક છે કે સલ્તનતે ઉષ્માનિયા (સુન્ની હુકૂમત)ને જ્યારે તબાહ તથા બરબાદ કરવાનો અંગ્રેજોએ પ્લાન બનાવ્યો તો પોતાની બિછાવેલી સાઝિશ પ્રમાણે આરબોમાં જાતિવાદની રૂહ ફૂંકી અને તુર્કોની વિરુધ્ધ આપસમાં લડાઈ શરૂ કરી. દુનિયાના મુસલમાનોની બદ્કિસ્મતીથી મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજ્દીની શકલમાં એક મઝહબી શેખ મળી ગયો જેણે આલે સઊદની સાથે મિલીભગત કરી અને પછી આલે સઊદે**



بسم الله الرحمن الرحيم

**નજ્દનો વિસ્તાર અને એના પછી ઈ.સ. ૧૯૨૫માં હિજાઝની સરઝમીન પર મુકમ્મલ (સંપૂર્ણપણે) કબજો કરી લીધો.** મશ્હૂર ઈતિહાસકાર ઈસ્ટિન્લે પોલ પોતાની કિતાબ ''તુર્કી સુલ્તાનો''માં લખે છે : અરબોમાં અંગ્રેજોએ એક અન્ય રીતે જાહેર કામ્યાબી હાંસલ કરી. કર્નલ લારેન્સની વરસોની છુપી કોશિશો છેવટે કામ્યાબ થઈ અને બ્રિટનની આગેવાનીમાં અરબો જાતિવાદના જોશમાં તુર્કીઓની વિરૂધ્ધમાં ઉભા થઈ ગયા અને પરિણામ એ આવ્યું કે બ્રિટનની કોશિશોએ તુર્કોના મુકાબલામાં અરબોને લાવી એમના દબદબાને કાયમ માટે ખતમ કરી દીધો. ઈ.સ. ૧૯૧૫માં અંગ્રેજ અને ઈબ્ને સઊદ વચ્ચે એક કરાર થયો જેનું સાચું હોવું ઈ.સ. ૧૯૨૦માં સાબિત થયું. આ કરારને ધ્યાનથી વાંચીને ફેંસલો કરો કે વહાબી અને સઊદીની તાકત ક્યાંથી પેદા થઈ ?

**કલમ (૧) :** બ્રિટિશ ગવર્નમેન્ટ કબૂલ કરે છે અને એ બાબત સ્વીકારવામાં કોઈ વાંધો નથી કે નજ્દનો વિસ્તાર, અહસા, કતીફ, જબીલ અને ઈરાનના અખાતની સાથે લાગેલા વિસ્તારો જેની હદબંધી પછી થશે, આ બધા વિસ્તારો સુલ્તાન ઈબ્ને સઊદના છે. અને બ્રિટન એ વાતને માને છે. આ વિસ્તારોના બાદશાહ આ સુલ્તાન અને એના બાપદાદાઓ છે. એમને આ મુલ્કો અને કબીલાઓ પર આઝાદ હુકૂમત હાંસલ છે એમના પછી એમના છોકરાઓ (વારસ) ગાદીપતિ છે. પરંતુ એમના વારસો હક્કદારો માટે કોઈ એકને નિમણૂંક કરવા માટે એ શર્ત હશે કે એ શખ્સ બ્રિટન ગવર્નમેન્ટનો વિરોધી ન હોય અને લખેલી શર્તોનો પણ વિરોધી ન હોય.

**કલમ (૨) :** કોઈ અજાણી તાકાત સુલ્તાન ઈબ્ને સઊદ અને એના વારસોના મુલ્કો પર બ્રિટિશ ગવર્નમેન્ટના સલાહ મશ્વેરા વગર અથવા એમને ઈબ્ને સઊદ સાથે મશ્વેરાની ફુરસદ

આપ્યા વગર આક્રમણ કરશે તો બ્રિટિશ ગવર્નમેન્ટ ઈબ્ને સઊદથી મશ્વેરો કરીને આક્રમણ કરવાવાળાના વિરૂધ્ધમાં ઈબ્ને સઊદને મદદ આપશે. પોતાની હાલતનો લેહાઝ રાખી એવા રસ્તાઓ શોધશે જેનાથી ઈબ્ને સઊદના મક઼સદો અને એનો મુલ્ક સલામત રહી શકે.

**કલમ (૩) :** ઈબ્ને સઊદ એ કરાર પર (રાજી) ખુશ છે અને વાયદો કરે છે કે : (અ) એ કોઈ બીજી ક઼ૌમ અથવા કોઈ હુકૂમત સાથે કોઈ પણ પ્રકારની વાતાઘાતો કે સમજૂતી અને ક઼રાર કરવાથી દૂર રહેશે. (બ) જણાવેલ મુલ્કોના વિશે અગર કોઈ હુકૂમત દખલ આપશે તો ઈબ્ને સઊદ તુરત બ્રિટિશ ગવર્નમેન્ટને ખબર કરશે.

**કલમ (૪) :** ઈબ્ને સઊદ વાયદો કરે છે કે એ એનાથી વિમુખ થશે નહીં અને આ જણાવેલ મુલ્કો અથવા એના બીજા કોઈ વિસ્તારને બ્રિટિશ ગવર્નમેન્ટથી મશ્વેરો કર્યા વગર વેચવા, ગીરવી રાખવા કોઈપણ પ્રકારનો ફાયદો ઉઠાવવાની અધિકારી નહીં રહેશે એને એ વાતનો હક્ક઼ નહીં હોય કે કોઈ હુકૂમત અથવા કોઈ હુકૂમતના લોકોને બ્રિટનની ઈચ્છા વિરુધ્ધ ઉપર જણાવેલ મુલ્કોમાં છૂટછાટ કે લાયસન્સ આપે. ઈબ્ને સઊદ વાયદો કરે છે કે એ બ્રિટિશ ગવર્નમેન્ટના આદેશોનું પાલન કરશે જેમાં એની કોઈ શર્ત નથી કે એ ફર્માન એમના વિરૂધ્ધ છે કે એમની તરફદારીમાં. (આ ક઼રારમાં આ જ રીતે બીજી કલમો પણ છે જેને વાત લાંબી થવાના લીધે લખવામાં નથી આવતી. –યાસીન અખ્તર મિસ્બાહી)

**મોહર સહી** : અબ્દુલ અઝીઝ અસ્સઊદ

આ ક઼રારનો વકીલ અને ઈરાની અખાતનો બ્રિટનનો પ્રતિનિધિ



**સહી** : ચીફ ફોર ધ નાયબ મુલ્કે મોઅઝ્ઝમ વાઈસ રાયએ હિંદ

આ ક઼રારનું હિંદના વાઈસરોય ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા બ મુકામ સીમલા ૧૮ મે ઈ.સ. ૧૯૧૬માં સમર્થન થઈ ચૂક્યું છે.

**સહી** : એ.એચ. ગ્રાન્ટ સેક્રેટરી હુકૂમતે હિંદ, વિદેશ તથા રાજકીય વિભાગ

ઓગષ્ટ ઈ.સ. ૧૯૨૫માં મદીના મુનવ્વરા પર હુમ્લો અને ગુંબદે ખઝરાને નુકસાન પહોંચાડવા અને મસ્જિદે હઝરતે હમ્ઝા رضی اللہ عنہ ની શહાદતની ખબર જેવી ઈસ્લામી દુનિયાને થઈ તો ચોતરફ એવી બેચેની ફેલાઈ ગઈ. ખૂદ હરમે કા'બામાં લગભગ ૨૦ હજાર મુસલમાન રહેવાસી જેમાં જાવા, હિંદ, સુદાન, અલ જઝાઈર, રૂસ વગેરે સામેલ છે, એમણે એકમત થઈ ઈસ્લામી દુનિયાને એ બતાવ્યું કે વહાબીઓએ તાઈફ શહેર પર હુમલો કર્યો અને હાશમી ફોજોએ એમનો ઘણી બહાદુરીથી મુકાબલો કર્યો. મક્કાના રહેવાસી અને હુકૂમતે હાશમીએ જેમની હિમાયત આમ રીતે કરવામાં આવે છે તેમણે દરેક શક્ય કોશિશ એ વાતની કરી કે બેકુસૂર લોકો અને બહારના રહેવાસીઓને બચાવવામાં આવે, પરંતુ વહાબીઓએ ક઼ાયદાકીય કબ્જો કરવાની જગ્યાએ ઘણા જ જંગલીપણાની રીતો અપનાવી ત્યાંના રહેવાસી અને બીજા દેશોની પબ્લિક પર જે ત્યાં રહેતી હતી તેમની ઉપર ઘણો જ જુલ્મ કર્યો.

રાજ્ય સત્તા પામવાની લાલચને જાહેર કરતાં નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી ''તર્જુમાને વહાબિયા'' પેજ–૩૫ પર લખે છે : ''સઊદ બિન અબ્દુલ અઝીઝે આગેવાનો અને શરીફોને કત્લ કર્યા, કા'બા શરીફને નગ્ન કરી દીધો અને વહાબિયતની દા'વત સ્વીકારવા પર લોકોને મજબૂર કર્યા.''

આ ધ્રૂજાવી દેનાર ખબરોની સચ્ચાઈ જાણવા માટે (ખિલાફત કમિટી) હિંદુસ્તાન તરફથી મોટા આલિમોના એક ગ્રૂપે હિજાઝ મુક઼દ્દસનો પ્રવાસ કર્યો અને પાછા આવ્યા પછી હિંદુસ્તાનના મુસલમાનોને આ રિપોર્ટ આપ્યો :–

''હુકૂમત કરવા માટે જે હથિયાર એમની પાસે છે એટલે નજદી ક઼ૌમ ! એમને એક સદીથી એ શિખવવામાં આવ્યું છે કે એમના સિવાય બધા જ મુશ્રિક છે અને નજદીઓનો અગાઉનો ઈતિહાસ પણ બતાવે છે કે એમના હાથ કાફિરોના લોહીથી કદી રંગાયા નથી, જેટલી પણ ખૂનરેજી તેમણે કરી છે તે કેવળ મુસ્લિમોની જ કરી છે. *(રિપોર્ટ ખિલાફત કમિટી, પેજ–૧૦૫)*

ઉમ્મીદ છે કે ઐતિહાસિક વાસ્તવિક્તાઓની રોશનીમાં તમારી આંખો ખુલી ગઈ હશે અને સઊદીયત અને વહાબિયતનો ભયાનક ભૂતકાળ આપના દિલને ધ્રુજાવી ચૂક્યો હશે. હવે એમના મઝહબી ખયાલોની સચ્ચાઈ જાણવા માટે હઝરત અલ્લામા ઝૈની દહલાન શાફઈ મક્કીની આ મશહૂર કિતાબના પાનાંઓ ખોલો અને જુઓ કે વહાબીઓએ મુસલમાનોના અક઼ીદા પર કેવી રીતે છાપા માર્યા છે અને વર્ષોની સાબિત હક઼ીક઼તોને કેવી રીતે બરબાદ કરી છે. અલગ અલગ મઝહબી અને રાજકીય તરીક઼ાઓથી આજે પણ આ ફિત્ના આ જ રીતે ફેલાએલા છે, બલ્કે રિયાલોની ઝન્કારમાં તેમના ક઼દમ આગળ જ વધી રહ્યા છે અને તાકાત વાપરી પૂરી ઈસ્લામી દુનિયાને પોતાની દિમાગી ગુલામ બનાવવાની એની કોશિશો ચાલુ છે, પરંતુ સાથે જ આ નજદિયત જે સંજોગોથી ગુજરી રહી છે એ એના બુરા પરિણામ અને બરબાદીઓની ચાડી ખાઈ રહેલ છે.

**–યાસીન અખ્તર મિસ્બાહી**

(ઝાકિર નગર, નવી દિલ્હી, ૧૮ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૫)



## સંપાદકનો ખુત્બો તથા પ્રસ્તાવના

بسم الله الرحمن الرحيم

**الحمد لله الذى فضل سيدنا احمدا صلى الله عليه وسلم على سائر المخلوقات وشرف امته على سائر الامم واعلىٰ لهم الدرجات وعلىٰ اله واصحابه المقتفين آثاره ومن تبعهم فى جميع الحالات۔ اما بعد**

(ખાદિમુત્તલબા) તાલિબે ઈલ્મોનો ખાદિમ (મસ્જિદે હરામ મક્કા મુર્કમા) ગુનેહગાર, પોતાના એહસાન કરવાવાળા રબનો મોહતાજ બંદો, અહમદ બિન ઝૈની દહલાન શાફઈ, અલ્લાહ એમની મગફેરત કરે અને એમના માંબાપની, અને એમના ઉસ્તાદોની અને મહોબ્બત કરવાવાળાઓની અને મુસલમાનોની. કેટલાક એવા લોકોએ જેમનો અદબ જરૂરી છે એક એવી કિતાબ લખવાની ફર્માઈશ કરી જે ઝિયારત તથા તવસ્સુલે (વસીલા) હુઝૂર ﷺના બારામાં આયતો, હદીષો, અક઼વાલે ઈસ્લામ તથા આલિમો અને અઈમ્મએ મુજતહેદીન (મુજતહિદ ઈમામો)ની દલીલો જમા કરવાવાળી હોય અને અહલે સુન્નતનું તર્જુમાન હોય જેનો ઈન્કાર કરવાવાળા કોઈપણ રીતે ઈન્કાર ન કરી શકે.

એમની ઈચ્છાને માન આપીને મેં ઘણી બધી કિતાબોનો અભ્યાસ કરીને આ નાની પુસ્તિકા લખી જેનું વિગતે વર્ણન ઓલમા તથા અખયારની કિતાબોમાં મૌજૂદ છે. અલ્લાહ તઆલા આપણને તેની મદદથી હમેશાં નવાઝતો રહે.

# ક઼બરોની ઝિયારત

હુઝૂર ﷺની કબરની ઝિયારતનો હુકમ કિતાબ, સુન્નત અને (ઈજમાએ ઉમ્મત) ઉમ્મતના ઈત્તેફાક઼થી સાબિત છે.

અલ્લાહ તઆલા કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે :–

**ولو انهم اذظلموا انفسهم جاؤك فاستغفرو الله واستغفر لهم الرسول لوجدو الله توابا رحيما۔**

**તર્જુમો** : "અને જ્યારે એ પોતાની જાન પર જુલ્મ કરે તો તમારી પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને રસૂલ એમના માટે શફાઅત કરે તો જરૂર અલ્લાહને તૌબા ક઼બૂલ કરવાવાળો મહેરબાન પામશે." *(સૂરએ નિસાઅ–૬૪)*

આયતે કરીમાએ એ તરફ ધ્યાન દોર્યું કે મુસલમાન રસૂલે અકરમ ﷺની બારગાહમાં હાજર થઈને તૌબા કરે અને મગફિરતની દુઆ માટે આપથી વિનંતિ કરે, જેનો ક્રમ જાહેરી જિંદગી પછી પણ ચાલુ રહેશે. આ આયત પરથી એ વાતનું પણ સબૂત મળે છે કે **અલ્લાહ તઆલા તૌબાને પોતાની બારગાહમાં મક઼બૂલિયતની સનદથી ત્યારે નવાજશે જ્યારે તે આપની બારગાહમાં હાજર થઈને તૌબા કરે અને એમની મગફેરતના માટે આપ દુઆ ફર્માવે.** આપની આ મગફેરતની દુઆ બધા જ ઈમાનવાળાઓ માટે છે.

જેમ કે કુર્આન ફર્માવે છે –:

**واسغفر لذنبك وللمومنين والمومنات** **તર્જુમો** : "પોતાના



ખાસ અને આમ મુસલમાન મર્દો અને ઔરતોના ગુનાહોની માફી માંગતા રહો." *(સૂરએ મુહમ્મદ–૧૯)*

સહીહ મુસ્લિમ શરીફની રિવાયત છે કે, અમુક સહાબાએ કિરામની નજીક આ આયતનો એ જ અર્થ છે અને જ્યારે બારગાહે નબી ﷺમાં હાજર થઈ તૌબા કરશે તો આ ત્રણેવ વાતો પૂરી થઈ જશે, જે તૌબા અને રહમતે ઈલાહીના માટે જરૂરી છે.

આગળ આવતી હદીષોથી ખબર પડી જશે કે જે શખ્સ પણ અલ્લાહ તઆલાથી તૌબા માટે આપની ખિદમતમાં હાજરી આપશે એમના માટે આપ જરૂર મગફેરતની દુઆ ફર્માવે છે. આયતે કરીમાનો નુઝૂલ ભલે અમુક ખાસ લોકોના માટે થયો છે પરંતુ આયતે કરીમાનો હુકમ આમ હોવાના કારણે એમાં બધા જ મુસલમાનો સામેલ છે. જેના અંદર પણ આ (બારગાહે રસૂલમાં હાજર થઈ તૌબા કરવાની) સિફત હશે **ચાહે આપની જાહેરી જિંદગીમાં કે વફાત પછી** આ સિફત મૌજૂદ હોય તો **બધી જ હાલતમાં આપ એમના માટે શફાઅત કરશે.** એટલા માટે ઓલમાએ કિરામે આ આયતને દરેક હાજરી આપવાવાળાઓ માટે આમ અને આપના મઝાર પર હાજરી આપીને આ આયતે કરીમાની તિલાવત કર્યા પછી અલ્લાહથી તૌબા કરવી મસ્નૂન અને મુસ્તહબ સમજ્યું છે. અને ચારેવ અઈમ્માએ કિરામે (ચારેવ ઈમામોએ) મનાસિકે હજજમાં એને બયાન કર્યું છે. આ આયતથી એ પણ સાબિત થાય છે કે સફર તથા મુક઼ામની કોઈ શર્ત નથી કેમ કે **جآوك** એવી શર્તના નીચે આવ્યું છે જેથી એનું આમ હોવું ખબર પડે છે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

ومن يخرج من بيته مهاجرا الى الله ورسوله ثم يدركه الموت فقد وقع اجره على الله

**તર્જુમો** : "અને જે અલ્લાહ અને એના રસૂલની તરફ હિજરત કરીને નીકળે અને મૌત આવી જાય તો એનો બદલો અલ્લાહના જિમ્મે થઈ ગયો." *(સૂરએ નિસાઅ–૧૦૦)*

જેના પાસે થોડો પણ ઈલ્મી લગાવ હશે તે આ વિશે કોઈ શક પણ પોતાના દિલમાં નથી લાવી શક્તો કે ઝિયારતે રસૂલના માટે નીકળવાવાળો આદમી અલ્લાહ અને રસૂલની રાહનો મુસાફિર છે, કેમ કે આગામી હદીષના પ્રમાણે આપની જાહેરી હયાતમાં આપની ઝિયારત તો આ આયતમાં યક઼ીની તૌર પર દાખલ છે પરંતુ વફાત પછી પણ આપની ઝિયારત જાહેરી હયાત જેવી જ છે અને કયાસથી ઝિયારતનું સબૂત એ રીતનું છે કે એવી સહીહ હદીષો જેના પર બધા જ એકમત છે એના અંદર કબરની ઝિયારતનો હુકમ મૌજૂદ છે. જેમાં હુઝૂર ﷺની કબરે અનવરની ઝિયારત બધાથી પહેલાં સામેલ છે કેમ કે આપની ક઼બરે અન્વરથી બીજી ક઼બરોને શું નિસ્બત ?

બીજી વાત એ છે કે જન્નતુલ બક઼ીઅની અને શોહદાએ ઓહદની ક઼બરોની ઝિયારત રસૂલે અકરમ ﷺથી સાબિત છે એટલા માટે આપની ક઼બરની ઝિયારત બધાથી પહેલાં થવી જોઈએ કેમ કે એનો હક્ક઼ સાબિત છે અને તા'ઝીમ વાજિબ છે. આપની ઝિયારતનો મકસદ એ છે કે ઝિયારત કરવાવાળાને આપની તા'ઝીમથી બરકત હાંસલ થાય અને ક઼બર મુબારકની આજુબાજુ સલાતો સલામ મોકલવાવાળા ફરિશ્તાઓના મજમામાં એના પર રહમતો અને બરકતોનો વરસાદ થાય.



## ★ ક઼બરોની ઝિયારત પર ઈજમાઅ છે ★

ક઼બરોની ઝિયારત પર ઉમ્મતનો ઈજમાઅ થઈ ચૂક્યો છે જેમ કે અલ્લામા ઈબ્ને હજરે "અલ જૌહરુલ મુનઝ્ઝમ ફી ઝિયારતિ ક઼બ્રિન્નબીયિલ મુકર્રમ"માં લખ્યું છે કે ઓલમાએ શરીઅત અને અઈમ્મએ મુજતહિદીનનો **ઝિયારત જાઈઝ હોવા પર ઈજમાઅ** થઈ ચૂક્યો છે અને ઈખ્તેલાફ કેવળ એના વાજિબ અને મુસ્તહબ હોવામાં છે એટલા માટે **ઝિયારત જાઈઝ હોવા વિશે મતભેદ કરવો ઈજમાઅની વિરુધ્ધ છે.**

ઝિયારતને વાજિબ કહેવાવાળા હઝરાત આ હદીષથી સબૂત લાવે છે અને દલીલ કરે છે :–

**من حج البيت ولم يزرنى فقد جفانى** "જેણે અલ્લાહના ઘરની હજ્જ કરી અને મારી ઝિયારત ન કરી એમને મારા ઉપર જુલ્મ કર્યો."

ઈબ્ને અદીએ હુજ્જતના લાયક (દલીલને પાત્ર) સબૂતથી એની રિવાયત કરી છે અને કહ્યું છે કે કેમ કે નબીએ કરીમ ﷺ પર જુલ્મ કરવો હરામ છે, આપની ઝિયારત ન કરવી જે યક઼ીનન જુલ્મ છે તો એ પણ હરામ જ થશે.

ઝિયારતને મુસ્તહબ કહેવાવાળા જમ્હૂર ઉલ્મા એનો એ જવાબ આપે છે કે જુલ્મ એક હુકમને સંબંધિત કરવું છે કેમ કે કદી કદી મુસ્તહબને છોડવાને પણ જુલ્મ કહેવામાં આવે છે. એવી રીતે દિલનું કઠણ હોવું અને ભલાઈથી દૂર હોવું પણ જુલ્મ છે. એ જ કારણે વધારે પડતા ઉલ્માએ કિરામ સલફો ખલફ (આગલા પાછલા) વાજિબ નહીં પરંતુ ઝિયારતનું મુસ્તહબ હોવું કહે છે.

સારાંશ કે બંનેવ વાતોના આધારે ઝિયારત અને એના સબબો

ભલાઈનાં કામો અને સવાબ છે જે ઘણી બધી સહીહ હદીષોથી સાબિત છે અને એને એ જ વ્યક્તિ ખોટુ કહી શકે છે જે જોવા માટેની રોશની ખોઈ ચૂક્યો હોય.

## ★ ઝિયારત કરનાર માટે શફાઅત વાજિબ ★

એક હદીષમાં એ ફર્માવ્યું છે :–

من زار قبری وجبت له شفاعتی "જેણે મારી કબ્રની ઝિયારત કરી એના માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ."

અને બીજી રિવાયતમાં છે :–

حلت له شفاعتی "એના માટે મારી શફાઅત જાઈઝ થઈ ગઈ." એને દારકુતની અને ઘણા હદીષના ઈમામોએ રિવાયત કરી છે.

ઈમામ તકીયુદ્દીન સુબકીને પોતાની બેહતરીન કિતાબ "શિફાઉસ્સિકામ ફી ઝિયારિત કબરિ ખયરિલ અનામ"માં હદીષની સનદો અને એને સહીહ સમજવાવાળા અઈમ્માએ કિરામ (ઈમામો)એ વિસ્તારપૂર્વક લખ્યું છે અને ઝિયારતની બધી જ હદીષો લખી છે જે આ હદીષને સાબિત કરે છે.

જેના અંદર એક રિવાયત છે :–

من زارنی بعد موتی فکانما زارنی فی حیاتی "જેણે મારી વફાત પછી મારી ઝિયારત કરી એ એવું જ છે કે એણે મારી હયાતમાં જ મારી ઝિયારત કરી."

અને બીજી રિવાયતમાં આ પ્રમાણે છે :–

من جاء نی زائراً لاتھمه حاجة الا زیارتی کان حقا علی ان اکون له شفیعاً یوم القیٰمة

"જે શખ્સ કેવળ મારી ઝિયારત માટે હાજરી આપે એનો



મારા પર હક્ક થશે કે કયામતના દિવસે એની હું શફાઅત કરું."

એક રિવાયતમાં આ રીતે પણ છે :–

من جائنی زائرا کان له حقاً علی الله عز و جل ان اکون له شفیعاً یوم القیٰمة

"જે મારી ઝિયારતના માટે આવે એનો અલ્લાહ તઆલા પર હક્ક હશે કે હું કયામતના દિવસે એની શફાઅત કરું."

અબૂ યઅલા, દારકુતની, તિબ્રાની, બયહકી અને ઈબ્ને અસાકિરની રિવાયત છે :

من حج فزار قبری "જેણે હજ્જ કરી અને મારી કબરની ઝિયારત કરી."

અને બીજી રિવાયતમાં :–

فزارنی بعد وفاتی عند قبری کان کمن زارنی فی حیاتی

"(જેણે હજ્જ કરી) પછી મારી વફાત પછી મારી કબરની ઝિયારત કરી એ પેલા શખ્સ જેવો છે જેણે મારી જિંદગીમાં મારી ઝિયારત કરી."

એક રિવાયતમાં છે :–

من حج فزارنی فی مسجدی بعد وفاتی کان کمن زارنی فی حیاتی

"જેણે હજ્જ કરી પછી મરી વફાત પછી મારી મસ્જિદમાં મારી ઝિયારત કરી, એવું છે જાણે કે મારી જિંદગીમાં મને જોયો."

એક રિવાયત આ પ્રમાણે છે :–

من زارنی الی المدینة کنت له شفیعاً وشھیداً

"જેણે મદીનામાં મારી ઝિયારત કરી એનો હું શફીઅ અને ગવાહ છું."

અને બીજી રિવાયતમાં છે :–

ومن مات باحدا لحرميں بعثه الله من الآ منين يوم القيٰمة

''અને જે કોઈની એક હરમ (એટલે મક્કા મુકર્રમા કે મદીના મુનવ્વરા)માં મૌત આવે અલ્લાહ તઆલા એને કયામતના દિવસે અમાનની સાથે ઉઠાવશે.'' એ જ વધારા સાથે અબૂ દાઊદ તિયાલસીએ રિવાયત કરી છે.

ઈમામ સુબકીએ એના સિવાય પણ ઘણી હદીષો લખી છે જેનાથી ઝિયારત જાઈઝ હોવાનું સબૂત મળે છે.

આ બધી જ હદીષોમાં વિસ્તારના સાથે નબીએ કરીમ ﷺની હયાતમાં કે વફાત પછી આપની ઝિયારતનું મુસ્તહબ હોવું બલ્કે તાકીદ પણ સાબિત થાય છે. અને બીજા નબી અને સાલેહીન અને શોહદા માટે પણ ઝિયારતનો આ જ હુકમ છે.

ઝિયારત માટે સફર કરવો જરૂરી છે કેમ કે ઝિયારત કરવાવાળાએ પોતાના સ્થળેથી ઝિયારત કરવાની જગા સુધી જવું પડશે સ્પષ્ટપણે આયતે કરીમામાં શબ્દ **જાઊક**નો ઉલ્લેખ પણ છે. અને જ્યારે દરેક ઝિયારત નજીક થવાનો ઝરીઓ છે તો એના માટે જે પણ સફર થશે તે નજીક થવાનો ઝરીઓ બનશે.

જ્યારે શોહદાએ ઓહદ અને જન્નતુલ બક઼ીઅની કબરોની ઝિયારતના માટે નબીએ કરીમ ﷺ તશરીફ લઈ જતા હતા તો આપની કબરે અન્વરની ઝિયારત માટે જવું તો એનાથીય વધીને સહીહ થશે.

એક નિયમ જેના પર બધા જ મુત્તફિક (એકમત) છે કે નજીક થવા માટેનો  વસીલો પણ નજીક થવું છે અને અગર કોઈ કારણસર કોઈ હરામ ચીજ થઈ જાય દા.ત. હડપ કરેલી જમીન પર ચાલવું, તો પણ એને વસીલાના વિરુધ્ધ નહીં કહી શકાય.



એટલા માટે ઝિયારતની જેમ એનો સફર પણ કુર્બતમાં જ ગણવામાં આવશે.

જે શખ્સ એ સમજે કે કેવળ નજીક રહેવાવાળાઓ માટે જ નજીક થવાનો સફર છે તે શરીઅતે મુતહ્હરા પર આક્ષેપ કરી રહ્યો છે, અને એની એ વાત માનવા લાયક નથી. **કેટલાક બદ્નસીબ લોકો સમજે છે કે ઝિયારત અને ઝિયારતના સફરથી લોકોને રોકવા જ તૌહીદની હિફાઝત કરવું છે અને એને શિર્ક સુધી પહોંચાડવાવાળી વસ્તુ માને છે ! તો એમનો ખયાલ ખોટો છે, કેમ કે ઝિયારત અને સલામ અને દુઆ જેનો હુકમ સહીહ હદીષોમાં આવ્યો છે** એ શિર્ક નથી, પણ કબરોને સિજદો કરવાની જગા બનાવવી, ત્યાં એ'તેકાફ કરવો, ફોટા બનાવવા આ એ કામો છે જે ઈન્સાનને શિર્ક સુધી પહોંચાડે છે. અને દરેક દિમાગવાળો ઈન્સાન જાણે છે અને સમજે છે કે **જ્યારે શરીઅતના હુકમોની પાબંદીની સાથે ઝિયારત કરવામાં આવે તો કોઈ પણ રીતે મના કે મકરૂહ નથી, એને શિર્કનો સબબ સમજીને રોકવું ખોટુ અને એવો ખયાલ રાખવો ખુદા અને રસૂલ પર આક્ષેપ કરવું છે.**

અહીં બે બાબતોનું ધ્યાન જરૂરી છે :–

એક તો એ કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ અને બધી જ મખ્લૂકથી આપને ઊંચા મર્તબાવાળા સમજવા જરૂરી છે, અને બીજી વાત એ છે કે અલ્લાહ તઆલાની વહદાનિયત પર ઈમાન રાખવું અને એને પોતાની જાત, સિફાત અને અફઆલમાં બધી જ મખ્લૂકથી અલગ અને અજોડ જાણવું જરૂરી છે.

કોઈ શખ્સ કોઈ મખ્લૂકના માટે એ અક઼ીદો રાખે કે જે ઉપર

જણાવવામાં આવ્યું એમાં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાનો શરીક છે, તો યક઼ીનન શિર્ક છે અને જે શખ્સ પણ નબીએ કરીમ ﷺને કોઈ પણ વસ્તુમાં એમના મર્તબાથી નીચે કરે અને શાને રિસાલતમાં નુક્તાચીની (ટીકા ટીપ્પણ) કરે એ પણ યક઼ીની તૌર પર નાફર્માન ગુનેહગાર યા કાફિર છે.

નબીએ કરીમ ﷺની તા'ઝીમમાં જે શખ્સ વધારો કરે પરંતુ એવી તા'ઝીમ ન કરે જે અલ્લાહ તઆલાના માટે ખાસ છે તો એ હક઼્ક઼ પર ગણાશે અને રબુબિય્યત અને રિસાલત બંનેવ તરફથી એણે હિફાઝત કરી. એ જ ઈન્સાફવાળી અને મધ્યમમાર્ગી રાય છે. જેમાં બિલકુલ વધારો ઘટાડો નથી.

**لاتشد الرحال الا الیٰ ثلثة مساجد المسجدالحرام ومسجدی هذا والمسجد الا قصٰی**

''ફક્ત ત્રણ મસ્જિદ એટલે મસ્જિદે હરામ, મારી આ મસ્જિદ અને મસ્જિદે અકસાના માટે સફર કરવામાં આવે.'' એનો મતલબ એ છે કે આ ત્રણ મસ્જિદો જેમાં નમાઝ પઢવા માટે સફર કરવામાં આવે એના સિવાય બીજી કોઈ મસ્જિદની તા'ઝીમ યા એમાં નમાઝ પઢવાની નિય્યતથી સફર કરવામાં નહીં આવે.

આ હદીષમાં તા'ઝીમ અને નમાઝને અંદર માનવું જરૂરી છે. કેમ કે **જો એને ન માનવામાં આવે તો હજ્જ, જેહાદ, દારુલ કુફ્રથી હિજરત, ઈલ્મ હાંસલ કરવો તથા વેપારના માટે સફર કરવો પણ મના થઈ જશે.** જ્યારે કોઈપણ એ વાતને માનવાવાળુ નથી.

અલ્લામા ઈબ્ને હજર ''અલ્ જૌહરુલ્ મુનઝ્ઝમ''માં ફર્માવે છે કે આ હદીષની તાવીલનું એક હદીષથી પણ સબૂત મળે છે જેની સનદ હસન છે.



**لاینبغی للمطی ان تشد رحالها الی مسجد یبتغی الصلوٰة فیه غیر المسجد الحرام و مسجدی هذا والمسجد القصی**

''મસ્જિદે હરામ, મારી આ મસ્જિદ અને મસ્જિદે અકસાના સિવાય કોઈ મસ્જિદમાં નમાઝ પઢવા માટે સફર ન કરવો જોઈએ.'' કલામનો નિચોડ આવે છે કે આ મસ્અલો ઘણો જ સાફ છે જેના બારામાં અલગથી કિતાબો મૌજૂદ છે એટલા માટે એનાથી વધારે વિસ્તારપૂર્વક લખવાની જરૂર નથી. અલ્લાહ તઆલાએ જેનું દિલ રોશન બનાવ્યું હશે એના માટે આથી પણ ઓછુ પૂરતુ છે અને **જેના દિલમાં અંધારુ કરી દીધું છે એના માટે આયતો અને હદીષો પણ અપૂરતી છે !**

## મુઝદા બખ્શિશ કા સુનાઓ આક઼ા

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી**

દિલકી દુન્યાકો સજાઓ આકા અપની ઉલ્ફતમેં જિલાઓ આક઼ા
શૌકે દીદારમેં સોઉં જિસ શબ અપના દીદાર કરાઓ આક઼ા
મેરે દિલકી હૈ તમન્ના હર દમ અપના ઘર ઉસકો બનાઓ આક઼ા
ગમે દુન્યામેં ન આંસૂં નિકલે અપની ઉલ્ફતમેં રુલાઓ આક઼ા
હુબ્બે દુન્યાસે બચાના મુઝકો મુઝકો અપના હી બનાઓ આક઼ા
શબે મીલાદકે સદકે મુઝકો ફિરસે તય્બહ્મેં બુલાઓ આક઼ા
યાદ તય્બહ્કી ફિર સતાતી હૈ સદકે મુર્શિદકે બુલાઓ આક઼ા
મેરે મુર્શિદકો અતા હો રિફઅત ઉનકે રુત્બેકો બઢાઓ આક઼ા
જિત્ને મો'મિન હૈં પરેશાં દાતા સબકી બિગળીકો બનાઓ આક઼ા
આખરી દમ ભી અદા હો સુન્નત પીર કે દિન જો કઝા હો આક઼ા
મુઝકો ફિર દુશ્મનોંને ઘેરા હૈ અપને દામનમેં છુપાઓ આક઼ા
**'શાકિરે રઝવી'** હૈ આસી શાહા મુઝદા બખ્શિશકા સુનાઓ આક઼ા

## વસીલો (તવસ્સુલ) તથા બરઝખનું જીવન

હુઝૂર, સહાબા અને અઈમ્માએ કિરામથી વસીલો સાબિત છે. ઘણી સહીહ હદીષોથી એનું સબૂત મળે છે કે રસૂલે અકરમ ﷺ તવસ્સુલ (વસીલો) ફર્માવતા હતા જેમાં આપની આ દુઆ છે : **اللهم انی اسئلك بحق السائلين عليك**''હે અલ્લાહ ! હું તારાથી એ હક્કના વસીલાથી સવાલ કરું છું જે તારાથી માંગવાવાળાનો તારા કરમના જિમ્મે છે.''

એમાં કોઈ શક નથી કે આ વસીલો છે અને ઘણી બધી સહીહ હદીષોથી સાબિત છે કે આપ સહાબાએ કિરામને વસીલાની તા'લીમ આપતા હતા જેમાંથી એક હદીષ એ છે જેને ઈબ્ને માજહએ સનદે સહીહાથી હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી છે.

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :-

**من خرج فی بیته الی الصلوٰة فقال اللهم انی اسئلك بحق السائلين عليك واسئلك بحق ممشای هذا اليك فانی لم اخرج اشرا ولا بطرا ولا رياء ولاسمعة خرجت اتقاء سخطك وابتغآء مرضاتك واسئلك ان تعيذنی من النار وان تغفرلی ذنوبی فانه لايغفر الذنوب الا انت۔ اقبل الله عليه بوجهه واستغر له سبعون الف ملك۔**

''જે શખ્સ નમાઝના માટે ઘરેથી નીકળે અને આ પ્રમાણે



કહે, હે અલ્લાહ ! હું તારાથી માંગવાવાળાઓ અને પોતાના ચાલવાના હક્કથી સવાલ કરું છું, હું ઘમંડ, ખ્યાતિ અને દેખાડો કરવા નથી નીકળ્યો, તારી નારાઝગીથી બચવા અને તને રાજી કરવા માટે નીકળ્યો છું અને તારાથી સવાલ કરું છું કે દોઝખથી મારી હિફાઝત કર અને મારા ગુનાહને માફ કરી આપ, કેમ કે તું જ ગુનાહ માફ કરવાવાળો છે. તો અલ્લાહ તઆલા એના તરફ રહમતની નજર ફેરવશે અને સિત્તેર હજાર ફરિશ્તા એના માટે મગફિરતની દુઆ ફર્માવશે.''

અલ્લામા સિયૂતીએ જામેએ કબીરમાં તેમ જ ઘણા ઈમામોએ નમાઝ માટે નીકળતી વખતે મસ્નૂન દુઆઓના સાથે એને પોતાની કિતાબોમાં લખી છે અને અમુક હઝરાત કહે છે કે અસ્લાફે કિરામમાં કોઈ એવા ન હતા જે નમાઝ માટે જતી વખતે આ દુઆ ન પઢતા હોય.

**بحق السئلين عليك**ના શબ્દો પર વિચાર કરો જેમાં દરેક મો'મિનથી વસીલો લેવું છે.

ઈબ્નુસ્સનીને આ હદીષને મુઅઝ્ઝિને રસૂલ હઝરત બિલાલથી સહીહ સનદોની સાથે રિવાયત કરી છે. હઝરત બિલાલ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે નમાઝ પઢવા માટે જતા તો બિસ્મિલ્લાહ પઢયા પછી આપ ફર્માવતા :

**امنت بالله وتوكلت على الله ولاحول ولاقوة الا بالله اللهم انی اسئلك بحق السائلين عليك وبحق مخرجی هذا فانی لم اخرج بطراً ولا اشراً ولا رياء ولا سمعة جرجت ابتغاء مرضاتك واتقاء سخطك اسئلك ان تعيذنی من النار وان تدخلنی الجنة۔**

''હું અલ્લાહ પર ઈમાન લાવ્યો અને એના પર મને વિ□ાસ

છે અને બધી જ તાકાત કુવ્વત એની છે. હે અલ્લાહ ! હું તારાથી માંગવાવાળો અને પોતાના આ નીકળવાના વસીલાથી સવાલ કરું છું. હું ઘમંડ, નામના કે દેખાડો કરવા નથી નીકળ્યો, તને રાજી કરવા માટે અને તારી નારાઝગીથી બચવા માટે નીકળ્યો છું. હું તારાથી સવાલ કરું છું કે દોઝખથી મને પનાહ આપ અને જન્નતમાં દાખલ કર."

હાફિઝ અબૂ નુએમે عمل اليوم والليلة હેઠળ અબૂ સઈદ ખુદરીથી આ શબ્દોમાં રિવાયત કરી છે :–

**ان رسول الله صلى الله عليه وسلم اذا خرج الى الصلوٰة قال اللهم انى اسئلك بحق السئلين عليك**

એના પછી પૂરી હદીષ લખેલી છે. ઈમામ બયહકીએ પણ આ હદીષને અબૂ સઈદ ખુદરીથી "કિતાબુદઅવાત"માં લખી છે અને દલીલ હુઝૂરનું ફર્માન કે, "હું તારાથી સવાલ કરું છું જે તારાથી માંગવાવાળાનો હક્ક઼ તારા જિમ્મે કરમ પર છે."

ઉપરની દલીલોથી ખબર પડી ગઈ કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم (વસીલો) તવસ્સુલ ફર્માવતા હતા. પોતાના સહાબાએ કિરામને પણ આપે હુકમ આપ્યો. તાબઈન, તબે તાબેઈનનો ક઼ાયમ માટે એ અમલ રહ્યો છે કે નમાઝના માટે જતી વખતે આ દુઆ પઢતા હતા અને કોઈએ આ દુઆ સામે વિરોધ પણ નથી કર્યો.

## ★ વસીલો નબીથી સાબિત ★

વસીલાના બારામાં આ હદીષ પણ છે જેમાં આપ કદી કદી આ પ્રમાણે દુઆ ફર્માવતા હતા :–

**بحق نبيك والا نبياء الذين من قبلىٔ** "તારા નબી અને પહેલાંના નબીઓના વસીલાથી (હું તારાથી દુઆ કરું છું)."



અલ્લામા ઈબ્ને હજરે "જૌહરે મુનઝ્ઝમ"માં લખ્યું છે કે તિબ્રાનીએ આ હદીષને જય્યદ (મજબૂત) સનદના સાથે રિવાયત કરી છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ફર્માવે છે :–

**اغفر لامى فاطمة بنت اسد ووسع عليها مدخلها بحق نبيك والانبياء الذين من قبلىٔ**

"હે અલ્લાહ ! મારા અને મારાથી પહેલાંના નબીઓના સદક઼ામાં મારી માં ફાતેમા બિન્તે અસદની મગફિરત ફર્માવ અને એમની કબરને વિશાળ કરી દે."

આ એક લાંબી હદીષનો ટુકડો છે જેને તિબ્રાનીએ કબીર અને અવસતમાં લખ્યું છે અને ઈબ્ને હેબાન અને હાકિમે એને સહીહ કહ્યું.

હઝરત અનસ બિન માલિકે ફર્માવ્યું, જયારે હુઝૂરને પાલવવાવાળી ફાતેમા બિન્તે અસદ બિન હાશિમ વાલેદા હઝરત અલી બિન તાલિબ رضى الله عنهનો વિસાલ થયો તો આપ એમના પાસે તશરીફ લઈ ગયા અને એમના માથા પાસે જઈને ફર્માવ્યું, હકીકી માં પછી મારી માં ! અલ્લાહ તારા પર રહમ ફર્માવે. રાવીએ કહ્યું, પછી આપે અલ્લાહની તારીફ બયાન ફર્માવી, પોતાની ચાદર મુબારકનું કફન આપવા અને ક઼બર ખોદવાનો હુકમ આપ્યો અને જ્યારે ક઼બર સુધી લોકો પહોંચ્યા તો આપે પોતાના દસ્તે મુબારકથી એને ખોદી માટી બહાર કરી. એના પછી એમાં સૂઈને આપે ફર્માવ્યું :–

**الله الذى يحيى ويميت وهو حى لايموت اغفر لامى فاطمة بنت اسد ووسع عليها مدخلها بحق نبيك والانبياء الذين من قبلى فانك ارحم الراحمين۔**

"હે અલ્લાહ ! જે જિંદગી અને મૌત આપે છે અને હમેશાં માટે જીવતો છે, **મારી માં ફાતેમા બિન્તે અસદની મગફિરત**

**ફર્માવ** અને એમના પર એમની કબરને વિશાળ કરી આપ, **મારા અને એ નબીઓના વસીલાથી** જે મારાથી પહેલાં હતા. તું જ બધાથી વધારે રહમ કરવાવાળો છે.''

એ જ રીતે ઈબ્ને અબી શયબાએ હઝરત જાબિર અને ઈબ્ને અબ્દુલ બરે હઝરત ઈબ્ને અબ્બાસથી અને નુઐમે હિલયામાં હઝરત અનસ رضی اللہ عنہથી એને રિવાયત કરી છે. હાફિઝ જલાલુદ્દીન સિયૂતીએ આ બધું જ અલ્ જામિઉસ્સગીરમાં લખ્યું છે.

## ★ નબીનો વસીલો અને સહાબા ★

જે સહીહ હદીષમાં વસીલાની સ્પષ્ટતા છે એમાં એ હદીષ પણ છે જેને તિર્મિઝી, નિસઈ, બયહકી અને તિબ્રાનીએ સનદે હસન સાથે મશ્હૂર સહાબી હઝરત ઉષ્માન બિન હનીફથી રિવાયત કરી છે. એક અંધ માણસે નબીએ કરીમ ﷺ ની બારગાહમાં હાજરી આપી અર્ઝ કર્યું; મારી આંખોની રોશની માટે અલ્લાહથી દુઆ કરી આપો ! ફર્માવ્યું, અગર તમે ચાહો તો હું દુઆ કરું, નહીં તો સબ્રથી કામ લો અને સબર બેહતર છે. એમણે કહ્યું, આપ દુઆ કરી આપો. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, આ રીતે વુઝૂ કરીને આ દુઆ પઢો :–

**اللهم انی اسئلك واتوجه بنبيك محمد بنی الر حمة يا احمد انی تاجه بك الی ربی فی حاجتی لتقضیٰ اللهم شفعه فی**

''હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારા રહમતવાળા નબી મુહમ્મદ ﷺના વસીલાથી તારી તરફ ધ્યાન કરું છું એટલા માટે કે મારી હાજત અને જરૂરત પૂરી કરવામાં આવે. હે અલ્લાહ ! એમને મારી શફાઅત કરવાવાળા બનાવ.''

આ દુઆ પછી આખોંમાં રોશની લઈ પાછો ફર્યો. એક રિવાયતમાં ઈબ્ને હનીફ કહે છે, ખુદાની કસમ ! ત્યાં જ ભેગા



થઈ ઘણીવાર સુધી વાતો કરતા રહ્યા ને એ શખ્સ અમારી પાસે પાછો આવ્યો તો એવું લાગતું હતું કે એને કોઈ દિવસ કોઈ તકલીફ જ ન હતી. આ હદીષમાં વસીલો પણ છે અને પુકારવું પણ છે. અને ઈમામ બુખારીએ પોતાની તારીખમાં અને ઈબ્ને માજહ અને હાકિમે મુસ્તદરકમાં સહીહ સનદના સાથે રિવાયત કરી. અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ પણ જામેઉલ કબીર અને સગીરમાં એને લખ્યું છે.

વસીલાનો ઈન્કાર કરવાવાળા એ નથી કહી શક્તા કે એનો રિવાજ તો હુઝૂર રસૂલે અકરમ ﷺની જિંદગીમાં હતો. કેમ કે સહાબા અને તાબઈને કિરામ પોતાની જરૂરતો પૂરી કરવા માટે આપની વફાત પછી પણ આ દુઆ પઢતા હતા.

એટલા માટે તિબ્રાની અને બયહકીની રિવાયત છે કે એક શખ્સ પોતાની જરૂરતોના લઈને હઝરત ઉષ્માન બિન અફ્ફાન પાસે આપની ખિલાફતના ટાઈમમાં આવતો હતો. આપ એના તરફ ન મહેરબાનીની નજર કરતા અને ન એની જરૂરત તરફ કોઈ ધ્યાન આપતા. એ શખ્સે ઉપર લખેલી હદીષના રાવી હઝરત ઉષ્માન બિન હનીફથી શિકાયત કરી. આપે એને કહ્યું કે વુઝૂ કરી મસ્જિદમાં જાવ અને ત્યાં નમાઝ પઢી આ દુઆ કરો :–

**اللهم اسئلك واتوجه اليك بنبينا محمد نبی الرحمة يا محمد انی اتوجه بك الی ربك لتقضیٰ حاجتی**

''હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારા રહમતવાળા નબી મુહમ્મદ ﷺના સદકામાં અને એમના વસીલાથી તારી તરફ ધ્યાન કરું છું. હે નબીએ રહમત મુહમ્મદ ! હું આપના વસીલાથી આપના રબની તરફ ધ્યાન કરું છું, એટલા માટે કે મારી હાજત અને જરૂરત પૂરી થઈ જાય.''

અને એ દુઆ પછી પોતાની જરૂરતનો ઉલ્લેખ કરો. જેથી એ શખ્સે જઈને એવું જ કર્યું અને હઝરત ઉષ્માન બિન અફફાનના દરવાજા પર પહોંચ્યા તો ચોકીદાર એમનો હાથ પકડી એમને લઈને હઝરત ઉષ્માનની ખિદમતમાં હાજર થયો, આપે એને બેસાડીને કહ્યું કે તમારી જરૂરત બતાવો ! એ શખ્સે જે જરૂરત બતાવી એને આપે પૂરી કરી દીધી અને ફર્માવ્યું, તમને જે પણ જરૂરત હોય એને આવીને બયાન કરી દો.

પછી એ આપના પાસેથી હઝરત ઉષ્માન બિન હનીફને મળ્યો અને કહ્યું, અલ્લાહ તઆલા આપને બેહતરીન બદલો આપે, તે (હઝરત ઉષ્માન બિન અફફાન) મારી જરૂરત પર બિલ્કુલ ધ્યાન આપતા ન હતા, પરંતુ તમે એમની સાથે મારી વાત કરાવી આપી. આપે ફર્માવ્યું, કસમ ખુદાની ! મેં વાત નથી કરાવી, પણ હું રસૂલુલ્લાહ ﷺ પાસે બેઠો હતો તેવામાં એક આંધળો આદમી આવ્યો અને એણે આપથી શિકાયત કરી કે મારી આંખોમાં રોશની નથી. એના પછી પૂરી હદીષ બયાન કરી. આ હદીષ નબીએ કરીમ ﷺની વફાત પછી વસીલા અને આપને પુકારવું જાઈઝ હોવાની દલીલ છે.

બયહકી અને ઈબ્ને શયબાએ સહીહ સનદ સાથે રિવાયત કરી છે. હઝરત ઉમર ફારૂકની ખિલાફતમાં દુકાળ પડયો તો સહાબીએ રસૂલ હઝરત બિલાલ બિન હર્ષે નબીએ કરીમ ﷺની કબર મુબારક પર હાજરી આપી અને ફર્માવ્યું, "યા રસૂલલ્લાહ ! પોતાની ઉમ્મતના માટે વરસાદની દુઆ ફર્માવો, કેમ કે એ બરબાદીમાં પડી છે. આપ ખ્વાબમાં એમની પાસે આવ્યા અને ખુશીની ખબર આપી કે વરસાદ થશે."

નબીએ કરીમ ﷺને ખ્વાબમાં જોવાથી દલીલ નથી થતી અને એનું સાચુ હોવા છતાં એનાથી એહકામ (હુકમો) સાબિત



નથી થતા કેમ કે ખ્વાબ સાચો હોવા છતાં બની શકે છે કે કલામ (વાત)માં શક પેદા થઈ જાય. એટલા માટે **અહીંયા દલીલ સહાબીએ રસૂલ હઝરત બિલાલ બિન હર્ષના અમલથી છે કે નબીની કબર પાસે હાજરી, યા રસૂલલ્લાહ ﷺથી પુકારવું, પોતાની ઉમ્મત માટે પાણી માંગવાની સિફારિશ એ વાતની દલીલ છે કે આવું કરવું જાઈઝ છે.** અને આ બધુ રસૂલુલ્લાહ ﷺને વસીલો બનાવવો, આપને શફીઅ બનાવવા તથા મદદ માંગવી એ ફરિયાદ તથા મદદ માંગવાના પ્રકારો છે જે કુર્બતમાં સામેલ છે.

આપના વજૂદથી પહેલાં જ્યારે અબુલ બશર હઝરત આદમે મના કરેલું વૃક્ષ ખાય લીધું હતું એ વખતે આપને વસીલો બનાવ્યા હતા. નબીએ કરીમ ﷺથી હઝરત આદમે વસીલો લીધો એ હદીષને ઈમામ બયહકીએ હસન સનદ સાથે પોતાની કિતાબ દલાઈલુન નબુવ્વતમાં રિવાયત કરી છે જેના બારામાં હાફિઝ જહબી કહે છે : "એને જરૂરથી પઢો કેમ કે એ પૂરીપૂરી હિદાયત અને નૂર છે."

### ★ હઝરત આદમ عليه السلام એ વસીલાથી દુઆ કરી ★

હદીષમાં આ છે : હઝરત ઉમર બિન ખત્તાબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, જ્યારે હઝરત આદમથી લગઝિશ થઈ તો એમણે અર્ઝ કર્યું, હે મારા પરવરદિગાર ! હું મુહમ્મદના વસીલાથી તારાથી દુઆ કરું છું મને બખ્શી દે ! અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, તમે મુહમ્મદને કેવી રીતે જાણ્યા ?! એમને તો મેં હજુ પૈદા નથી કર્યા ?! અર્ઝ કર્યું, હે મારા પરવરદિગાર ! જ્યારે તેં મને પેદા ફર્માવ્યો અને મેં પોતાનું માથુ ઉઠાવીને જોયું તો અર્શના પાયા

પર لا اله الا الله محمد رسول الله લખેલું જોયું જેનાથી હું સમજી ગયો કે તેં પોતાના નામની સાથે એનું નામ મિલાવ્યું છે જે મખ્લૂકમાં તને બધાથી વધારે મહબૂબ છે. અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું, હે આદમ ! બેશક ! એ મને બધી મખ્લૂકમાં બધાથી વધારે મહબૂબ છે.

واذ سالتني بحقه فقد غفرت لك و لو لا محمد ماخلقتك

"અને જ્યારે તેં એમના વસીલાથી દુઆ કરી છે તો હું તને માફ કરી આપું છું, જો એ ન હોત તો હું તને પેદા જ ન કરત."

હાકિમે એ રિવાયત લખી અને સહીહ લખ્યું છે. અને તિબ્રાનીએ પણ એ રિવાયત કરી છે, જેમાં આટલો વધારો કર્યો છે, (وهو آخر الانبياء من ذريتك) "એ તમારી નસલમાં બધાથી છેલ્લા નબી છે."

## ★ રસૂલના તરફ મોઢું અને કા'બા તરફ પીઠ કરવી ★

એ જ તવસ્સુલ (વસીલાની) તરફ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہએ ખલીફા મન્સૂરનું ધ્યાન દોર્યું હતું. આ એ સમયની વાત છે જ્યારે ખલીફા મન્સૂરે હજજ કર્યા પછી નબીએ અકરમ ﷺની મુબારક કબરની હાજરી આપી અને હઝરત ઈમામ માલિક જે મસ્જિદે નબવીમાં હાજર હતા એમનાથી સવાલ કર્યો કે, **હે અબૂ અબ્દુલ્લાહ ! હું કિબ્લા તરફ કે રસૂલુલ્લાહ ﷺ તરફ મોઢું કરી દુઆ માગું ? ઈમામ માલિકે ફર્માવ્યું તમેં રસૂલુલ્લાહ ﷺ તરફથી મોઢું કેમ કરીને ફેરવશો એ તો તમારા અને હઝરત આદમ સુધી ખુદાની બારગાહમાં વસીલો છે ! એમની જ તરફ મોઢું કરી એમના જ વસીલાથી દુઆ કરો, એ તમારા માટે એમની**



**શફાઅત કબૂલ ફર્માવશે.**

કેમ કે એણે જ કુર્આનમાં ફર્માવ્યું છે :–

**ولو انهم اذظلموا انفسهم جاؤك فاستغفرو الله واستغفر لهم الرسول لو جدو الله توابا رحيما۔**

**"અને જ્યારે પોતાની જાન પર જુલ્મ કરે તો તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને રસૂલ એમના માટે શફાઅત કરે તો જરૂર અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામશે."**

કાઝી અયાઝે શિફા શરીફમાં એને સહીહ સનદ સાથે રિવાયત કરી છે. ઈમામ તકીયુદ્દીન સુબ્કીએ શિફાઉસ્સિકામ, સૈયદ સમહુદીએ ખુલાસતુલ વફા, અલ્લામા કસ્તલાનીએ મવાહિબે લદુન્નિયા, અલ્લામા ઈબ્ને હજરે જૌહરે મુનઝ્ઝમ અને ઘણા બધા આલિમોએ એને ઝિયારતના તરીકામાં લખ્યું છે.

અલ્લામા ઈબ્ને હજર જૌહરે મુનઝ્ઝમમાં ફર્માવે છે કે એની રિવાયત ઈમામ માલિકથી સહીહ સનદ સાથે છે જેમાં કોઈપણ પ્રકારનું તઅન (ટીકા ટીપ્પણ) નથી. અલ્લામા ઝુર્કાનીએ શરહુલ મવાહિબમાં ફર્માવ્યું કે, એને ઈબ્ને ફહદે જય્યદ સનદ સાથે રિવાયત કરી છે અને અયાઝે શિફા શરીફમાં સહીહ સનદ સાથે રિવાયત કરી છે જેના રાવીષિકહ (વિ□ાસુ) છે. એમની સનદોમાં કોઈ જૂઠો અને હદીષ ઘડવાવાળો નથી.

અલ્લામા ઝુર્કાની એ લોકોનો રદ કરવા માંગે છે જેઓ ઈમામ માલિકની આ રિવાયતની તસ્દીક (સમર્થન) નથી કરતા અને એમના તરફ આ વાતની નિસ્બત કરે છે કે કબરની તરફ મોઢું કરવું મકરૂહ છે જે બિલ્કુલ ખોટુ અને મરદૂદ છે.

કેટલાક મુફસ્સિરીને કિરામ અલ્લાહનો ઈર્શાદ છે :–

فتلقیٰ آدم من ربه ''આદમે પોતાના રબથી અમુક કલેમાત શીખી લીધા''ના બારામાં કહે છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم થી હઝરત આદમનો તવસ્સુલ (વસીલો) પણ કલેમાતમાં સામેલ છે.

یارب اسئلك بحرمة محمد الا ماغفرت لی ''હે મારા પરવરદિગાર ! હું તારાથી મુહમ્મદના વસીલાથી મગફેરતની દુઆ કરું છું.''

## ★ હઝરત ઉમરે વસીલાથી દુઆ કરી ★

હઝરત ઉમર બિન ખત્તાબે હુઝૂરના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ ના વસીલાથી પોતાની ખિલાફતના સમયમાં 'આમે રમાદા'ના બહુ મોટા દુકાળવાળા વરસે જ્યારે દુઆ માંગી તો ખૂબ વરસાદ થયો અને લોકો ખુશ થઈ ગયા એટલા માટે તવસ્સુલના વિશે આ હદીષ સહીહ બુખારીમાં હઝરત અનસ બિન માલિકની રિવાયતથી લખેલ છે.

અલ્લામા કસ્તલાની અલ મવાહિબુલ્લ દુન્નિયામાં ફર્માવે છે કે જ્યારે હઝરત ઉબર બિન ખત્તાબે હુઝૂરના કાકા હઝરત અબ્બાસના વસીલાથી વરસાદ માટે દુઆ માંગી તો ફર્માવ્યું કે, હે લોકો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હઝરત અબ્બાસને પોતાના બાપ જેવા સમજતા હતા

فاقتدوا به فی عمه العباس واتخذوه وسیلة الی الله تعالیٰ

એટલા માટે રસૂલના બતાવ્યા પ્રમાણે કરીને આપના કાકા હઝરત અબ્બાસને અલ્લાહ સુધી પહોંચવા માટે વસીલો બનાવો.

આ હદીષમાં વસીલો બનાવવાની સ્પષ્ટતા છે જેનાથી એ લોકોની વાત ખોટી સાબિત થાય છે જે જીવતા કે વફાત પામેલા



બુઝુર્ગોથી તવસ્સુલ (વસીલો) કરવાથી રોકે છે અને નબીના સિવાય કોઈને વસીલો બનાવવું નાજાઈઝ સમજે છે.

હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના વસીલાથી વરસાદ માટે દુઆ કરતી વખતે આ પ્રમાણે કહ્યું હતું :

اللهم انا کنا نتوسل الیك بنبینا صلی الله علیه وسلم فتسقینا وانا نتوسل الیك بعم نبینا صلی الله علیه وسلم فتسقینا وانا نتوسل الیك بعم نبینا صلی الله علیه وسلم فاسقنا۔

''હે અલ્લાહ ! અમે અમારા નબીને તારી બારગાહમાં વસીલો બનાવતા હતા તો અમોને તું તૃપ્ત કરી આપતો હતો અને હવે અમે અમારા નબીના કાકાને વસીલો બનાવીએ છીએ તો તું અમોને (સૈરાબ) ખુશ કરી આપ !''

આ હદીષ સહીહ બુખારીમાં હઝરત અનસ બિન માલિકની રિવાયતથી લખવામાં આવી છે. હઝરત અનસથી રિવાયત છે કે જ્યારે લોકો દુકાળમાં સપડાઈ જતા તો હઝરત ઉમર બિન ખત્તાબ, હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબના વસીલાથી વરસાદની દુઆ માંગતા અને કહેતા, હે અલ્લાહ ! અમે અમારા નબીને તારી બારગાહમાં વસીલો બનાવતા હતા તો અમને તું તૃપ્ત કરી દેતો હતો અને હવે અમે અમારા નબીના કાકાને વસીલો બનાવી રહ્યા છીએ તો તું અમોને તૃપ્ત કરી આપ. હઝરત અનસ ફર્માવે છે, એમને ખુશ કરી દેવામાં આવતા.

## ★ હઝરત ઉમર તથા અલીની ફઝીલતમાં હદીષો ★

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ના આ ફર્માનની રોશનીમાં હઝરત ઉમરનું આ કાર્ય દલીલ છે.

ان الله جعل الحق علی لسان یعمر وقبله ''બેશક ! અલ્લાહ

તઆલાએ ઉમરના દિલ અને ઝબાન પર હક્ક઼ રાખ્યું છે.'' આને ઈમામ અહમદ અને તિર્મિઝીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી ઈમામ અહમદ, અબૂ દાઊદ અને હાકિમે હઝરત અબૂઝર رضی اللہ عنہ થી, અબૂ યઅલાએ અને હાકિમે મુસ્તદરકમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી અને તિબ્રાનીએ હઝરત બિલાલ અને મુઆવિયહ رضی اللہ عنہما થી રિવાયત કરી અને તિબ્રાનીએ કબીર અને ઈબ્ને અદીએ કામિલમાં હઝરત ફઝલ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે : **عمر معی و انا مع عمر والحق بعدی مع عمر حیث کان** ''ઉમર મારા સાથે અને હું ઉમર સાથે છું અને હક્ક઼ મારા પછી ઉમરના સાથે હશે જ્યાં તે હશે.''

એ જ રીતે રસૂલુલ્લાહ ﷺ એ હઝરતે અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના માટે ફર્માવ્યું, **وادر الحق معه حیث دار** ''(હે અલ્લાહ !) હક્ક઼ અલીના સાથે રાખ એ જ્યાં જાય.'' આ હદીષ સહીહ છે અને ઘણા અસ્હાબે સુનને રિવાયત કરી છે. તો હઝરત ઉમર અને હઝરત અલી જ્યાં ક્યાંય પણ હશે હક્ક઼ એમના સાથે જ હશે.

આ બંનેવ હદીષો એ દલીલોમાંથી છે જેનાથી અહલે સુન્નત દલીલ કરે છે. ચારેવ ખલીફાની ખિલાફત સહીહ છે. કેમ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પોતાનાથી પહેલાં ત્રણેવ ખલીફાના સાથે હતા અને એમનાથી આપે કોઈ ઈખ્તેલાફ નથી કર્યો અને જ્યારે આપના પાસે ખિલાફત આવી અને આપથી એ લોકોએ ઝઘડો કર્યો જે આપથી પહેલા ખિલાફતના હક્ક઼દાર ન હતા તો એમના સાથે આપે ઝઘડો કર્યો.

હઝરત ઉમરનું હઝરત અબ્બાસને વસીલો બનાવવું (તવસ્સુલ) વસીલાના જાઈઝ હોવા પર દલીલ છે. જેનું બરાબર



رضی اللہ عنہ

હોવું આ હદીષે રસૂલથી સાબિત થાય છે. **لوکان نبی بعدی لکان عمر** ''જો મારા પછી કોઈ નબી હોત તો એ ઉમર હોત.''

## ★ અબૂબક્ર તથા ઉમરની ફઝીલત હદીષમાં ★

ઈમામ અહમદ અને તિર્મિઝી અને હાકિમે મુસ્તદરકમાં ઉકબા બિન આમિર બિન જેહની થી અને તિબ્રાનીએ કબીરમાં ઈસ્મા બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી છે. અને તિબ્રાનીએ કબીરમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

**اقتدوا بالذین من بعدی ابی بکر و عمر فانهما حبل الله الممدود من تمسك بهما فقد تمسك بالعروة الوثقیٰ لا انفصام لها**

''મારા પછી અબૂબક્ર અને ઉમરની પેરવી કરો એ બંનેવ અલ્લાહની મજબૂત રસ્સી છે. જે કોઈએ એ બંનેવને પકડયા એણે ઘણી મજબૂત રસ્સી પકડી જે કોઈ દિવસ ખુલી નહીં શકે !''

હઝરત ઉમર رضی اللہ عنہ એ નબી કરીમ ﷺ ના વસીલાથી નહીં પરંતુ **હઝરત અબ્બાસના વસીલાથી વરસાદ માટે દુઆ માંગી એટલા માટે કે નબી સિવાય બીજાના વસીલાથી વરસાદની દુઆ માંગવું જાઈઝ હોવાનું લોકોને ખબર પડી જાય.** નબીએ કરીમના વસીલાથી વરસાદની દુઆનું જાઈઝ હોવું તો લોકોને ખબર જ હતી પરંતુ એમાં એ શક્ય હતું કે કેટલાક લોકો એવું વિચારવા લાગતા કે નબીના સિવાય બીજાથી એનું જાઈઝ હોવું સાબિત નથી એટલા માટે હઝરત ઉમરે હઝરત અબ્બાસના વસીલાથી આ દુઆ કરીને એનું જાઈઝ હોવું સાબિત કરી દીધું. અને જો રસૂલે અકરમ ﷺ ના જ વસીલાથી આપ એના માટે દુઆ માંગતા તો લોકો એવું સમજતા કે નબી સિવાય

કોઈના વસીલાથી એનું જાઈઝ હોવું સાબિત નથી.

જો કોઈ વિરોધ કરે કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસના વસીલાથી આ દુઆ એટલા માટે માંગી કે આપ જીવતા હતા અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم વફાત પામી ચૂક્યા હતા અને જેની વફાત થઈ ગઈ હોય એનો વસીલો બનાવવો જાઈઝ નથી. એના જવાબમાં અમે કહીશું કે આ બેકાર વિચારવું ઘણી બધી દલીલોથી ખોટુ અને ન સ્વીકારવા લાયક સાબિત થાય છે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની વફાત પછી વસીલો બનાવતા હતા જે રીતે હઝરત ઉષ્માન બિન અફફાનના પાસે આવવાવાળા આંધળા શખ્સના બારામાં હઝરત ઉષ્માન બિન હનીફની રિવાયત આગળ આવી ગઈ. એ જ રીતે હઝરત બિલાલ બિન હર્ષની હદીષમાં રિવાયત છે. અને હઝરત ઉમરથી રિવાયત હઝરત આદમના વસીલાની એક હદીષ આગળ આવી ગઈ જેમાં હઝરત આદમ علیہ السلام એ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને જાહેર રીતે દુનિયામાં તશરીફ લાવતા પહેલાં વસીલો બનાવ્યા. જ્યારે દુનિયામાં (મૌજૂદ) તશરીફ લાવતા પહેલાં (તવસ્સુલ) વસીલાના બાબતે જાતે હઝરત ઉમર ફર્માવી ચૂક્યા છે, તો એ કેવી રીતે શક્ય છે કે એ વફાત પછી (તવસ્સુલ) વસીલાના જાઈઝ અને સહીહ હોવાનો અકીદો ન રાખતા હોય અને રસૂલે ખુદા તો પોતાની કબરમાં જીવતા છે.

એનાથી સાબિત થયું કે **નબીએ કરીમ صلی اللہ علیہ وسلمથી તવસ્સુલ (વસીલો) આપના વજૂદ એટલે દુનિયામાં આવતા પહેલાં આપની જાહેરી જિંદગીમાં અને વફાત પછી હર સમયે જાઈઝ છે.** આપના સિવાય **બુઝુર્ગો અને નેક લોકોનો વસીલો પણ જાઈઝ છે** જે રીતે હઝરત ઉમર رضی اللہ عنہએ વરસાદ માટે



દુઆ કરતા સમયે હઝરત અબ્બાસ رضی اللہ عنہને વસીલો બનાવ્યા.

હઝરત ઉમર رضی اللہ عنہએ તમામ સહાબાએ કિરામમાં હઝરત અબ્બાસને જ એટલા માટે ખાસ કર્યા કે અહલે બૈતે રસૂલનો મર્તબો ખબર પડી જાય અને લોકોને જાણકારી થઈ જાય કે વધારે ફઝીલતવાળાની હાજરીમાં એમનાથી ઓછી ફઝીલતવાળાને વસીલો બનાવવું જાઈઝ છે. કેમ કે હઝરત અલી મૌજૂદ હતા જે હઝરત અબ્બાસથી અફઝલ (વધારે ફઝીલતવાળા) છે.

કેટલાક આરિફો કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના બદલે હઝરત અબ્બાસથી તવસ્સુલ (વસીલો) બનાવવામાં બીજુ એક કારણ પણ છે. હઝરત ઉમર رضی اللہ عنہએ કમજોર ઈમાનવાળાઓ સાથે ઘણી જ મહેરબાનીથી કામ લીધું કેમ કે અગર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના વસીલાથી વરસાદ માટે દુઆ કરવામાં આવત અને અલ્લાહના ચાહવાના કારણે દુઆ ક઼બૂલ થવામાં સમય લાગત તો કમજોર ઈમાનવાળાઓના દિલોમાં વસવસો આવી શક્તો હતો. એનાથી વિરુધ્ધ નબીના સિવાય બીજાથી (તવસ્સુલ) વસીલો કરવામાં એ વાત નથી.

સારાંશ કે મસ્લકે અહલે સુન્નત વ જમાઅતના પ્રમાણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી આપની જિંદગીમાં અને વફાત પછી પણ (વસીલો) જાઈઝ છે જેમ કે આગળ બયાન કરેલ હદીષોથી સાબિત થઈ ચૂક્યું છે.

અહલે સુન્નત વ જમાઅતનો આ અક઼ીદો છે કે (તાસીર) અસર પૈદા કરવો, (તખલીક) પૈદા કરવું, (ઈજાદ) વજૂદ આપવું, (અઅ્દામ) નેસ્તો નાબૂદ કરવું તથા ફાયદા અને નુકસાનનો માલિક અલ્લાહ તઆલા છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلم અથવા એમના સિવાય કોઈ બીજા જીવતા યા મૃત્યુ પામેલા માટે એ (તાસીર) અને નફા તથા નુકસાનનો અક઼ીદો નથી રાખતા.

તો રસૂલુલ્લાહ ﷺ અને બીજા નબીઓ અને રસૂલો અથવા અલ્લાહના વલીના વચ્ચે (તવસ્સુલ) વસીલામાં કોઈ ફરક નથી. એ જ રીતે જીવતા અથવા મૃત્યુ પામેલા હોવાથી પણ કોઈ ફરક નથી પડતો કેમ કે તેઓ કોઈ ચીજ પેદા (સર્જન) નથી કરતા અને ન કોઈ ચીજમાં તેમની કોઈ હક઼ીક઼ી તાસીર હોય છે. બલ્કે વસીલાથી મક઼સદ એ છે કે કેમ કે એ અલ્લાહના મકબૂલ બંદા છે એટલા માટે એમનાથી (બરકત) ફાયદો હાંસલ કરવામાં આવે.

જે લોકો જીવતા અને મૃત્યુ પામેલ વચ્ચે ફરક કરે છે એ બની શકે છે કે જીવતાઓના માટે (તાસીર) અસર કરવું માનતા હોય અને મૃત્યુ પામેલ માટે ન માનતા હોય. જ્યારે કે અમારો અક઼ીદો છે કે અલ્લાહ જ દરેક વસ્તુને પૈદા કરવાવાળો છે, એણે જ તમને અને તમારા અમલને પૈદા કર્યા, એટલા માટે જે લોકો જીવતા અને મૃત્યુ પામેલા વચ્ચે ફરક કરી જીવતાથી (તવસ્સુલ) વસીલાને માને છે, **એઓ જ અલ્લાહના સિવાય બીજા માટે (તાસીર) અસર કરવાનો અક઼ીદો રાખે છે અને એમની તૌહીદમાં શિર્ક સામેલ છે. કેમ કે એ મૃત્યુ પામેલા માટે નહીં પરંતુ જીવતાના માટે તો (તાસીર) માને છે ?! આ માનવા પછી પણ એ કેવી રીતે તૌહીદનો દાવો કરે અને બીજા પર શિર્કનો ફત્વો લગાડે છે ?!** سبحانك هٰذا بهاتان عظيم

વસીલો બનાવવો, સિફારિશ કરવાવાળા બનાવવા, મદદ માંગવી બધાનો એક જ મતલબ છે. એમનો મક઼સદ કેવળ એ છે કે ઈમાનવાળાઓનાં દિલોમાં ખુદાના મેહબૂબ બંદાઓને યાદ કરવાથી ફાયદો થાય, કેમ કે એ જીવતા હોય કે ન હોય એમના વસીલાથી અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર રહમત નાઝિલ



કરે છે. હક઼ીક઼ી અસરકર્તા અને સર્જક અલ્લાહ તબારક વ તઆલા જ છે અને એ અલ્લાહના મહબૂબોને યાદ કરવું એ તાસીરના માટે સબબ છે.

અંબિયાએ કિરામ ક઼બરોમાં જીવતા હોવું અહલે સુન્નત વ જમાઅતના નજીક ઘણી બધી દલીલોથી સાબિત છે. જેવું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

**مررت على موسىٰ ليلة اسرىٰ بى يصلى فى قبره**

"હું મેઅરાજની રાત્રે મૂસા પાસેથી નીકળ્યો તો એ પોતાની ક઼બરમાં નમાઝ પઢી રહ્યા હતા."

ઈબ્રાહીમ પાસેથી નીકળ્યો તો એમણે કહ્યું કે પોતાની ઉમ્મતને મારા સલામ કહી આપશો અને એમને કહેશો કે જન્નતની માટી બહુ સુગંધિત છે, એની જમીન સાફ અને ચોખ્ખી છે અને એનાં વૃક્ષો **سبحان الله والحمدلله ولا اله الا الله والله اكبر** છે. બયતુલ મુક઼દ્દસમાં અંબિયાના ભેગા થવાના વખતે રસૂલુલ્લાહ ﷺએ મેઅરાજની રાત્રે એમની ઈમામત કરી પછી આસમાનોમાં એમના સાથે મુલાકાત થઈ.

એ જ રીતે છે કે નબીએ કરીમ ﷺ પર જ્યારે અલ્લાહ તઆલાએ ૫૦ ટાઈમની નમાઝ ફર્ઝ કરી અને મૂસાએ એમને પાછા (નમાઝ ઓછી કરાવવા માટે) જવાની વિનંતિ કરી તો વારંવાર આવ્યા અને ગયા. આપે એક વખતે ફર્માવ્યું :–

**ان الا نبياء يحجون ويلبون** "અંબિયાએ કિરામ હજ્જ અને તલબિયા કરે છે." આ બધી જ હદીષો સહીહ છે. જેમાં તદ્દન કમી નથી, એટલા માટે વધારે લખવાની જરૂરત નથી.

ક઼ુર્આનની આયતોથી શહીદોની જિંદગી સાબિત છે, અને

અંબિયાએ કિરામ શહીદોથી અફઝલ છે, એટલા માટે એમની જિંદગી એના કરતાં વધારે સાબિત છે અને અંબિયાએ કિરામની જિંદગી દુનિયાની જિંદગી જેવી નથી બલ્કે ફરિશ્તાઓ જેવો એમનો હાલ છે જેમની સિફત (ખૂબી) અને હકીકત અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ. આપણા ઉપર જરૂરી છે કે એમની સિફત અને સ્થિતિ પર બહસ કર્યા વગર એના ઉપર ઈમાન લાવીએ.

એ જિંદગી અને દુનિયાની જિંદગીથી વિસાલ થવા વચ્ચે કોઈ વિરોધાભાસ નથી, કેવળ એટલું થયું કે દુનિયામાં જે જિંદગી હતી એ પૂરી થઈ અને એક બીજી જિંદગી મળી ગઈ. એટલા માટે એ આયતે કરીમામાં બિલકુલ શંકા નથી. انك ميت وانهم ميتون "તમારા માટે પણ મૌત છે. અને એમને પણ મરવાનું છે." એના બારામાં મોટી કિતાબોમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે એટલા માટે અહીં વધારે લખવાની જરૂરત નથી.

## ★ વસીલા સંબંધી વસવસા અને તેનો જવાબ ★

વસીલાથી રોકવાવાળા જો એમ કહે કે કેટલાક લોકોને એવાં વાક્યો બોલતાં જોયા જેનાથી એ વિચાર આવે છે કે એઓ અલ્લાહ સિવાય બીજાના માટે તેઓ ગૈરેખુદાની તાસીરનો અકીદો રાખે છે અને નેક લોકોથી એ જીવતા હોય ત્યારે અને મૃત્યુ પછી એવી વસ્તુ માંગે છે જે સામાન્યતઃ અલ્લાહ ﷻથી જ માંગવામાં આવે છે. અને અલ્લાહના વલીઓથી કહે છે, મારું ફલાણુ, ફલાણુ (અમુક, અમુક) કામ કરી આપશો. અને કેટલાક વખત એવા લોકોને વલી સમજવા લાગે છે જેમનાં અંદર વિલાયત નહીં, પરંતુ વિવિધ જાતની સારી ખરાબ આદતો એમના અંદર



હોય છે. મો'મિન જેવું યકીન તથા અડગતા (મજબૂતી) પણ એમના અંદર હોતી નથી, એવાં એવાં અક્કલોને હેરાન કરવાવાળાં કામો, કરામતો અને એમના માટે એ મર્તબા જેના એ હક્કદાર નથી હોતા એના પ્રતિ તેમને સંબંધિત કરે છે, જેના એ લાયક નથી અને ન તો એમના અંદર કોઈ એવી વાત જોવા મળે છે. વસીલાથી રોકવાવાળા એવા ખયાલને દૂર કરવા માટે એવું કરવાથી રોકે છે, જ્યારે કે એ લોકો જાણે છે કે એ આમ માણસ ખુદા સિવાય કોઈના માટે ફાયદા નુકસાનનો અકીદો નથી રાખતો, એમના તવસ્સુલ (વસીલા)થી કેવળ બરકત પામવું જ મકસદ હોય છે. એ ચીજોને અલ્લાહના વલીઓ તરફ નિસ્બત તો કરે છે પરંતુ એમાં તાસીરનો અકીદો નથી રાખતા.

એવા લોકોથી અમે જવાબમાં કહીશું કે જ્યારે એવા ઝરીયાઓનો તેઓ દરવાજો બંધ કરવા માંગે છે તો આ ઉમ્મતના ખાસ અને આમ માણસોને કાફિર કેમ કહે છે ? અને તવસ્સુલ (વસીલા)થી સદંતર મનાઈ કેમ કરે છે ? કામ તો કેવળ એ કરવાનું છે કે લોકોને એવાં વાક્યો બોલતાં રોકવામાં આવે જેનાથી અલ્લાહ સિવાય બીજા માટે તાસીરનો ખયાલ આવે. અને એ લોકોને વસીલાના તરીકાથી ખબરદાર કરવા જોઈએ.

અને જ્યારે એવા શંકાસ્પદ શબ્દોનો મજાઝી અર્થ થઈ શકે છે તો મુસલમાનોને કાફિર કહેવાની શું જરૂરત છે ? આ મજાઝ એ મજાઝે અકલી છે જે ઈલ્મવાળાઓ વચ્ચે રિવાજ પામેલ તથા મશહૂર પણ છે અને બધા જ મુસલમાન એને વાપરે છે અને કુર્આન અને હદીષમાં પણ વર્ણન થયેલ છે.

મજાઝે અકલીનાં આ દૃષ્ટાંતો છે :–

આ ખાવાએ મારું પેટ ભર્યું, આ પાણીએ મારી તરસ છુપાવી,

પેલી દવાથી મને સારું થયું, એ ડાકટરે મને ફાયદો પહોંચાડયો, આ તમામ વાક્યો અહલે સુન્નતમાં મજાઝે અક્લી પર ગણવામાં આવે છે. કેમ કે ખાવાથી ભૂખ ખતમ નથી થતી બલ્કે ભૂખ ખતમ કરવાવાળો તો હક઼ીક઼તમાં અલ્લાહ તઆલા છે, આ ખાવા તો કેવળ ઝરીયો છે, અસરકર્તા નથી. એ જ રીતે અન્ય દાખલા પણ છે.

જયારે તૌહીદનો ઈકરાર કરવાવાળો મુસલમાન કોઈ ચીજની એવી જાત તરફ નિસ્બત કરે જેના તરફ એ હક઼ીક઼તમાં નિસ્બત નથી હોતી તો એને મજાઝે અક્લી સમજવું જરૂરી છે અને ઈસ્લામ અને તૌહીદ એ માટે દલીલ છે જેવું કે મતલબ બયાન કરવાવાળા આલિમોએ પોતાની કિતાબોમાં વિસ્તારપૂર્વક એનું બયાન કર્યું છે. અને એના પર જ એમનો ઈજમાઅ છે.

બિલકુલ વસીલાથી રોકવાનું કોઈ કારણ નથી કેમ કે આ સહીહ હદીષોથી સાબિત છે અને નબીએ કરીમ ﷺ અને બીજા બુઝુર્ગોએ પણ એના ઉપર અમલ કર્યો છે.

કેટલાક વસીલાનો ઈન્કાર કરવાવાળા એને હરામ માને છે અને કેટલાક કુફ્ર અને શિર્ક કહે છે જે તદ્દન ખોટુ અને બાતિલ છે. કેમ કે એવું માની લેવામાં આવે તો એ નતીજો નીકળે છે કે આ ઉમ્મતના વધારે પડતા લોકો ગુમરાહ થઈ ગયા છે જયારે કે જે શખ્સ પણ સહાબાએ કિરામના કલામ અને મોટા આલિમોના કલામનો અભ્યાસ કરશે તો એને ખબર પડી જશે કે મોટા ભાગે એ બુઝુર્ગોએ બલ્કે દરેક ઈમાનવાળાએ વસીલા પર અમલ કર્યો છે અને ઉમ્મતની બહુમતિની એકમતિ હરામ કે કુફ્ર પર ભેગી નથી થઈ શક્તી. કેમ કે રસૂલે કરીમ ઈર્શાદ ફર્માવે છે : لا تجتمع امتی علی ضلالۃ "મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી નહીં થાય." કેટલાક મુહદ્દિષો ફર્માવે છે કે આ હદીષ મુતવાતિર છે.



અલ્લાહનું ફર્માન : كنتم خير امة اخرجت للناس "તમે એ બધી જ ઉમ્મતોથી સારા છે જે લોકોમાં આવ્યા." તો બધી જ ઉમ્મતોથી બેહતર ઉમ્મતના બધા જ લોકો અથવા વધારે પડતા લોકો કેવી રીતે ગુમરાહી પર ભેગા થઈ શકે છે ?!

આ ઈન્કાર કરવાવાળા જયારે એવી વસ્તુનો દરવાજો બંધ કરવા માંગે છે અને એવા વાક્યોથી લોકોને બચાવવા માંગે છે જેનાથી ખુદા સિવાય બીજાના માટે તાસીરનો ખયાલ દિલમાં આવે છે. તો બિલકુલ વસીલાથી રોકવું અને અલ્લાહના સિવાય કોઈની તાસીરના માનવાવાળા મુસલમાનોને કાફિર કહેવાની જગ્યાએ એમને એ કહેવું જોઈએ કે વસીલાના તરીકાનો અદબ રાખવામાં આવે અને એવી વાતો ન બોલવામાં આવે જેનાથી વહેમ પેદા થાય. પરંતુ (વસીલો) માંગવાવાળો આ રીતે કહે, હે અલ્લાહ ! હું તારા નબી ﷺ અને એમનાથી પહેલાંના બધા જ અંબિયાએ કિરામ અને નેક બંદાઓના વસીલાથી તારાથી દુઆ કરું છું તું મારું ફલાણુ, ફલાણુ કામ પૂરુ કરી દે.

એ વિચારો જેનાથી વસીલાનો ઈન્કાર કરવાવાળા દલીલ કરે છે એમાંથી એક આ અલ્લાહનો ઈર્શાદ છે :–

لاتجعلوا دعاء الرسول بينكم كدعاء بعضكم بعضا "રસૂલને એ રીતે ન બોલાવો જે રીતે તમે પોતાના અંદર એકબીજાને બોલાવો છો."

આ હુકમ પર વિચાર કરીને ખુદા સિવાય દાખલા તરીકે અંબિયા, સાલેહીનથી એ ચીજો ન માંગવી જોઈએ જે સામાન્યતઃ અલ્લાહથી જ માંગવામાં આવે છે જેથી (ખાલિક઼) પેદા કરવાવાળો તથા મખ્લૂક઼ (જેને પૈદા કરવામાં આવી) એમના વચ્ચે જાહેરી રીતે પણ બરાબરી ન થઈ શકે. જો કે અલ્લાહ

તઆલાથી એટલા માટે માંગવા અને તલબ કરવામાં આવે છે કે એ (મૌજૂદ) વજૂદ આપવાવાળો છે અને ગૈર ખુદાની હૈસિયત સબબ અને ઝરીયા પૂરતી છે, પરંતુ એમના પાસે માંગવાથી કોઈ વખત ખુદાના સિવાય બીજાના (ગૈર ખુદાથી) માટે (તાસીર) અસર કરવાવાળો ખયાલ દિમાગમાં આવે છે એટલા માટે વહેમને દૂર કરવા માટે આ માંગવું મના છે.

એનો જવાબ એ છે કે જ્યારે ખુદા સિવાય બીજા કોઈથી કોઈ વસ્તુ માંગવી બિલકુલ વસીલાથી રોકવા બરાબર નથી અને જ્યારે મુવહ્હિદ (મુસલમાન) આ કામ કરે તો એને આ કામથી નથી રોકી શકાતો અને મુવહ્હિદના એ માંગવાને મજાઝે અક્લી કહેવામાં આવશે, એટલા માટે એના શિર્ક યા હરામ હોવાનું કોઈ કારણ નથી. અગર એવું કહેતા કે વસીલો તો જાઈઝ છે પરંતુ આવું કરવું અદબના વિરુધ્ધ છે. અને એ શર્ત રાખત કે ગુમાન (શક) ઉત્પન્ન કરવાવાળા શબ્દોથી બચવું અને વસીલાના તરીકાનો ખયાલ કરવામાં આવે તો જાઈઝ છે. એવી હાલતમાં એમની વાત થોડી ધ્યાન આપવા લાયક હોત, પરંતુ બિલકુલ વસીલાથી રોકવાનું કોઈ કારણ અને કોઈ જાઈઝની સ્થિતિ નથી.

અલ્લામા ઈબ્ને હજર જૌહરે મનઝ્ઝમમાં ફર્માવે છે, વસીલો ચાહે તવસ્સુલના શબ્દથી હોય કે શફાઅત કરાવવાથી કે મદદ માંગવાથી કે ધ્યાન કરવાથી, પણ એમના વચ્ચે મતલબના રીતે કોઈ તફાવત નથી. તવજ્જુહ (ધ્યાન કરવું) "જાહ"થી બન્યું છે (ઊંચી પદવીવાળો). અમુક વખતે ઊંચી પદવીવાળાને એનાથી ઊંચી પદવીવાળા સુધી પહોંચવા માટે વસીલો બનાવવામાં આવે છે. અને ઈસ્તેગાસાનો મતલબ મદદ માંગવું છે, મુસ્તગ઼ીસ એટલે મદદ માંગવાવાળો મુસ્તગ઼ાસબિહી જેનાથી મદદ માંગવામાં આવે



એનાથી એ ઉમ્મીદ રાખે છે કે એને બીજાના ઝરીયાથી કાંઈક મદદ મળી જાય, ભલે એ જાતે એનાથી બુલંદ મર્તબાવાળો હોય.

રસૂલે અકરમ ﷺ અથવા બીજા કોઈની મદદ માંગવી અને ધ્યાન લગાવવાથી મુસલમાનોનાં દિલોમાં એ જ મતલબ છે કે હક઼ીક઼તમાં અલ્લાહથી જ મદદ માંગવામાં આવે અને મજાઝરૂપે બીજા કોઈને ઝરીયો બનાવવામાં આવે.

કોઈપણ મુસલમાનના દિલમાં એના સિવાય બીજો કોઈ ખયાલ હોતો નથી, અને જેનું દિલ આ વાત ન માને, એના દિલના દરવાજા ન ખુલે તો એણે પોતાના ઉપર અફસોસ કરવો જોઈએ.

હક઼ીક઼તમાં જેનાથી મદદ માંગવામાં આવે એ અલ્લાહની જાત છે. અને એની મદદ પૈદા કરવું છે, નબીએ કરીમ ﷺ એક ઝરીયો (વસીલો) અને આપનાથી મદદ માંગવી મજાઝના રીતે છે અને આપની મદદ માંગવી મજાઝના રીતે છે અને આપની મદદ ઝરીયાની જેમ છે. કેમ કે આપ અલ્લાહની બારગાહમાં બધા મુસલમાનો માટે શફાઅત કરવાવાળા છે અને ખુદાની બારગાહમાં આપનો મર્તબો ઘણો ઊંચો છે.

આ તદ્દન એ જ રીતે છે જે રીતે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું : ومارميت اذ رميت ولكن الله رمىٰ "જ્યારે તમે (માટી કે કાંકરી) નાખી તો તમે નહીં પરંતુ અલ્લાહ તઆલાએ નાખી." *(સૂ. અન્ફાલ, ૧૭)*

એટલે તેને નાંખવાનો ઝરીયો બન્યા અને અલ્લાહ તઆલાએ ખલ્ક઼ તથા ઈજાદ (સર્જન)ના રૂપે ફેંકી.

ઉપર લખેલી આયત પહેલાં ફર્માવ્યું :–

**فلم تقتلوهم، ولٰكن الله قتلهم** "તમે નહીં પરંતુ અલ્લાહે એમને કત્લ કર્યું." *(સૂ. અન્ફાલ, ૧૭)*

રસૂલુલ્લાહ ﷺએ એક વખત ફર્માવ્યું :–

وماانا حملتكم ولكن الله حملكم ''મેં નહીં પરંતુ અલ્લાહે તમોને સવાર કર્યા.''

મોટા ભાગે એવું બને છે કે હદીષ હક઼ીક઼ત વર્ણન કરવા માટે આવે છે અને કુર્આન કોઈ કામ કરવાવાળા તરફ એ કામને મજાઝની રીતે સંબંધિત કરી આપે છે.

દા.ત. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

ادخلوا الجنة بما كنتم تعملون ''પોતાના કામોના બદલામાં જન્નતમાં પ્રવેશી જાવ.'' *(નહલ–૩૨)*

અને રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

احدكم الجنة بعمله ''તમારામાંથી કોઈ પોતાના કામોના બદલામાં જન્નતમાં નહીં પ્રવેશી શકે.''

ઉપર જણાવેલ આયતમાં આદત પ્રમાણેના સબબનું બયાન છે અને હદીષમાં હક઼ીક઼ી સબબનું એટલે કે અલ્લાહના ફઝ઼લનું બયાન છે. બધી જ વાતોનો નિચોડ એ છે કે જ્યારે કોશિશરૂપે મદદ માંગવામાં આવે તો એના પર મદદ માંગવાનો શબ્દ જ બોલવાનો હુકમ બધાને ખબર છે. અને એમાં શરીઅતની દષ્ટિએ કે બોલીની (શબ્દોની) દષ્ટિએ કોઈ શંકા નથી જોવા મળતી اغثنی یا الله ''હે અલ્લાહ ! મારી મદદ કર.''

જ્યારે કહેવામાં આવશે તો પૈદાઈશની દષ્ટિએ અલ્લાહની તરફ નિસ્બત કરવી એ હક઼ીક઼ી ગણાશે અને જ્યારે ''અગિષ્ની યા રસૂલલ્લાહ !'' એટલે કે યા રસૂલુલ્લાહ ﷺ ! મારી મદદ કરો ! કહેવામાં આવશે તો વસીલા તથા સિફારિશની દષ્ટિએ નિસ્બત ગણવામાં આવશે.



અઈમ્માએ મુજતહેદીન (મુજતહિદ ઈમામો) અને મોટા મોટા આલિમોની કિતાબો જોવામાં આવે તો આ રીતના દષ્ટાંતો મળશે બલ્કે સહીહ હદીષોમાં આ પ્રકારની અગણિત વાતો મળશે. જેમ કે સહીહ બુખારીમાં ક઼િયામત તથા હિસાબના પ્રકરણ مبحث الحشر و وقوف الناس للحساب يوم القيٰمة (ક઼િયામત તથા હિસાબ કિતાબના પ્રકરણ) હેઠળ છે :–

بينما هى كذالك استغاثوا بآدم ثم بموسیٰ ثم بمحمد صلى الله عليه وسلم

''લોકો એ જ હાલમાં આદમથી પછી મૂસાથી પછી મુહમ્મદ ﷺથી મદદ માંગશે.'' રસૂલનું ફર્માન استغاثوا بآدم પર વિચારો, જેમાં હઝરત આદમથી મજાઝી મદદ માંગવું છે, કેમ કે હક઼ીક઼તમાં જેનાથી મદદ માંગવામાં આવે છે એ અલ્લાહ તઆલાની જાત છે.

રસૂલુલ્લાહ ﷺથી સહીહ રિવાયતમાં છે, જે શખ્સને મદદ જોઈતી હોય એ કહે : ياعباد الله ! عينونى (وفى رواية اغيثونى) ''હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો !''

કારૂનના વાકેઆની હદીષમાં છે : '' જ્યારે એ જમીનમાં ધસવા લાગ્યો તો મૂસા عليه السلامથી એણે મદદ માંગી તો એમણે એની કોઈ જ મદદ ન કરી અને કહ્યું, ''હે જમીન ! એને પકડી લે !'' એ મદદ ન કરવા પર અલ્લાહે મૂસાને એતાબ કર્યો અને ફર્માવ્યું, કારૂને તમારાથી મદદ માંગી અને તમે એની મદદ ન કરી ! જો એ મારાથી મદદ માંગતો તો હું એની મદદ કરત.

આ હદીષમાં મદદ કરવાની નિસ્બત અલ્લાહ તઆલાના તરફ હક઼ીક઼ી નિસ્બત છે અને હઝરત મૂસા તરફ મજાઝી નિસ્બત છે.

તવસ્સુલનો (વસીલાનો) મતલબ દુઆ માંગવી પણ છે, કેમ કે આપ સરકાર ﷺ પોતાની કબરમાં (જીવતા) હયાત છે, જે પણ એમનાથી મદદ માંગે એને જાણે છે. એ વિશે બિલાલ બિન હર્ષ رضی اللہ عنہની હદીષ ઉપર આવી ચૂકી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, હુઝૂર ﷺની કબર પાસે હાજર થયા અને વિનંતિ કરી કે, "યા રસૂલલ્લાહ ! ﷺ તમારી ઉમ્મત માટે વરસાદની દુઆ કરો !"

આથી ખબર પડી કે જિંદગીની જેમ જ વફાત પછી પણ જરૂરતોને પૂરી કરવા માટે આપનાથી દુઆની વિનંતિ કરવામાં આવતી હતી, કેમ કે એ વખતે પણ હુઝૂર માંગવાવાળાની જરૂરતને જાણે છે અને અલ્લાહની બારગાહમાં શફાઅત અને દુઆ અને જરૂરતને પૂરી કરવાનો ઝરીયો બને છે. **દુનિયામાં આવતા પહેલાં પોતાની જિંદગીમાં અને જાહેરી હયાતથી વફાત પછી દરેક વખતે સારી વસ્તુ માંગવા માટ આપને વસીલો બનાવવામાં આવ્યા છે, એ જ રીતે કયામતના દિવસે આપને શફાઅતની વિનંતિ કરવામાં આવશે તો આપ પોતાના રબ પાસે પોતાની ઉમ્મતની શફાઅત ફર્માવશે.** વસીલાથી રોકવાવાળાના પ્રગટ થતા પહેલાં જ **વસીલો જાઈઝ હોવા પર ઉમ્મતનો ઈજમાઅ** થઈ ચૂક્યો છે. અલ્લાહ તઆલાએ આપને ઘણુ જ આપ્યું છે અને એની બારગાહમાં આપની ઈજ્જત અને મર્તબો ઘણો જ ઊંચો છે.

વસીલાથી રોકવાવાળા ભલાઈ અને બરકતથી કોરા અને ખાલી રહી ગયા છે. વસીલા અને ઝિયારતથી રોકવાને તૌહીદની હિફાઝત અને આ બંનેવ કામોને શિર્ક કરવાનો ઝરીયો સમજવું બાતિલ અને બુરા વિચારો છે. શરીઅતના ઉસૂલોનો લેહાઝ રાખીને કોઈને વસીલો બનાવવામાં આવે અને ઝિયારત કરવામાં



આવે તો બિલકુલ શિર્ક નથી કહી શકતા. **જે શખ્સ એને હરામ અને શિર્ક કરવાનો ઝરીયો સમજીને રોકે એ અલ્લાહ અને રસૂલ પર તોહમત (આક્ષેપ) મૂકી રહ્યો છે.**

એ વસીલા અને ઝિયારતનો ઈન્કાર કરવાવાળાની નજીક રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ જાઈઝ નથી એટલા માટે જ જે આદમી રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ કરે છે તેના ઉપર કુફ્ર અને શિર્કનો ફતવો લગાડે છે પરંતુ આ એકદમ ખોટી વાત છે, કેમ કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં પોતાના રસૂલ ﷺની અઝમત બયાન ફર્માવી છે અને જેની તા'ઝીમનો એ હુકમ આપે એની તા'ઝીમ કરવી આપણા માટે વાજિબ છે.

**دع ما ادعته النصارىٰ فی نبیهم۔ واحکم بماشئت مدحافیه واحتکم**

"નસારાએ પોતાના નબી માટે જે (ખુદા તથા ખુદાના પુત્ર હોવાના) દાવા કર્યા એને છોડીને તમે રસૂલે અરબીના માટે જે ચાહો એવું કહો." અલ્લાહની કોઈ સિફત માન્યા વગર નબીએ કરીમ ﷺની તા'ઝીમ કોઈ પણ પ્રકારે કુફ્ર અને શિર્ક નથી પરંતુ આ તો ઈતાઅત અને ફર્માબરદારી છે. અને બીજા અંબિયા અને રસૂલો علیہم السلام અને ફરિશ્તાઓ, સિદીકો, શહીદો અને નેક લોકો જેમની અલ્લાહ તઆલાએ અઝમત બયાન ફર્માવી છે એમની તા'ઝીમનો મામલો પણ એ જ પ્રમાણે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **ومن یعظم شعآئر الله فانهامن تقوی القلوب** "અને જે અલ્લાહની નિશાનીઓની ઈજ્જત કરે તો એ તો દિલની પરહેઝગારીથી છે." *(સૂ. હજ્જ–૩૦)*

અને ફર્માવ્યું : **ومن یعظم حرمٰت الله فهو خیر له عند ربه** "અને જે અલ્લાહની હુરમતોની તા'ઝીમ કરે તો એ એના માટે

એના રબની પાસે બેહતર છે.'' *(સૂ. હજ્જ–૩૦)*

મીલાદુન્નબી ﷺની રાત્રે ખુશી દર્શાવવી, મીલાદ શરીફ પઢવી, વિલાદતના ઝિક્ર વખતે ઉભા રહેવું, ખાવા ખવડાવવું અને બીજા સારાં કામો જે કરવામાં આવે છે એ બધું તા'ઝીમે રસૂલ ﷺમાં સામેલ છે.

મીલાદના મસ્અલા પર અલગથી કિતાબો મૌજૂદ છે, ઘણા ઓલમાએ કિરામની દલીલોથી ભરેલી કિતાબો પછી વિસ્તારપૂર્વક ચર્ચા કરવાની જરૂરત નથી. કા'બા શરીફ, હજરે અસ્વદ, મકામે ઈબ્રાહીમ હુર્મતવાળી જગાઓ અને અલ્લાહની નિશાનીઓ છે, અને દરેક નિશાની પથ્થર છે પરંતુ અલ્લાહે એમની તા'ઝીમનો હુકમ આપ્યો છે કે કા'બા શરીફનો તવાફ કરી રુકને યમાનીને સ્પર્શીએ, હજરે અસ્વદને ચૂમીએ, મકામે ઈબ્રાહીમના પાસે નમાઝ પઢીએ અને મુસ્તજાર તથા કા'બાના દરવાજા તથા મુલ્તઝિમ અને મીઝાબે રહમતની નજીક ઉભા રહી દુઆ કરીએ જે રીતે કે પૂર્વજ બુઝુર્ગો કરતા આવ્યા છે. એમનો મક્સદ અલ્લાહની ઈબાદત સિવાય કંઈ ન હતો, એ અલ્લાહ સિવાય બીજાના માટે તાસીર અને એમાં ફાયદા અને નુકસાનનો કોઈ અક઼ીદો રાખતા ન હતા કેમ કે આ વસ્તુઓ તો કેવળ અલ્લાહના માટે જ સાબિત છે.

બધી વાતોનો સારાંશ એ કે અહીં બે વાતો છે : એક તા'ઝીમે રસૂલનું વાજિબ હોવું અને બધી મખ્લૂક કરતાં ઉચ્ચ તથા વધારે મર્તબાવાળા સમજવા, અને બીજુ અલ્લાહના એક હોવામાં અને પોતાની જાત, સિફાત અને અફઆલમાં એક અને બેમિસાલ હોવાનો અક઼ીદો રાખવો.

જે શખ્સ પણ અલ્લાહની સિફતોમાં બીજાને સામેલ કરે એ



એવી જ રીતે મુશ્રિક છે જે રીતે એ મુશ્રિક જેમનો અક઼ીદો છે કે મૂર્તિઓ પૂજવાને લાયક છે.

અને રસૂલુલ્લાહ ﷺની ઈજ્જત અને ઊંચા મર્તબાને ઘટાડવો કુફ્ર છે. આપનામાં કોઈપણ અલ્લાહની સિફત માન્યા વગર આપની ઘણી જ ઈજ્જત તારીફ અને ખૂબીઓ બયાન કરવી બિલકુલ બરાબર છે. એમાં જ અલ્લાહની શાન અને અઝમતની હિફાઝત છે અને કોઈ વધારો કે ઘટાડો નથી.

ઈમાનવાળાઓની વાતોમાં અલ્લાહના સિવાય બીજાની તરફ કોઈ વસ્તુની નિસ્બત કરવામાં આવે તો એને મજાઝે અક઼લી સમજવું જરૂરી છે અને આ વસ્તુને લઈને કોઈ મુસલમાનને કાફિર કહેવાનું કોઈ કારણ નથી, કેમ કે મજાઝે અક઼લી તો કુર્આનમાં પણ બયાન કરવામાં આવ્યું છે :–

**واذا تليت عليهم ايتيه زادتهم ايمانا** ''જયારે એમના પર એની આયતો પઢવામાં આવે તો એમના ઈમાનમાં વધારો થાય.'' *(સૂ. અન્ફાલ, ૨)* આયતના માટે વધારાની નિસ્બત મજાઝે અક઼લી છે અને આ વધારા માટે એક સબબ અને ઝરીયો છે. કેમ કે હક઼ીક઼તમાં ઈમાન વધારનારો તો અલ્લાહ તઆલા છે.

અને ફર્માવે છે :–

**يوما يجعل الولدان شيبا** ''જે દિવસ બાળકોને વૃદ્ધ બનાવી દે.'' *(મુઝમ્મિલ–૧૭)* વૃદ્ધ કરવાની નિસ્બત દિવસના તરફ મજાઝે અક઼લી છે. કેમ કે એમને વૃદ્ધ બનાવવાની કેપેસીટી ધરાવે છે, પરંતુ હક઼ીક઼તમાં વૃદ્ધ કરવાવાળો અલ્લાહ તઆલા છે.

એ જ રીતે ફર્માવે છે :–

**ولا يغوثويعوق ونسرا وقد اضلوا كثيرا** ''અને ન યગૂષ, યઊક઼ અને નસરને, એમણે ઘણા લોકોને ગુમરાહ કર્યા.'' *(નૂહ–૨૩)*

એમાં ગુમરાહ કરવાની નિસ્બત મૂર્તિઓના તરફ મજાઝે અક઼લી છે, કેમ કે એ ગુમરાહીનો સબબ અને ઝરીયો છે. અને હિદાયત અને ગુમરાહી હક઼ીક઼તમાં અલ્લાહ તઆલાના દસ્તે કુદરતમાં છે.

ફિરઔનના માટે ફર્માવ્યું :–

**یاهامان ابن لی صرحا** "હે હામાન ! મારા માટે ઊંચો મહેલ બનાવ." *(મુ'મિન–૩૬)* એ આયતમાં પણ બનાવવાની નિસ્બત હામાનના તરફ મજાઝે અક઼લી છે, કેમ કે એ ઝરીયો અને હુકમ આપવાવાળો છે, બનાવવાનો એ હુકમ આપશે, જાતે નહીં બનાવે પરંતુ બનાવવાવાળા કારીગરો છે.

હદીષમાં પણ મજાઝે અક઼લીના ઘણા દાખલાઓ છે જેને ઈલ્મવાળા જાણે છે. ઉપર આવેલી હદીષ **بیناهم کذلك استاثوا بادم** માં આદમ علیہ السلامથી મદદ માંગી મજાઝી છે અને મદદ કરવાવાળો હક઼ીક઼તમાં અલ્લાહ તઆલા છે.

અરબી બોલીમાં તો મજાઝે અક઼લીનો ઘણો જ વપરાશ છે. દા.ત. **انبت الربیع البقل** "વસંત ઋતુએ હરીયાળી પૈદા કરી." એમાં પૈદા કરવાની નિસ્બત વસંતના તરફ છે, જ્યારે હક઼ીક઼તમાં અલ્લાહ તઆલા હરીયાળી પૈદા કરે છે. વસંતના તરફ પૈદા કરવાની નિસ્બત મજાઝે અક઼લી છે.

એટલા માટે જ્યારે કોઈ મુસલમાન બોલે : **نفعنی النبی صلی الله علیه وسلم او اغاثنی اونحو ذالك** "મને નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ પહોંચાડયો, અથવા મદદ કરી." તો એનાથી મજાઝી નિસ્બત સમજવામાં આવશે. મજાઝી નિસ્બત હોવા પર દલીલ એ છે કે એ મુસલમાન અલ્લાહની તૌહીદને



માને છે અને અને ગૈરુલ્લાહની તાસીરનો અક઼ીદો નથી રાખતો.

આવી નિસ્બતો કરવાને શિર્ક કહેવું કેવળ જહાલત છે. તૌહીદનો અક઼ીદો રાખવાવાળા મુસલમાનોને ધોકામાં નાખવું છે.

ઓલમાએ કિરામનો એના ઉપર ઈત્તેફ઼ાક (એકમતિ) છે કે જ્યારે કોઈ તૌહીદને માનવાવાળો આવી નિસ્બત કરતો એને મજાઝી નિસ્બત માનવામાં આવશે અને મજાઝી નિસ્બત હોવા પર દલીલ માટે એટલું જ પૂરતુ છે કે અલ્લાહ તઆલાની વહદાનિયતને માને છે. કેમ કે સાચો અક઼ીદો તો અહલે સુન્નત વ જમાઅતનો છે કે, એમનો અક઼ીદો છે કે બધા જ સર્વ બંદાઓ અને અફઆલ (કાર્યો)નો પૈદા કરવાવાળો અલ્લાહ છે. એના સિવાય કોઈ જીવતા યા મૃત્યુ પામેલામાં કોઈ તાસીર નથી. આ જ અક઼ીદો સાચી તૌહીદનો છે એને છોડીને જે અક઼ીદો રાખે એ મુશ્રિક છે.

વસીલાથી રોકવાવાળા જીવતા અને મૃત્યુ પામેલા વચ્ચે ભેદભાવ કરે છે ! એનાથી એમનો એ અક઼ીદો સમજમાં આવે છે કે જીવતા તો અમુક વસ્તુ પર કુદરત ધરાવે છે અને મૃત્યુ પામેલાને આ કુદરત નથી એટલે કે એ બંદાઓને પોતાના અફઆલોને જાતે જ પૈદા કરવાવાળા સમજે છે, જે ખોટો અને બેકાર વિચાર છે. એમના આ અક઼ીદાની દલીલ એ છે કે એ સમજે છે કે જ્યારે જીવતાઓને બોલાવવામાં આવે અને એમનાથી એવી વસ્તુ માંગવામાં આવે જેના પર કુદરત ધરાવે છે તો એમાં કોઈ વાંધો કે નુકસાન નથી, પરંતુ મૃત્યુ પામેલો કોઈ વસ્તુની શક્તિ જ નથી રાખતો.

અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે જીવતો કે મૃત્યુ પામેલો કોઈ વસ્તુની કુદરત નથી ધરાવતો, હક઼ીક઼તમાં કુદરતવાળો

કેવળ અલ્લાહ તઆલા છે. જીવતા હોવાની હૈસિયતથી બંદાને કેવળ જાહેરી શક્તિ અને નબીએ કરીમ ﷺ અને બીજા સારા લોકોનાં નામ અને એમની શફાઅતથી બરકત પામવાની હૈસિયતથી છુપી શક્તિ પ્રાપ્ત છે. બંદા અને એનાં કામોનો ખાલિક઼ કેવળ અલ્લાહ તઆલા છે.

વસીલાના સહીહ હોવા પર ઘણી દલીલો લખાઈ ચૂકી પરંતુ કેટલીક બીજી દલીલો આપવામાં આવે તો કોઈ વાંધો નથી. અલ્લામા સૈયદ સમહૂદી પોતાની કિતાબ ''ખુલાસતુલ વફા''માં ફર્માવે છે :–

## ★ વસીલા વિશે એક અધિક હદીષ ★

નબીએ કરીમ ﷺની વફાત પછી વસીલાના સહીહ હોવા પર એક દલીલ એ હદીષ છે જેને દારમીએ પોતાની સહીહમાં અબુલ જવઝાઅથી રિવાયત કરી છે. એમણે કહ્યું, મદીના શરીફના લોકો ઘણા જ સૂકા દુકાળમાં સપડાયા તો એમણે હઝરત આઈશા رضی اللہ عنہاથી એની ફરિયાદ કરી. આપે ફર્માવ્યું, હુઝૂર ﷺની ક઼બરને જોઈને ઉપર એક એવી જગા બનાવો કે ક઼બ્ર અને આકાશના વચ્ચે કોઈ છત ન રહે, જેથી એમણે એવું જ કર્યું. હરીયાળી ઉગી નીકળી અને ઊંટો પર ચરબી વધી ગઈ અને એ વર્ષનું નામ જ ''આમ્મુલ ફક઼ક઼'' પડી ગયું.

અલ્લામા મુરાગ઼ી કહે છે કે દુકાળના વખતે રસૂલે પાક ﷺની ક઼બ્ર ઉપર જગા ખુલ્લી બનાવવી અરબના લોકોની આદત બની ગઈ છે. હુજરાએ મુતહ્હરાના કુબ્બાની નીચે પ્રકાશ માટે ખુલ્લી જગ્યા બનાવી આપે છે, ભલે મઝાર મુબારક અને આસમાનના વચ્ચે છત રહી જાય.

સૈયદ સમહૂદી અલ્લામા મુરાગ઼ીની આ વાત લખ્યા પછી



કહે છે, આજે પણ મદીના શરીફના લોકો ચહેરાએ મુબારકના સામે જે દરવાજો છે એને ખોલી નાખે છે જેનાથી મતલબ કેવળ એ જ હોય છે કે અલ્લાહ તઆલાની બારગાહમાં આપની ઘણી જ ઈજ્જત અને ઊંચો મર્તબો છે, એટલે અલ્લાહ તઆલાની બારગાહમાં આપને વસીલો અને સિફારિશી બનાવવામાં આવે.

''ખુલાસતુલ વફા''માં આપ એ પણ કહે છે કે નબીએ કરીમ ﷺ અને આપના બુલંદ મર્તબાને વસીલો અને સિફારિશ બનાવવું અંબિયાએ કિરામ, રસૂલો અને પહેલાના નેક લોકોની સુન્નત છે.

ચારેવ મઝહબના ઘણા આલિમો અને મનાસિકની કિતાબોમાં લખેલ છે : નબીએ કરીમ ﷺની ઝિયારતમાં સુન્નત એ છે કે પોતાના ગુનાહોથી તૌબા અને જરૂરતોને પૂરી કરવા માટે **આપના મઝાર શરીફની તરફ મોઢું કરીને અલ્લાહની બારગાહમાં આપને વસીલો બનાવે અને શફાઅતની દુઆ માંગે.**

## ★ અઅ્‌રાબીની બખ્શિશનો વાક઼્યો ★

ઉતબી અને સુફિયાન બિન અયય્‌ના જે ઈમામ શાફઈના મશાઈખમાં છે એમના થકી ઘણી જ સારી સારી રિવાયતો નકલ કરવામાં આવી છે. ઉતબીએ કહ્યું, હું હુઝૂરના મઝાર શરીફ પાસે બેઠલો હતો એક એઅ્‌રાબીએ આવીને કહ્યું, السلام عليك يا رسول الله ! મેં અલ્લાહ તઆલાનું આ ફર્માન સાંભળ્યું છે :–

**ولو انهم اذظلموا انفسهم جاؤك فاستغفرو الله واستغفر لهم**
**الرسول لوجدو الله توابا رحيما**

''અને જ્યારે એ પોતાની જાન પર જુલ્મ કરે તો તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને રસૂલ એમના માટે

શફાઅત કરે તો જરૂર અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામશે.'' *(સૂ. નિસાઅ્-૬૪)*

હું પોતાના ગુનાહોથી તૌબા કરવા અને પોતાના રબની બારગાહમાં આપને સિફારિશી બનાવવા માટે હાજર થયો છું. અને એક રિવાયતમાં છે, પોતાના રબથી પોતાના ગુનાહોની માફી માંગવા હાજર થયો છું, પછી રડીને પઢવા લાગ્યા :-

**یاخیر من دفنت بالقاع اعظمه　فطاب من طیبهن القاع والاکم**

**نفسی الفداء لقبر انت ساکنه　فیه العفاف وفیه الجود والکرم**

''હે બધા જ લોકોથી બેહતર ! જેમનાં હાડકાં વિરાનમાં દફન કરવામાં આવ્યાં તો એની સુગંધથી વિરાના અને પહાડ સુગંધવાળા થઈ ગયા. એ કબ્ર પર મારી જાન નિછાવર છે જેમાં આપ આરામ ફર્માવી રહ્યા છે, એમાં જ પાક જાત અને સખાવત અને મહેરબાનીનો સમંદર છે.''

ઉતબી કહે છે કે એઅ્રાબી તૌબા કરીને જતો રહ્યો અને મને ઊંઘ આવી ગઈ. ખ્વાબમાં નબીએ કરીમ ﷺ તશરીફ લાવ્યા અને મને આદેશ આપ્યો, ઉતબી ! એઅ્રાબીને મળીને એને ખુશખબરી આપો કે અલ્લાહ તઆલાએ એના ગુનાહ માફ કરી દીધા. આ આદેશ સાંભળી હું એને શોધવા નીકળ્યો પરંતુ એ ન મળ્યો.

અહીં દલીલનું કારણ સપનું નથી, કેમ કે ખ્વાબમાં શકના લઈને એનાથી હુકમો સાબિત નથી થતા, જેવું કે અમે પહેલાં જ બતાવી ચૂક્યા છીએ પરંતુ દલીલનું કારણ એ છે કે ઓલમાએ એને સારી વસ્તુ અને મઝાર મુબારક પર હાજરીને મુસ્તહબ સમજી છે.

અલ્લામા ઈબ્ને હજરે જૌહરે મુનઝ્ઝમમાં ફર્માવ્યું, અને



કેટલાક હુફ્ફાઝ અબૂ સઈદ સમઆનીથી રિવાયત કરે છે કે એમણે અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ થી રિવાયત કરી :-

નબીએ કરીમ ﷺ ના દફનાવ્યાના ત્રણ દિવસ પછી એક એઅ્રાબી કબ્રે નબી ﷺ થી વળગીને આળોટવા લાગ્યો અને પોતાના માથા પર માટી ફેંકવા લાગ્યો અને વિનંતિ કરી, યા રસૂલુલ્લાહ ! આપે જે ફર્માવ્યું અમે તમારાથી યાદ કર્યું, એણે તમારા ઉપર આ કલામ નાઝિલ ફર્માવ્યું :-

**ولو انهم اذظلموا انفسهم جاؤك فاستغفرو الله واستغفر لهم الرسول لوجدو الله توابا رحیما۔**

''અને જ્યારે એ પોતાની જાન પર જુલ્મ કરે તો તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માંગે અને રસૂલ એમના માટે શફાઅત કરે તો જરૂર અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામશે.''

મેં પોતાની જાત પર ઘણો જ જુલ્મ કર્યો અને પોતાના રબથી માફી માંગવા તમારી બારગાહમાં હાજર થયો છું. મઝાર શરીફમાંથી અવાજ આવ્યો, ''તને માફ કરી દેવામાં આવ્યો છે !''

આ જ હદીષ અલી બિન અબી તાલિબથી બીજી રીતે રિવાયત થઈ છે જેનાથી સમ્આનીની રિવાયતથી પૂરાવો મળે છે. અને એ પુરાવો આ હદીષથી મળે છે કે જે સહીહ તરીકાથી નબીએ કરીમ ﷺ થી રિવાયત છે, ''મારી જિંદગી પણ તમારા માટે સારી છે. હું તમારાથી અને તમે મારાથી વાત કરો છો. અને મારી વફાત પણ તમારા માટે સારી છે કે મારી સામે તમારા આમાલ લાવવામાં આવશે જેમાં સારી વાતો જોઈને હું ખુદાની (હમ્દ) તારીફ કરીશ અને ખરાબ કામો જોઈને તમારા માટે માફીની દુઆ કરીશ.''

અને પુરાવો એ વાતથી પણ મળે છે કે જે ઓલમાએ કિરામે ઝિયારતના તરીક઼ા વિશે ફર્માવ્યું છે, ઝિયારત કરવાવાળા માટે મુસ્તહબ છે કે એ મુબારક અને પાક જગા પર જઈને ફરીથી તૌબા કરી લે અને ખુદાથી એની દુઆ કરે કે એ એને સાચી તૌબાની તૌફીક઼ આપે અને આયતે કરીમા (ઉપરોક્ત)..........**ولو انهم اذظلموا** પઢીને બારગાહે ઈલાહીમાં તૌબા ક઼બૂલ કરવા માટે નબીએ કરીમ ﷺને સિફ઼ારિશી બનાવે, ખૂબ માફી માંગે અને રડે, એના પછી કહે;

**نحن وفدك يارسول الله وزوارك جئناك لقضاء حقك والتبرك بزيارتك والا ستشفاء بك مما اثقل ظهورنا واظلم قلو بنا فليس لنا يارسول الله شفيع غيرك نؤمله ولا رجاء غير بابك نصله فاستغفر لنا واشفع لنا عند ربك و اسئله ان يمن علينا بسائر طلباتنا ويحشرنا فى زمرة عباده الصالحين والعلماء العاملين**

''યા રસૂલુલ્લાહ ! ﷺ અમે તમારી જમાઅત અને તમારી ઝિયારત કરવાવાળા છીએ. તમારો હક્ક઼ પૂરો કરવા તમારી ઝિયારતથી (બરકત) ફાયદો મેળવવા અને તમોને એ ગુનાહોના માટે સિફ઼ારિશી બનાવવા માટે હાજર થયા છીએ, જેણે અમારી પીઠોને વજનવાળી બનાવી દીધી છે અને અમારા દિલોને કાળાં કરી દીધાં છે. યા રસૂલલ્લાહ ! આપના સિવાય અમારો કોઈ સિફ઼ારિશ કરવાવાળો નથી જેનાથી થોડી પણ ઉમ્મીદ રાખીએ, ન તમારા સિવાય કોઈ (પનાહગાહ) છુપાવવા માટે જગા છે જ્યાં હાજર થઈએ, તો પરવરદિગારની બારગાહમાં અમારા માટે માફી માંગો, અમારી શફાઅત કરો અને દુઆ કરો કે અલ્લાહ અમારી જરૂરતો પૂરી કરે અને ક઼યામતના દિવસે પોતાના નેક બંદા અને બાઅમલ આલિમોના સાથે ઉઠાવે.''



જૌહરે મુનઝ્ઝમમાં આ વાક઼િયો પણ લખેલો છે : એક એઅ્રાબી મઝાર શરીફ પાસે આવી ઊભો રહ્યો અને કહેવા લાગ્યો, હે અલ્લાહ ! આ તારા હબીબ, હું તારો બંદો અને શૈતાન તારો દુશ્મન. અગર તું મને માફ કરી આપીશ તો તારા હબીબને ખુશી થશે, તારો બંદો કામયાબ થશે, તારા દુશ્મનને અફસોસ થશે. અને તું મને માફ નહીં કરે તો તારા હબીબને તકલીફ થશે, તારો બંદો બરબાદ થશે અને તારો દુશ્મન ખુશ થશે. હે અલ્લાહ ! તું એનાથી ઉચ્ચ છે કે તું તારા હબીબને તકલીફ આપે, તારા બંદાને બરબાદ કરે અને તારા દુશ્મનને ખુશ કરે. હે અલ્લાહ ! અરબના લોકોનો રિવાજ છે કે જ્યારે તેમનો સરદાર મૃત્યુ પામે છે તો એની ક઼બ્ર પર ગુલામ આવી જીદ કરે છે. કેટલાક ત્યાં રહેલા લોકોએ આ સાંભળી કહ્યું, હે ભાઈ અરબ ! આ સારા સવાલના બદલામાં અલ્લાહ તઆલાએ તારી મગફિરત ફર્માવી દીધી.

## ★ મઝાર તરફ મોઢુ કરવા વિશે ફ઼કીહોનાં કથનો ★

મનાસિકે હજ્જમાં એવું ફર્માવ્યું છે કે **ઝિયારત અને દુઆના વખતે મઝારે રસૂલ ﷺની તરફ મોઢું કરવું કિબ્લા તરફ મોઢું કરવાથી અફઝલ છે.**

અલ્લામાએ મોહક્ક઼િક઼ કમાલ બિન હુમામે ફર્માવ્યું કે **ક઼બ્રે અનવરની તરફ મોઢું કરવું કા'બાની તરફ મોઢું કરવાથી અફઝલ છે.**

ઈમામ અબૂ હનીફાથી જે નકલ કરવામાં આવે છે કે કિબ્લાની તરફ મોઢું કરવું અફઝલ છે, તો આ નકલ સહીહ નથી કેમ કે ઈમામ અબૂ હનીફા એ જ પોતાની મસ્જિદમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે :–

انه قال من السنة استقبال القبر المكرم وجعل الظهر للقبلة

"એમણે કહ્યું, **ક઼બ્રની તરફ મોઢુ કરવું અને કિબ્લા તરફ પીઠ કરવી સુન્નત છે.**"

અલ્લામા ઈબ્ને જમાઆએ ઈબ્ને હુમામથી વધારે વિસ્તારપૂર્વક લખ્યું છે. એમણે ઈમામે આ'ઝમથી આ રિવાયત નકલ કરી છે કે ક઼બ્રે અનવરની તરફ મોઢું કરવું મુસ્તહબ છે. અને કિબ્લાની તરફ મોઢું કરવાની બાબત કિરમાનીએ કહ્યું છે, એનો એમણે વિરોધ કર્યો છે, કે એનો કોઈ ભરોસો નથી. જૌહરે મુનઝ્ઝમમાં છે કે **મઝાર શરીફ તરફ મોઢુ કરવાની એક દલીલ એ પણ છે કે નબીએ કરીમ ﷺ પોતાની ક઼બ્રમાં જીવતા છે. અને પોતાની ઝિયારત કરવાવાળાને જાણે છે. એના પર બધા મુસલમાનોને ઈત્તેફાક છે.** આપ જ્યારે જોવાવાળાને આપની તરફ મોઢું અને કિબ્લા તરફ પીઠને કરવી જ પડતી હોતી તો ક઼બ્ર શરીફમાં જ્યારે આરામ ફર્માવે છે તો પણ આપની ઝિયારતની એ જ હાલત છે અને અમારો એના પર ઈત્તેફાક છે કે મસ્જિદે હરામમાં જ્યારે ઉસ્તાદ કિબ્લાની તરફ મોઢું કરીને બેસે તો ત્યારે વિદ્યાર્થીઓ એમના તરફ મોઢું કરે અને કિબ્લા તરફ પોતાની પીઠ કરે તો નબીએ કરીમ ﷺ સાથે અમારી શું હાલત હોવી જોઈએ ? એમનાથી યક઼ીનન ! એ ઈજ્જત બધાથી વધારે હોવી જોઈએ.

ખલીફા મન્સૂરથી જે ઈમામ માલિકે ફર્માવ્યું હતું એની ચર્ચા ઉપર થઈ ચૂકી છે કે, **"તમે રસૂલુલ્લાહ ﷺ ની તરફથી પોતાનું મોઢું કેમ કરીને ફર્માવશો ! એ તો ખુદાની બારગાહમાં તમારા અને તમારા બાપ આદમનો વસીલો છે. એમના તરફ મોઢું કરો અને એમને પોતાના સિફારિશ**



**બનાવો !"**

**★ કિબ્લા તરફ પીઠ મઝાર તરફ મોઢું કરવું મુસ્તહબ ★**

અલ્લામા ઝુર્કાની શરહે મવાહિબમાં ફર્માવે છે કે :–

"કિબ્લાની તરફ પીઠ અને મઝાર શરીફ તરફ મોઢું કરી દુઆ માંગવાના મુસ્તહબ હોવાના વિશે માલિકી ઓલમાની કિતાબો ભરેલી છે. હનફી, શાફઈ અને જમ્હૂરનો પણ એ જ મસ્લક છે. હંબલી ઓલમાના વચ્ચે અલબત્ત મતભેદ છે. પરંતુ એ મસ્લકના મોહક્કિ઼ક઼ આલિમોનો પણ એ જ ક઼ૌલ છે કે મઝાર શરીફની તરફ મોઢું કરવું મુસ્તહબ છે. એ જ રીતે સહીહ હદીષોના પ્રકાશમાં વસીલો મુસ્તહબ હોવું પણ હંબલી મોહક્કિ઼ક઼ આલિમોના નજીક હનફીઓ, શાફઈઓ, માલીકીઓના મુજબ છે.

ઈમામ સુબકીએ "શિફાઉસ્સિક઼ામ"માં ચારેવ મસ્લકની સ્પષ્ટતા વિસ્તારપૂર્વક લખી છે. શેખ તાહિર સુંબલે પોતાની એક કિતાબમાં લખ્યું છે કે, હંબલી ઓલમામાંથી એનું વર્ણન ઈમામ અબૂ અબ્દુલ્લાહ સામરીએ મસ્તુઅબમાં કર્યું છે અને શૈખ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન હમીદ મક્કા મુકર્રમામાં હંબલીઓના મુફતીને પૂછવામાં આવ્યું તો આપે જવાબ આપ્યો, **મઝાર શરીફની તરફ મોઢું કરવું વધારે સારું અને વસીલો મુસ્તહબ છે.** જેનું ઝિક્ર ઘણી હંબલીઓની કિતાબોમાં છે. દા.ત. શરહે મનાસિકે મક઼નઅ, અઝ : શમસુદ્દીન બિન મુફલિહ સાહિબુલ ફુરૂસ, શરહે અલ ક઼િનાઅ, અઝ મુહર્રિરે મઝહબ શૈખ મન્સૂર બેહૂની, શરહે ગાયતિલ્ મુન્તહા સુરિલ્ મન્સિક, અઝ : શૈખ સુલેમાન બિન અલી (શૈખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી વહાબી તેહરીક઼ના સ્થાપકના દાદા). કેટલાક ઓલમાએ ઉતબીના મશહૂર વાકેઆને અને આ શેઅરને પણ લખ્યા છે : یا خیر من دفنت بالقاع اعظمه الخ----

**હદીષ :** الهم انی اسئلك واتوجه اليك ની તિર્મિઝી, નસાઈ અને બયહકીએ તખરીઝ કરી છે અને એને સહીહ કહ્યું છે.

દર્શાવેલ મુફતી ફર્માવે છે, "જ્યારે આ વાત સાબિત થઈ ગઈ તો ખબર પડી કે હંબલીઓની નજીક દુઆ વખતે મઝાર શરીફ તરફ મોઢું કરવું અને કોઈને વસીલો બનાવવો "મુસ્તહબ" છે, એનો ઈન્કાર કરવાવાળો ઈમામ અહમદ બિન હંબલના મસ્લકથી અજાણ છે."

આલૂસીએ પોતાની તફસીરમાં જે આ લખ્યું છે કે, "કેટલાક ઓલમાથી ઈમામ અબૂ હનીફાના વસીલાથી મના કરવામાં આવ્યું છે. **આ બિલકુલ ખોટુ અને આ લખેલુ બરાબર નથી,** કેમ કે કોઈ હનફી આલિમે કે ઈમામે આ વાત નથી કહી, જ્યારે કે એ પોતાના મસ્લકની વાતો બધાથી વધારે જાણવાવાળા છે. બલ્કે એમની કિતાબો વસીલાના મુસ્તહબ હોવાના વિશે ભરેલી છે. કોઈ વિરોધીની આવી વાત ખોટી અને માનવા લાયક નથી એટલા માટે ધોકાથી દૂર રહો !

## ★ ઝિયારત કરનારને દોઝખથી આઝાદીની બશારત ! ★

ઈમામ કસ્તલાની પોતાની કિતાબ અલ મવાહિબુલ્ લદુનિયહ્માં લખે છે, એક એઅ્રાબીએ નબીએ કરીમ ﷺના મઝાર મુબારક સામે ઊભા રહી કહ્યું, "હે અલ્લાહ ! તેં ગુલામોને આઝાદ કરવાનો આદેશ આપ્યો છે, આ તારા હબીબ છે, હું તારો બંદો છું, તું મને તારા હબીબની કબ્ર પર દોઝખથી આઝાદ કરી દે." ગૈબથી અવાજ સંભળાયો, હે સવાલ કરવાવાળા ! તું કેવળ પોતાની આઝાદીનો સવાલ કરે છે ! બધા જ મુસલમાનોની આઝાદીનો સવાલ કેમ નથી કરતો ? અમે તને આઝાદ કર્યો !"

પછી ઈમામ કસ્તલાનીએ એક શેઅર અને એ પછી શારેહે



મવાહિબ અલ્લામા ઝુર્કાનીએ બીજો શેઅર લખ્યો :–

ان الـمـلـوك اذا شـابـت عبيـدهـم
فــی رقهـم اعتـقـوهـم عتق احــرار
انــت يــا سيــدی اولــیٰ بذاكــر مـا
قد شبت فی الرق فاعتقنی من النار

"બાદશાહોના ગુલામ જ્યારે એમની ગુલામીમાં વૃદ્ધ થઈ જાય છે તો એ એમને આઝાદ કરી આપે છે. હે મારા આકા ! આપ એ મહેરબાનીના વધારે હક્કદાર છો, હું ગુલામીમાં વૃદ્ધ થઈ ગયો છું એટલે મને દોઝખથી આઝાદ કરી આપો."

## ★ ઝિયારત કરનાર સૌની બખ્શિશ થઈ ગઈ ! ★

એના પછી મવાહિબમાં હસન બસરીથી રિવાયત છે, એમણે કહ્યું, હાતિમ અસમે નબીએ કરીમ ﷺના રોઝા મુબારક પાસે ઉભા રહી કહ્યું, "હે મારા રબ ! અમે તારા નબીની કબ્રની ઝિયારત કરી છે, અમને નિરાશ કરીને પરત ન કરતો. અવાજ આવ્યો, હે શખ્સ ! અમે તને અમારા હબીબની કબ્રની ઝિયારત કરવાની ઈજાઝત આપી અને તને કબૂલ પણ કરી લીધો. તું અને તારી સાથે ઝિયારત કરવાવાળા બધા જ પાછા જાવ, અમે બધાને જ (બખ્શી) માફ કરી દીધા."

ઈબ્ને અબી ફિદયક કહે છે : મેં કેટલાક આલિમો અને નેક લોકોથી સાંભળ્યું છે, જે શખ્સ હુઝૂર ﷺના મઝાર પાસે ઉભો રહી આ આયતે કરીમા પઢે :–

**ان الله وملاكته يصلون على النبی يايها الذين آمنوا صلوا عليه وسلموا تسليما**

અને કહે : **'સલ્લલ્લાહુ અલયક યા મુહમ્મદ'** અને જો ૭૦ વખત પઢશે તો ફરિશ્તો અવાજ આપશે, "સલ્લલ્લાહુ

અલયક યા ફલાં !'' અને એની દરેક જરૂરત પૂરી થશે.

શૈખ ઝૈનુદ્દીન મરાગ઼ી વગેરે કહે છે :–

**'સલ્લલ્લાહુ અલયક યા મુહમ્મદ'**ની જગ્યાએ **'સલ્લલ્લાહુ અલયક યા રસૂલલ્લાહ'** કહેવું સારું છે. કેમ કે જિંદગી અને મૌત બંનેવમાં આપને નામ લઈને બોલાવવા **મના** છે.

ઈબ્ને ફિદક તબે તાબેઈન મશ્હૂર અઈમ્મએ ષિક઼ાત (મશ્હૂર વિ□ાસુ ઈમામો)માંથી છે, સહીહૈન વગેરે કિતાબોમાં આપનાથી હદીષો રિવાયત છે અને અલ્લામા ઝુર્કાનીના કહેવા પ્રમાણે આપનું નામ મુહમ્મદ બિન ઈસ્માઈલ બિન મુસ્લિમ દયલમી છે. આપની વફ઼ાત હિજરી ૨૦૦માં થઈ. મવાહિબમાં ઈબ્ને ફિદયકે લખેલી આ જ હદીષ બયહકીએ પણ બયાન કરી છે.

અલ્લામા ઝુર્કાનીની શરહે મવાહિબમાં છે, દુઆ કરવાવાળો જ્યારે કહે :–

**اللهم انی استشفع بنبیك یا نبی الرحمة اشفع لی عندربك**

''હે અલ્લાહ ! હું તારા પાસે તારા નબીને સિફ઼ારિશી બનાવીને લાવ્યો છું, હે રહમતવાળા નબી ! પોતાના રબની પાસે મારી શફાઅત કરો !'' તો એની દુઆ ક઼બૂલ થશે.

આ બધી દલીલો જે નબીએ કરીમ ﷺ, સહાબાએ કિરામ, આગલા પાછલા અઈમ્માએ કિરામ (ઈમામો)થી મરવી છે, એનાથી સાફ઼ અને રોશન થઈ ગયું કે **વસીલો અને ઝિયારત કરવી તથા શફ઼ાઅત માંગવી બિલકુલ કોઈ પણ વસવસા વગર સાબિત છે** અને એ મહાન નિકટતા (ક઼ુર્બ) છે.

આપની પૈદાઈશ પહેલાં જિંદગીમાં અને વફ઼ાત પછી દરેક જમાનામાં વસીલો બનાવવામાં આવ્યો છે અને ક઼યામતના દિવસે પણ બનાવવામાં આવશે.



મવાહિબમાં છે : અલ્લાહ ઈબ્ને જાબિર પર રહમત નાઝિલ ફ઼ર્માવે, એ ફ઼ર્માવે છે કે :–

**بہٖ قد اجاب الله آدم اذ دعا**
**ونجیٰ فی بطن السفینة نوح**
**وما ضرت النار الخلیل لنوره**
**ومن اجله نال الفداء ذبیح**

''એમના જ વસીલાથી અલ્લાહે આદમની દુઆ ક઼બૂલ કરી અને નૂહની નાવની હિફ઼ાઝત થઈ. એમના જ નૂરના સદક઼ામાં આગે ખલીલુલ્લાહને નુકસાન ન પહોંચાડયું અને એમના જ સદક઼ામાં ઝબીહુલ્લાહને જાનનો તોહફો મળ્યો.'' પછી કહે છે, શૈખ અબૂ અબ્દુલ્લાહ બિન નોઅમાને પોતાની કિતાબ મિસ્બાહુન્ નઅતલામમાં આ વિષય પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે.

એના પછી મવાહિબમાં ઘણી બધી બરકતનું ઝિક્ર છે જે નબીએ કરીમ ﷺના વસીલાથી મળે છે.

## ★ રસૂલને છોડીને મખ્લૂક ક્યાં જાય ! ★

ઈમામ બયહકીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે. એક એઅ્રાબી વરસાદ માંગવા માટે આપની બારગાહમાં આવ્યો અને અમુક શેઅર પઢયો, જેનો પહેલો શેઅર આ છે :

**اتیناك والعذراء تدمی لبانها**
**وقد شغلت ام الصلبی عن الطفل**

''અમે તમારી પાસે એવી હાલતમાં આવ્યા છીએ કે ઔરતોની છાતીઓથી લોહી નીકળી રહ્યું છે અને માંઓ પોતાના છોકરાઓથી બેપરવા થઈ ગઈ છે.''

એણે છેલ્લા શેઅર સુધી પઢયું :–

وليـس لـنـا الا اليك فـرارنـا
وانـیٰ فرار الخلق الا الی الرسل

**"તમારા સિવાય અમે ક્યાં જઈએ અને રસૂલને છોડીને મખ્લૂક કોની પાસે જાય ?!"**

રસૂલુલ્લાહ ﷺએ આ શેઅરને નાપસંદ નથી ફર્માવ્યો, બલ્કે હઝરત અનસ ફર્માવે છે કે, "એઅ્રાબીએ જ્યારે આ શેઅર પઢયો તો પોતાની ચાદર મુબારકને ખેંચતા આપ મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ખુત્બો આપી દુઆ ફર્માવી અને જ્યાં સુધી વરસાદ ન થયો ત્યાં સુધી દુઆ માંગતા રહ્યા."

સહીહ બુખારીમાં છે કે જ્યારે એઅ્રાબીએ આવીને નબીએ કરીમ ﷺથી દુકાળની શિકાયત કરી તો આપે અલ્લાહની બારગાહમાં દુઆ માંગી અને મૂશળધાર વરસાદ થવા લાગ્યો. આપે ઈર્શાદ ફર્માવ્યું, જો અમારા કાકા અબૂ તાલિબ જીવતા હોત તો એમની આંખોમાં ઠંડક થઈ જતી. એમનો શેઅર પઢીને મને કોણ સંભળવાશે ?! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અર્ઝ કર્યું, "યા રસૂલુલ્લાહ ! ﷺ કદાચ તમે આ શેઅરથી ઈશારો કરી રહ્યા છો :–

وابيـض يستسقـیٰ الغمام بوجهه
ثـمـال اليتـامـیٰ عـصـمـة للارامل

"એ ખૂબસૂરત છે. એમના રોશન ચહેરાના વસીલાથી વરસાદની દુઆ માંગવામાં આવે છે. એ યતીમો અને વિધવાઓની હિફાઝત કરવાવાળો છે."

આ સાંભળી નબીએ કરીમ ﷺએ નારાઝગી નથી બતાવી પરંતુ આપનો રોશન ચહેરો ખીલી ઉઠયો. અગર આ શેઅર **یایستسقی الغمام بوجهه** કહેવું શિર્ક, અથવા હરામ હોત તો જરૂર



એનાથી રોકી આપતા અને તરત જ મના ફર્માવતા અને એને પઢવાની તમન્ના ન કરત. અબૂ તાલિબનો આ શેઅર કહેવાનું કારણ એ બનાવ છે કે જહાલતના જમાનામાં કુરૈશ એક વખતે બહુ મોટા દુકાળમાં સપડાય ગયા તો અબૂ તાલિબે નબીએ કરીમ ﷺ જે એ વખતે નાના છોકરા હતા એમના વસીલાથી વરસાદ માટે દુઆ માંગી, જેનાથી મૂશળધાર વરસાદ થયો. ત્યાર પછી એમણે આપની ઉચ્ચ શાનમાં એક કસીદો લખ્યો. ઉપરનો શેઅર આ કસીદામાંથી છે.

## ★ વસીલો આગલી ઉમ્મતોમાં પણ જાઈઝ હતો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, અલ્લાહ તઆલાએ ઈસા علیہ السلام પર વહી મોકલી કે, હે ઈસા ! મુહમ્મદ પર ઈમાન લાવો અને પોતાની ઉમ્મતને આદેશ આપો કે જે કોઈ એમને મળે એ એમના પર ઈમાન લાવે. અગર મુહમ્મદ ન હોત તો જન્નત, દોઝખને હું પૈદા ન કરત. મેં અર્શને પાણી પર પૈદા કર્યું તો એ હલવા લાગ્યું એ પછી એના ઉપર **لااله الا الله محمد رسول الله** લખવામાં આવ્યું તો થંભી ગયું.

જૌહરે મુનઝ્ઝમમાં છે, જ્યારે નબીએ કરીમ ﷺની આ ફઝીલત અને ખૂબીઓ છે તો આપને વસીલો કેમ ન બનાવવામાં આવે ?!

અલ્લામા કસ્તલાની પોતાની શરહે બુખારીમાં લખે છે : કઅબ અહબારથી રિવાયત છે : જ્યારે બની ઈસરાઈલ સૂકા દુકાળમાં સપડાતા તો પોતાના નબીના ઘરવાળાઓને વરસાદની દુઆ માટે વસીલો બનાવતા. જેનાથી ખબર પડી કે (તવસ્સુલ) વસીલો પહેલી ઉમ્મતોમાં પણ જાઈઝ હતો.

સૈયદ સમહૂદી "ખુલાસતુલ વફા"માં કહે છે : સામાન્યત:

રિવાજ છે કે જ્યારે કોઈ શખ્સ કોઈના પાસે કોઈ એવા શખ્સના ઝરીએ પહોંચે જેની એના પાસે ઈજ્જત અને ઊંચો મકામ છે તો એને કારણે એ જવાવાળાની ઈજ્જત પણ કરવામાં આવે છે અને એની જરૂરત પણ પૂરી કરવામાં આવે છે. અને એવું પણ બને છે કે કોઈ ઊંચા મર્તબાવાળાના વસીલાથી એવા શખ્સ પાસે આદમી પહોંચી જાય છે જે આનાથી પણ ઊંચા મર્તબાવાળા છે.

અને જ્યારે નેક અમલથી વસીલો જાઈઝ છે જે રીતે કે બુખારીમાં છે કે ત્રણ આદમીઓ એક ગુફામાં રોકાયેલ હતા અને એનો દરવાજો એક ભારે પથ્થર પડવાથી બંધ થઈ ગયો. એ ત્રણેવે મળીને પોત પોતાના સારા અમલોના ઝરીઆથી દુઆ કરી તો એ પથ્થર હટી ગયો જેનાથી ગુફાનો દરવાજો બંધ હતો. આવી હાલતમાં રસૂલુલ્લાહ ﷺથી વસીલો માંગવો એનાથી વધીને જાઈઝ અને સહીહ થશે. આ તવસ્સુલ ચાહે આપની (જાહેરી હયાત) જિંદગીમાં હોય કે વફાત પછી, દરેક રીતે જાઈઝ છે. કેમ કે આપના અંદર નબુવ્વત અને અગણિત ફઝીલતો અને ખૂબીઓ મૌજૂદ છે.

મો'મિન જ્યારે તવસ્સુલ કરે છે તો આપની નબુવ્વતથી કરે છે કે જે ખૂબીઓનો ખજાનો છે. અને આ વસીલાથી રોકવાવાળા જ્યારે નેક અમલને વસીલો બનાવવું જાઈઝ સમજે છે. તો ફઝીલતવાળી જાતને વસીલો બનાવવું એથી પણ વધારે જાઈઝ ગણાશે.

હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہને વસીલો બનાવ્યો. અને જો અમે એમની વાત માની પણ લઈએ તો જવાબ એ થશે કે **જ્યારે નેક કામોથી વસીલો જાઈઝ છે તો નબીએ કરીમ ﷺને વસીલો બનાવવામાં શું વાંધો છે ? જ્યારે કે આપમાં નબુવ્વત અને રિસાલત અને એવી ખૂબીઓ છે જે બધી જ ખૂબી એ નેક કામોથી ઉચ્ચતર**



**અને વધારે અઝમતવાળી છે.** અને ઉપર જણાવેલ હદીષોથી પણ વસીલાનું જાઈઝ હોવું સાબિત થઈ ચૂક્યું છે.

આપની જેમ જ બધા જ અંબિયાએ કિરામ علیہم السلام, રસૂલાને એઝામ علیہم السلام, અલ્લાહના વલીઓ અને નેક લોકોથી પણ વસીલો જાઈઝ છે. કેમ કે એમના અંદર નફ્સની પાકીઝગી અને અલ્લાહ તઆલાની મહોબ્બત છે અને એ પોતાના (ખાલિક઼) પૈદા કરવાવાળા પર યક઼ીન, ભરોસો, ઈબાદત અને ફર્માંબરદારીની ઘણી જ ઊંચી પદવી પર નિયુક્ત છે. એટલા માટે આ બંદા અલ્લાહથી કુર્બત (નિકટતા) ધરાવે છે, અને એમના વસીલાથી એ ઈમાનવાળાઓની જરૂરતો પૂરી કરે છે. આ વસીલામાં પૂરે પૂરો અદબનો ખયાલ રાખવો જોઈએ, એવા શબ્દોથી બચવું જોઈએ જેનાથી ગૈરુલ્લાહની તાષીરનો વહેમ પેદા થાય.

## ★ રબની બારગાહમાં સૌથી નજીકનો વસીલો કોણ ?! ★

તવસ્સુલ (વસીલો) જાઈઝ હોવાની બીજી એક દલીલ હઝરત સવાદ બિન કારિબ رضی اللہ عنہનું એ વાક્ય પણ છે જેની રિવાયત તિબ્રીએ કબીરમાં કરી છે, આપે રસૂલુલ્લાહ ﷺને પોતાનો એક ક઼સીદો સંભળાવ્યો. જેમાં વસીલો છે :–

اشهد ان اللّٰه لاربّ غيره
وانك مامون على كل غائب
وانك ادنى المرسلين وسيلة
الى الله ياابن الاكرمين الا طايب
فمرنا بما ياتيك يا خير مرسل
وان كان فيما فيه شيب الذوائب

وکن لی سفیعاً یوم لاذو شفاعة

بمغن فتیلا عن سوادبن قارب

હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ રબ નથી અને તમે દરેક છુપી વસ્તુને જોનાર છો. હે પાક સાફ લોકોના સાહબઝાદા ! આપ અલ્લાહની બારગાહમાં રસૂલોમાં બધાથી વધારે નજીકના વસીલા છો.

હે ખૈરુર્રુસુલ ! (હે રસૂલોમાં બેહતરીન) આપની પાસે જે કાંઈ આવે એનો અમને આદેશ આપો ભલે એ આદેશનું પાલન કરવામાં અમારા બાલ સફેદ થઈ જાય.

તમે એ દિવસે મારી શફાઅત ફર્માવો જે દિવસે સવાદ બિન ક઼ારિબને કોઈ રજકણ બરાબર ફાયદો પહોંચાડવાવાળું ન હોય.

રસૂલુલ્લાહ ﷺએ ادنی المرسلین و سلیة (આપ અલ્લાહની બારગાહમાં રસૂલોમાં સૌથી નજીકના વસીલા છો) સાંભળીને કોઈ નારાઝગી નથી દર્શાવી.

તવસ્સુલની એક દલીલ રસૂલુલ્લાહ ﷺનાં ફોઈ હઝરત સફિય્યહ رضی اللہ عنہاનો પેલો મર્ષિયો છે જેને એમણે આપના વિસાલ બાદ કહ્યો. એનો એક શેઅર આ છે :–

الا یارسول اللہ انت رجائنا

وکنت بنا براولم تك جافیا

''યા રસૂલલ્લાહ ! આપ અમારી ઉમ્મીદ છો. અમારી સાથે નેકી કરતા હતા, બુરાઈ ન કરતા હતા.'' આ શેઅરમાં યા રસૂલલ્લાહ ! ﷺ બોલી પુકારવામાં પણ આવ્યા અને તમે અમારી ઉમ્મીદ છો પણ કહેવામાં આવ્યું જેને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ સાંભળ્યું પરંતુ નારાઝગી જાહેર નથી કરી.



અલ્લામા ઈબ્ને હજર પોતાની કિતાબ ''અલ્ ખયરાતુલ હસ્સાન ફી મનાક઼િબિ અબી હનીફતિન્નુઅમાન''ની પચ્ચીસમી ફસલમાં લખે છે કે, ઈમામ શાફઈ જ્યારે બગદાદમાં રહેતા હતા તો હઝરત ઈમામે આ'ઝમની ક઼બ્ર પર ઝિયારત માટે હાજરી આપતા, એમને સલામ કરતા અને પોતે જરૂરતો પૂરી કરવા માટે અલ્લાહની બારગાહમાં એમને વસીલો બનાવતા.

**★ વસીલા વિશે ઈમામોના અમલો તથા પુરાવા ★**

એ પણ સાબિત છે કે ઈમામ અહમદ, ઈમામ શાફઈને વસીલો બનાવતા હતા જેનાથી અબ્દુલ્લાહ બિન ઈમામ અહમદને આશ્ચર્ય થયું જે ઈમામ અહમદના છોકરા હતા. તો ઈમામ અહમદે ફર્માવ્યું કે ઈમામ શાફઈ લોકો માટે સૂરજ જેવા હતા.

ઈમામ શાફઈને જ્યારે ખબર પડી કે પૂર્વ (મરાકશ)વાળા અલ્લાહની બારગાહમાં ઈમામ માલિકને વસીલો બનાવે છે તો આપે એમને રોક્યા નહીં.

ઈમામ અબુલ હસન શાઝલી કહે છે કે જેને કોઈ પોતાની જરૂરત પૂરી કરવી હોય તો એ ઈમામ ગિઝાલીને અલ્લાહની બારગાહમાં વસીલો બનાવે. અલ્લામા ઈબ્ને હજર પોતાની કિતાબ ''સવાઈક઼ુલ મુહર્રમક઼ા લિ ઈખ્વાનિદ્દલાલ વ ઝ઼િંદીક઼હ''માં લખે છે : ઈમામ શાફઈએ આ પ્રમાણે કહીને એહલે બયતને વસીલો બનાવ્યો છે :–

آل النبی ذریعتی

وهم الیه وسیلتی

ارجو بهم اعطیٰ غدا

بیدی الیمین صحیفتی

"આલે નબી અલ્લાહની બારગાહ સુધી પહોંચવા માટે મારો ઝરીઓ અને વસીલો છે. મને ઉમ્મીદ છે કે એમના વસીલાથી કાલે કયામતના દિવસે મારું નામએ આમાલ જમણા હાથમાં આપવામાં આવશે."

અલ્લામા તાહિર બિન હાશિમ બાઅલ્વી પોતાની કિતાબ "મજમઉલ અહબાબ"માં ઈમામ અબૂ મૂસા તિર્મિઝી સાહિબે સુનનના હાલાત બયાન કરતાં લખે છે કે ઈમામ તિર્મિઝીએ ખ્વાબમાં અલ્લાહનો દીદાર કર્યો તો સવાલ કર્યો, મરતા સુધી કેવી રીતે ઈમાનને મેહફૂઝ રાખવામાં આવે ? એનો તરીકો શું છે ? એણે ફર્માવ્યું, **ફજરની સુન્નત પછી અને ફર્ઝથી પહેલાં આ દુઆ માંગ્યા કરો :-**

**الهٰی بحرمة الحسن واخيه وجده وبنيه وامه وابيه نجنی من الغم الذی انا فيه يا حی يا قيوم يا ذالجلال والاكرام اسئلك ان تحيی قلب بنور معرفتك يا الله يا الله يا الله يا ارحم الراحمين**

"હે મારા ખુદા ! હસન એમના ભાઈ, નાના છોકરા અને માં બાપના સદકામાં એ ગમથી બચાવ જેમાં હું પકડાયો છું. યા હય્યુન યા કય્યૂમ ! હે સાહિબે ઈજલાલો ઈકરામ ! હું તારાથી સવાલ કરું છું કે મારા દિલને તારી મારેફતના નૂરથી જીવતું કરી દે, હે બધાથી વધારે રહમ ફર્માવવાવાળા અલ્લાહ !"

ઈમામ તિર્મિઝી ફજરની સુન્નત પછી આ દુઆ હમેશાં પઢતા અને પોતાના અકીદતમંદો અને તાલિબે ઈલ્મોને પણ એને પઢતા રહેવા તરફ પ્રોત્સાહિત કરતા. આપ ઈમામ છે તથા હુજ્જત દલીલ છે, આપની આગેવાની સિદ્ધ થયેલી છે દરેક માને છે. અને **આ વસીલાને આ વસીલાનો ઈન્કાર કરવાવાળાઓના પેદા**



**થતા પહેલાં બધા જ પૂર્વજ બુઝુર્ગ માનતા હતા.** કોઈ પણ એનો ઈન્કાર કરવાવાળુ ન હતું. ઈમામ નવવી અઝકારમાં લખે છે કે, નબીએ કરીમ ﷺએ ઈમાનવાળાઓને ફજરની સુન્નત પછી ત્રણ વખત આ દુઆ પઢવાનો આદેશ આપ્યો છે :–

**اللهم رب جبريل وميكائيل واسرافيل و محمد صلى الله عليه وسلم اجرنی من النار**

"હે અલ્લાહ ! જિબ્રઈલ, મીકાઈલ, ઈસરાફીલ, મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના રબ ! મને દોઝખથી આઝાદી આપ !"

અલ્લામા ઈબ્ને અલાન શરહુલ અઝકારમાં લખે છે કે એમને (જિબ્રઈલ) વગેરે ખાસ રીતે ઝિક્ર કરવાનો એ મતલબ છે કે દુઆ કબૂલ થવા માટે એ વસીલો બને, નહીં તો અલ્લાહ તઆલા બધી જ મખ્લૂકનો રબ છે. એનાથી તવસ્સુલ (વસીલો) શરીઅતમાં જાઈઝ છે.

ઈમામ અજદક હિઝબુલ બહરમાં ઘણા નેક લોકોનું ઝિક્ર કરીને કહે છે કે :–

**الهم انا نتوسل اليك بهم فانهم احبوك وما احبوك حتی احببتهم فبجبك اياهم وصلوا الیٰ حبك ونحں لم نصل الیٰ حبهم فيك فتمم لنا ذالك مع العافية الكاملة الشاملة حتی نلقاك يا ارحم الراحمين**

"હે અલ્લાહ ! અમે એને તારી બારગાહમાં વસીલો બનાવીએ છે જેમણે તારાથી મહોબ્બત કરી અને એમને તારી મહોબ્બત સુધી પહોંચ મળી ગઈ અને અમે એમની મહોબ્બત સુધી ન પહોંચી શક્યા જે એમને તારા સાથે છે, તું અમોને પૂરી સલામતી

સાથે એ મહોબ્બત આપી દે. હે બધાથી વધારે રહમ કરવાવાળા ! અમે તારી બારગાહમાં હાજર રહી શકીએ.''

કેટલાક આરિફોની આ દુઆ છે :–

**الهم رب الكعبة وبانيها وفاطمة وانبيها وابعلها وبنيها نور بصرى**
**وبصيرتى و سرى وسرير تى**

''હે અલ્લાહ ! બાનીએ કા'બા ! અને ફાતિમા, એમના બાપ, એમના પતિ અને એમની ઔલાદના રબ ! મારી આંખોને અને મારા દિલને નૂરથી ભરી દે.''

આ દુઆને અમુક આશિકોએ આંખોની રોશની માટે ફાયદાકારક બનાવ્યો છે. અને ફર્માવ્યું, જે શખ્સ સૂરમો લગાડતી વખતે એને પઢશે એની આંખોની રોશની અલ્લાહ તબારક વ તઆલા વધારશે.

આ બધા સબબો જેમાં કોઈ ખૂદની તાષીર નથી પરંતુ હક઼ીક઼ી તાષીર આપવાવાળો અલ્લાહ તઆલા છે. જે રીતે અલ્લાહ તઆલાએ ખાવા પીવા, પેટ ભરવાનો અને પ્યાસ બુઝાવવા માટેનો સબબ બનાવ્યો છે. અને ફર્માંબરદારી અને ઈબાદતને, ખુશનસીબી તથા મકામની ઉચ્ચતા માટેના સબબ બનાવ્યા છે, એ જ રીતે પોતાના ઈજ્જતવાળા મહબૂબનો બંદાઓની જરૂરતો પૂરી કરવા માટે વસીલો બનાવ્યો છે જેમાં કોઈપણ રીતે કોઈ શિર્ક કે કુફ્ર નથી. આગલા પાછલા આલિમોના ઝિક્રો, વઝીફાઓમાં અને દુઆઓની જે સખ્ત ચકાસણી કરશે તો એને વસીલાના બારામાં ઘણુ બધુ મળી આવશે, જેનો આ વસીલાનો ઈન્કાર કરવાવાળા સિવાય બીજા કોઈએ ઈન્કાર નથી કર્યો.

ઉમ્મતના બુઝુર્ગોના કલામમાં વસીલાના બારામાં ચકાસણી કરવામાં આવે તો આનાથી ઘણી મોટી કિતાબો તૈયાર થાય.



અમે વસીલાના બારામાં આટલી લાંબી બહષ કરી એનો મક઼સદ એ છે કે હક઼્ક઼ સારી રીતે ખુલી જાય અને અશમંજશમાં પડેલા લોકોના વહેમો દૂર થાય. કેમ કે આ વસીલાના ઈન્કાર કરવાવાળા લોકો સીધા અને ભોળા મુસલમાનોને પોતાના જૂઠા અક઼ીદાની તરફ ખેંચતા રહે છે. શક્ય છે કે અલ્લાહ તઆલા આ બધી દલીલોથી એ મુસલમાનોને હોશિયાર કરી આપે જેમને એ વહેમોમાં પડવાથી મેહફૂઝ રાખવા ચાહે છે, જેથી એ એમના તરફ બિલકુલ ધ્યાન ન આપે અને એમના વિરુધ્ધમાં દલીલો આપી શકે.

## ★ અહલે સુન્નત પર ચાલવું અનિવાર્ય ★

**જમહૂર અને સવાદે આ'ઝમ (મોટી જમાઅત એટલે અહલે સુન્નત)ના રસ્તા પર ચાલવું જરૂરી છે, નહીં તો અલ્લાહ અને એના રસૂલના દુશ્મન બની જશો અને એ રસ્તા પર ચાલવા લાગશો જે મુસલમાનોનો રસ્તો નથી.** અલ્લાહ ફર્માવે છે :–

**ومن يشاقق الرسول من بعد ماتبين له الهدىٰ ويتبع غير سبيل**
**المومنين نوله ماتولىٰ ونصله جهنم وسآئت مصيراً**

**''હિદાયત (સીધો રસ્તો) જાહેર થયા પછી જે રસૂલની દુશ્મની કરે અને ઈમાનવાળાઓનો રસ્તો છોડીને ચાલે, એ જે તરફ જશે એ તરફ અમે એને જવા દઈશું અને દોઝખમાં નાંખીશું જે જવા માટે ખરાબ જગ્યા છે.''**

રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

**عليكم بالسواد الاعظم فانما ياكل الذئب من الغنم القاصية**

''તમે સવાદે આ'ઝમના સાથે રહો, કેમ કે ટોળાથી દૂર રહેવાવાળી બકરીને વરૂ ખાય જાય છે.''

બીજી જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે :–

**من فارق الجماعة قيد شبر فقد خلع ربقة الاسلام من عنقهٖ**

''જે શખ્સ જમાઅતથી એક વેંત પણ દૂર થયો એણે ઈસ્લામનો પટ્ટો પોતાની ગરદનમાંથી કાઢી નાંખ્યો.

અલ્લામા ઈબ્ને ઝવજીએ પોતાની કિતાબ તલ્બીસે ઈબ્લીસમાં એવી ઘણી બધી હદીષો ભેગી કરી છે, જેમાં સવાદે આ'ઝમથી અલગ થવા પર બચવાનું કહેવામાં આવ્યું છે. દા.ત. અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે, નબીએ કરીમ ﷺએ મક઼ામે જાબિયામાં તક઼રીરમાં ફર્માવ્યું, ''જે શખ્સને જન્નતનો આરામ જોઈતો હોય એણે જમાઅત સાથે રહેવું જરૂરી છે, કેમ કે એ એકથી ક઼રીબ અને બેથી (એટલે શૈતાનથી) બહું દૂર રહે છે.

હઝરત ઉર્ફજા رضی اللہ عنہ ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને કહેતાં સાંભળ્યા, ''અલ્લાહનો દસ્તે કુદરત જમાઅત પર છે, અને જેણે જમાઅતથી ઝઘડો અને દૂરી રાખી છે એમના સાથે શૈતાન છે.''

હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ કહે છે કે મેં હુઝૂર ﷺને એ ફર્માવતાં સાંભળ્યા, ''અલ્લાહનો દસ્તે કુદરત જમાઅત પર છે, અને જે શખ્સ જમાઅતથી દૂર રહે છે એને શૈતાન એ રીતે પકડી લે છે, જે રીતે ટોળામાંથી દૂર થવાવાળી બકરીને વરુ પકડી લે છે.''

હઝરત મઆઝ બિન જબલ રિવાયત કરે છે : નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, ''શૈતાન માણસનો વરૂ છે જેવી રીતે વરૂ તે બકરીને પકડી લે છે જે ટોળાથી દૂર અને એકલી હોય. એટલા માટે તમે ઘાટીઓથી બચો અને આમ જમાઅત અને મસ્જિદને અપનાવો.''



હઝરત અબૂ ઝર رضی اللہ عنہની રિવાયત છે : ''બે એકથી, ત્રણ બેથી, અને ચાર ત્રણથી સારા છે. એટલા માટે કે તમે જમાઅતના સાથે રહો, અલ્લાહ તઆલા મારી ઉમ્મતને હિદાયત પર જ બાકી અને ભેગા રાખશે.''

આ વસીલા તથા ઝિયારતનો ઈન્કાર કરવાવાળી જમાઅત અને સવાદે આ'ઝમથી અલગ થઈ ચૂકેલ છે. એમણે મુશ્રિકો માટે આવેલી ઘણી કુર્આની આયતોને એ મુસલમાનો પર લગાડી દીધી જે તવસ્સુલ (વસીલા) અને ઝિયારત કરે છે. જેના પરિણામે મોટા ભાગના આલિમો, બુઝુર્ગો, નેક અને પરહેઝગાર લોકો અને આમ મુસલમાનોને કાફિર ઠરાવી દીધા. એમનું કહેવું છે કે આવા મુસલમાનો એ મુશ્રિક જેવા છે જેમણે કહ્યું હતું, **مانعبدهم الا ليقربونا الى الله زلفىٰ** ''અમે એ મૂર્તિઓને કેવળ એટલા માટે પૂજીએ છીએ કે એ અમોને ખુદાના નજીક કરી દે.''

જ્યારે કે દરેક શખ્સ જાણે છે કે આ મુશ્રિકો ગૈરુલ્લાહને પૂજાના લાયક હોવાનો અક઼ીદો રાખે છે, પરંતુ ઈમાનવાળા હરગિઝ એવો અક઼ીદો નથી રાખતા, છતાં એ ઈન્કાર કરવાવાળાઓ એ મુસલમાનોને એ મુશ્રિકો જેવા કેવી રીતે સમજે છે ?! **سبحانك هذا بهتان عظيم۔**

એ ઝિયારત અને વસીલાનો ઈન્કાર કરવાવાળાનો એ પણ અક઼ીદો છે કે હુઝૂર ﷺથી શફાઅત માંગવી મના છે અને કહે છે કે કુર્આનમાં છે : **من ذالذى يشفع عنده الا باذنه** ''એ કોણ છે જે એના આદેશ વગર સિફારિશ કરે.'' અને ફર્માવ્યું : **ولا يشفعون الا لمن ارتضى۔** ''અને એ એના જ માટે શફાઅત કરે છે જેને એ પસંદ કરે.'' વધુમાં તેઓ કહે છે કે,

''શફાઅત માંગવાવાળાને એ ખબર નથી કે હુઝૂરને એના

માટે શફાઅતની પરવાનગી છે કે નહીં ! અને એ પણ ખબર નથી કે અલ્લાહ તઆલા એનાથી રાજી છે કે નહીં ?! તો પછી એ કેવી રીતે શફાઅતને માંગવાવાળો બની શકે છે ?!''

**ઈન્કાર કરવાવાળાઓનું આ વાંધો ઉઠાવવું અને દલીલ કરવું ખોટુ અને કબૂલ કરવા લાયક નથી,** કેમ કે સહીહ હદીષોમાં એનો ખુલાસો મૌજૂદ છે કે **હુઝૂરને શફાઅત માટે ઈમાનવાળાઓની શફાઅતની પરવાનગી મળેલી છે.** સહીહ હદીષોમાં છે : જે શખ્સ અઝાન પછી દુઆ اللهم رب هذه الدعوة الخ---, જે શખ્સ જુમ્આના દિવસે દુરૂદ શરીફ પઢે અને જે શખસ આપની કબ્ર મુબારકની ઝિયારત કરે એની આપ શફાઅત ફર્માવશે. ઘણી હદીષોમાં એ પણ છે જે ફલાણુ કામ કરશે એના માટે શફાઅત હલાલ થઈ ગઈ, જેનું અમે વર્ણન કરીએ તો વાત ઘણી લંબાઈ જશે.

હદીષોમાં એનો પણ ખુલાસો છે કે હુઝૂર ﷺ પોતાની ગુનેહગાર ઉમ્મતની શફાઅત ફર્માવશે.

દા.ત. شفاعتی لاهل الكبائر من امتی- મારી શફાઅત મારી ઉમ્મતના એ લોકો માટે છે જેમણે મોટા ગુનાહો કર્યા હશે.

ولايشفعون الا لمن ارتضى (الآيه)ના વિશે ઘણા મુફસ્સિરીને કિરામ કહે છે, ''જે શખ્સ પણ ઈમાન સાથે મૃત્યુ પામે એનાથી અલ્લાહ રાજી છે અને નબીએ કરીમની શફાઅતમાં સામેલ છે.''

સાબિત થઈ ગયું કે **આપને દરેક મો'મિનના માટે શફાઅતની પરવાનગી મળેલ છે.** અને શફાઅતનો તાલિબ (ઈચ્છુક) જાણે આપના વસીલાથી દુઆ માંગે છે કે મૃત્યુ સુધી અલ્લાહ તઆલા એના ઈમાનની હિફાઝત ફર્માવે જેથી એને પણ શફાઅત મળે અને જન્નતમાં પ્રવેશ મળી જાય.



# ગૈરુલ્લાહને પોકારવુ

વસીલા અને ઝિયારતનો ઈન્કાર કરવાવાળાઓનો અકીદો છે કે મૃત્યુ પામેલા અને જેમાં જીવ ન હોય એવી વસ્તુને પુકારવુ મના છે કેમ કે આ કુફ્ર અને શિર્ક છે, અલ્લાહના સિવાય બીજાની ઈબાદત છે જે બિલકુલ ખોટી અને વગર દલીલની વાત છે.

એમની દલીલ એ છે કે નિદા (પુકારવુ) દુઆ છે અને દુઆ એ ઈબાદત બલ્કે ઈબાદતની જાન છે. અને એઓ મુશ્રિકો માટે જે કુર્આનની આયતો નાઝિલ થઈ છે એને અલ્લાહની વહદાનિયતને માનવાવાળા પર લગાડે છે જે અલ્લાહના સિવાય કોઈને પુકારે છે. જ્યારે કે આ વાત કેવળ બનાવટ છે. અને એના ઝરીએ ઘણા અલ્લાહની તૌહીદને માનવાવાળાને ગુમરાહ કર્યા છે અને ગુમરાહ કરે છે.

જવાબ એ છે કે પુકારનો મતલબ દુઆ છે જે રીતે અલ્લાહનું ફર્માન છે : لاتجعلوا دعاء الرسول بينكم كدعاء بعضكم بعضاً

''રસૂલને (નામ લઈને) એવી રીતે ન પુકારો જે રીતે એકબીજાને પુકારો છો.''

આ દુઆને (પુકારવાને) ઈબાદત નથી કહેતા એટલા માટે દરેક દુઆ ઈબાદત નથી. અગર દરેક (નિદા) પુકારવું દુઆ અને દરેક દુઆ ઈબાદત હોય તો તે દરેક જીવતા અને મૃત્યુ પામેલાને આ પુકારવું સામેલ હોત અને જીવતા અને મૃત્યુ પામેલા અને પ્રાણી અને નિર્જીવને પુકારવું બિલકુલ મના હોત!

જ્યારે કે એવું નથી. **ઈબાદત કેવળ એ પુકારવું છે જે અલ્લાહના સિવાય કોઈને ઈબાદતના લાયક સમજીને પુકારવામાં આવે અને શિર્કનું કારણ અલ્લાહ સિવાય કોઈની ઉલૂહિયત અને તાષીરનો અક઼ીદો રાખવામાં આવે.** હવે રહ્યું એ પુકારવું જેમાં ઉલૂહિયત અને તાષીર અથવા અલ્લાહના સિવાય બીજાના માટે ઈબાદતના લાયક હોવાનો અક઼ીદો ન હોય એ બિલકુલ ઈબાદત નથી. એવું પુકારવું મૃત્યુ પામેલા અથવા જે મૌજૂદ ન હોય અથવા જેમાં જાન ન હોય કોઈને પણ પુકારવામાં આવે એને ઈબાદત નથી કહી શકતા.

ઘણી હદીષોમાં મૃત્યુ પામેલા અને જેમાં જાન ન હોય એમને પુકારવાનું વર્ણન છે. એટલા માટે એમનું એ કહેવું કે **દરેક પુકારવું દુઆ અને દરેક દુઆ ઈબાદત છે એ બિલકુલ ખોટી વાત** છે, અને અગર એ વાત બરાબર હોત તો જીવતા તથા મૃત્યુ પામેલા દરેકને પુકારવું મના હોત, કેમ કે તાષીર ન હોવામાં બંને બરાબર છે અને કોઈ મુસલમાન અલ્લાહ સિવાય કોઈની ઉલૂહિયત અને તાષીરનો અક઼ીદો નથી રાખતો.

## ★ એક વસવસો અને તેનું નિવારણ ★

અગર ઈન્કાર કરવાવાળા એમ કહે કે જીવતાને પુકારવુ અને એનાથી મદદ માંગવી એટલા માટે જાઈઝ છે કે એ જે વસ્તુ માંગીએ છે એની શક્તિ ધરાવે છે અને મૃત્યુ પામેલા અને જેમાં જાન ન હોય એમાં કાંઈ કરવાની શક્તિ અને તાકાત નથી હોતી એટલા માટે એને પુકારવું અને કોઈ વસ્તુ માંગવી મના અને હરામ છે. તો અમારો જવાબ એ હશે કે અમુક પર જીવતાની કુદરતનો જે તમારો અક઼ીદો છે એનાથી જરૂરી બને છે કે બંદો પોતાના ઈખ્તેયારમાં જે શક્તિ છે એનો પેદા કરવાવાળો



(ખાલિક઼) છે ! અને આ અક઼ીદો ખોટો અને એ ખયાલ ખોટો છે, કેમ કે અહલે સુન્નતનો અક઼ીદો છે કે બંદાને અને એના અફઆલ (કાર્યો)ને પૈદા કરવાવાળો કેવળ અલ્લાહ જ છે, અને બંદાની શક્તિ કેવળ જાહેરી છે.

અલ્લાહનું ફર્માન છે : **والله خلقكم وما تعملون** "અલ્લાહે તમોને અને તમારા અમલને પેદા કર્યા."

અને ફર્માવ્યું : **خالق كل شئى** "અલ્લાહ દરેક વસ્તુને પેદા કરવાવાળો (ખાલિક઼) છે."

એટલા માટે જીવતો, મૃત્યુ પામેલો અને જેમાં જીવ નથી સૌ એ રીતે બરાબર છે કે પેદા કરવાની અને તાષીરની કોઈનામાં શક્તિ નથી. પેદા કરવાવાળો અને તાષીર આપવાવાળો કેવળ અલ્લાહ તઆલા છે.

તૌહીદના વિરુધ્ધ કેવળ અલ્લાહના સિવાય બીજાની તાષીર માનવી અથવા ઉલૂહિયત અથવા ઈબાદતને લાયક સમજવાનો અક઼ીદો છે, અને આ ખોટા અક઼ીદાની સિવાય કેવળ પુકારવું નુકસાનકારક નથી.

## ★ 'યા' વડે પોકારવા વિશે બુઝુર્ગોનાં દૃષ્ટાંતો ★

ઉલૂહિયત અને તાષીરનો અક઼ીદો રાખ્યા વગર ઘણી હદીષોમાં મૃત્યુ પામેલા અને જેમાં જીવ નથી તેમને પુકારવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે દા.ત. એ અંધનું પુકારવું જે હઝરત ઉષ્માન બિન હનીફથી રિવાયત છે. જેમાં **يا محمد انى اتوجه بك الى ربى** (યા રસૂલલ્લાહ ! હું આપના વસીલાથી રબ તરફ ધ્યાનિત થાઉં છું) છે. અને સહાબાએ કિરામ હુઝૂર ﷺની વફાત પછી પણ એનો (ઈસ્તેમાલ) પ્રયોગ કરતા હતા.

હઝરત બિલાલ બિન હરષના વાકેઆમાં પણ છે કે એમણે હુઝૂર ﷺની ક઼બ્ર પર હાજરી આપી વિનંતિ કરી : یا رسول الله ! استسق لا متك (યા રસૂલલ્લાહ ! તમારી ઉમ્મત માટે વરસાદની દુઆ કરો !) એમાં પણ પુકારવું અને પોતાની ઉમ્મત માટે વરસાદની દુઆ માંગવું હતું.

ક઼બ્રની ઝિયારતના બારામાં હદીષોમાં પણ પુકારવું અને વાત કરવું છે :–

السلام عليكم يا اهل القبور અને السلام عليكم اهل الديار من المو منين و انا ان شاء الله بكم لاحقون

આ બંનેવ હદીષોમાં નિદા (પોકારવું) અને વાત કરવું છે એના સિવાય પણ ઘણી હદીષો છે જેનું બયાન કરવાથી વાત ઘણી લાંબી થશે !

એનાથી પહેલાં જણાવવામાં આવ્યું છે કે ચારેવ મઝહબે ઝિયારત કરવા માટે એ મુસ્તહબ બતાવ્યું છે કે એ હુઝૂર ﷺની ક઼બ્ર સામે હાજર રહી આ રીતે કહે :–

يا رسول الله انى جئتك مستغفراً من ذنبى مستشفعاً بك الى ربى

"હે અલ્લાહના રસૂલ ! હું ગુનાહોથી તૌબા કરવા માટે આવ્યો છું તો તમે પોતાના રબની બારગાહમાં મારી (શફાઅત) સિફારિશ કરો."

અત્તહિય્યાતમાં પણ પુકારવું છે, જેને મુસલમાન દરેક નમાઝમાં પઢે છે. السلام عليك ايها النبى و رحمة الله وبركاته (**તર્જુમોઃ**) "હે નબી ! આપના પર સલામ તથા અલ્લાહની રહમત તથા બરકત...."

હઝરત બિલાલ બિન હરષથી સહીહ રિવાયતથી સાબિત છે કે એક બકરીની કુર્બાની કરી જે કમજોર નીકળી તો કહેવા લાગ્યા:



وامحمداه !

وامحمداه ! وامحمداه !---- સહીહ હદીષોમાં છે કે જ્યારે સહાબાએ કિરામે મુસૈલમા કઝ્ઝાબ સાથે (જેહાદ) જંગ કર્યું ત્યારે એમની ઝબાન પર وامحمداه ! وامحمداه ! નો નારો હતો.

શિફા ક઼ાઝી અયાઝમાં છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનો પગ બેકાર થઈ ગયો તો એમનાથી લોકોએ કહ્યું, તમે એને યાદ કરો જેનાથી તમને વધારે ને વધારે મહોબ્બત છે. એમણે કહ્યું પગ સારો થઈ ગયો.

## ★ નિર્જીવને પોકારવા વિશે હદીષો ★

ઘણી હદીષોમાં નિર્જીવ ચીજોથી વાત કરવી તથા પુકારવું સાબિત છે. નબીએ કરીમ ﷺ કોઈ જગ્યાએ તશરીફ લઈ જતા, ત્યારે ફર્માવતા, يا ارض ! ربى وربك الله "હે જમીન મારો અને તારો રબ અલ્લાહ છે." કોઈપણ નથી કહી શકતુ કે આપના આ પુકારવામાં કુફ્ર કે શિર્ક છે, કેમ કે એમાં ગૈરુલ્લાહની ઉલૂહિય્યત કે તાષીર કે ઈબાદતના લાયક સમજવાની કોઈ વાત નથી.

ફુક઼હાએ કિરામ આદાબે સફરમાં બયાન કરે છે કે જ્યારે મુસાફરની સવારી નાસી જાય અને ત્યાં કોઈ હાજર ન હોય તો એણે કહેવું જોઈએ : يا عباد الله احبسوا "હે અલ્લાહના બંદાઓ ! પકડો !" અને જ્યારે કોઈ વસ્તુ ખોવાય જાય કે કોઈપણ મદદની જરૂરત હોય તો (او اغيثونى) يا عبد الله اعينو نى "હે ખુદાના બંદાઓ ! મારી મદદ કરો !" કેમ કે અલ્લાહના કેટલાક એવા બંદાઓ છે જેને આપણે જોઈ નથી શકતા.

ફુક઼હાની દલીલ આ હદીષ છે જેને ઈબ્ને સનીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત કરી છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું : કોઈ જાનવર રણમાં નાસી જાય તો આ રીતે પુકારે, **یا عبد الله احبسوا فان لِلّٰه عباداً یحبسونه** "હે અલ્લાહના બંદાઓ ! પકડો ! કેમ કે અલ્લાહના અમુક એવા બંદા હોય છે જે પુકારવાવાળાની મદદ કરે છે." એમાં પુકારવું અને મદદ માંગવી બંનેવનો આદેશ છે.

તિબ્રાનીથી રિવાયત છે, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈની કોઈ વસ્તુ ખોવાઈ જાય અથવા એને મદદની જરૂરત હોય અને એ એવી જગ્યાએ હોય જ્યાં કોઈ મદદ કરવાવાળુ ન હોય તો એણે કહેવું જોઈએ :–

**یا عباد الله اعینو نی (وفی رویۃ اغیثونی) فان لِلّٰه عباداً لا ترونهم**

"હે ખુદાના બંદાઓ ! મારી મદદ કરો ! કેમ કે અલ્લાહના કેટલાક એવા બંદા હોય છે જેને તમે જોઈ નથી શકતા."

અલ્લામા ઈબ્ને હજર ઈજાહુલ મનાસિકના હાશિયામાં લખે છે કે આ દુઆ મુજર્રબ (અકસીર) છે જે રીતે હદીષના રાવીએ પણ બયાન કર્યું છે.

અબૂ દાઊદ વગેરે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે. એમણે કહ્યું, જ્યારે રસૂલુલ્લાહ ﷺ સફર કરતા અને રાત થઈ જતી તો ફર્માવતા, હે જમીન ! મારો અને તારો રબ અલ્લાહ જ છે. હું તારા અને જે કાંઈ તારામાં છે અને જે કંઈ તારા અંદર પૈદા કરવામાં આવ્યું છે એ બધાના નુકસાન આપવાથી અલ્લાહની પનાહ માંગુ છું. અને સિંહ, સાપ, વિછી અને જે તારા પર ચાલે છે અને ગામોમાં રહેવાવાળા અને બાપ અને દિકરાઓના નુકસાનથી અલ્લાહની પનાહ ચાહું છું. ફુક્હાએ કિરામ કહે છે કે રાતના સમયે મુસાફરે આ દુઆ પઢવી (મસ્નૂન) સુન્નત છે. આ હદીષમાં જેમાં જીવ નથી એ



વસ્તુને પુકારવું અને વાત કરવું છે.

તિર્મિઝીએ અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما અને દારમીએ તલ્હા બિન ઓબૈદુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત કરી છે. નબીએ કરીમ ﷺ જ્યારે ચાંદ જોતા તો ફર્માવતા : **وربی وربك الله** "મારો અને તારો રબ અલ્લાહ છે." એમાં પણ નિર્જીવથી વાત કરવું છે.

## ★ વિસાલ બાદ હુઝૂરને અબૂબક્ર તથા ઉમરે પોકાર્યા ★

સહીહ હદીષમાં છે. જ્યારે રસૂલુલ્લાહ ﷺનો વિસાલ થયો તો હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ આ ખબર સાંભળીને જ આપની બારગાહમાં હાજર થયા, ચેહરા મુબારકથી ચાદર હટાવી અને નમીને ચૂમી લીધા પછી રડતાં રડતાં અર્ઝ કર્યું :–

**بابی و امی طبت حیا و میتاذ کرنا یا محمد عند ربك ولنکن من بالك۔**

"તમારા પર મારાં માં બાપ નિછાવર થાય ! જિંદગી અને વફાત બંનેવમાં તમે પાક રહ્યા. હે મુહમ્મદ ! તમારા રબના સમક્ષ અમોને યાદ કરો, અને અમોને પોતાના દિલમાં યાદ રાખજો."

ઈમામ અહમદથી રિવાયત છે કે આપે (પેશાની) કપાળ ચૂમી અને કહ્યું, **وانبیاه**! પછી બીજી વખત ચૂમી અને કહ્યું, **واصفیاه**! અને પછી ત્રીજી વખતે પેશાની ચૂમી કહ્યું, **واخلیله**! એમાં હુઝૂર ﷺની વફાત પછી પણ આપને પુકારવું અને વાત કરવું છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક્ની આ વાતોથી જ્યારે હઝરત ઉમરને આપની વફાતનું યકીન થઈ ગયું તો એમણે રડતાં રડતાં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં માં બાપ કુર્બાન !

તમે ખજૂરની ડાળ પર અમોને ખુત્બો આપતા હતા. જ્યારે લોકોમાં વધારો થયો તો તમે એક મિમ્બર બનાવ્યો એટલા માટે કે બધા સુધી પોતાનો અવાજ પહોંચાડી શકો. તમે મિમ્બર પર તશરીફ લઈ ગયા તો એ ડાળી આપથી અલગ થવાના કારણે રડવા લાગી. આપે એના ઉપર પોતાનો મુબારક હાથ રાખ્યો ત્યારે એને સુકૂન મળ્યું. જ્યારે ખજૂરની ડાળની આ હાલત છે તો તમારી ઉમ્મતને તો તમારા અલગ થવા પર ફરિયાદ કરવાનો વધારે હક્ક઼ પહોંચે છે.

યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં માં બાપ ન્યોછાવર ! ખુદાની બારગાહમાં તમારી ફઝીલત એટલી વિશેષ છે કે એણે તમારી ફર્માંબરદારીને પોતાની ફર્માંબરદારી કહી છે. ઈર્શાદ ફર્માવે છે, من يطع الرسول فقد اطاع الله 'જેણે રસૂલની ફર્માંબરદારી કરી, એણે અલ્લાહની ફર્માંબરદારી કરી.''

યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં માં બાપ કુર્બાન ! ખુદાની બારગાહમાં તમારી એટલી વધારે ફઝીલત છે કે એણે તમોને પોતાના છેલ્લા નબી બનાવી મોકલ્યા અને ઝિક્રમાં તમોને બધાથી પહેલાં રાખ્યા જે રીતે કે એણે ફર્માવ્યું :–

**واذا خذنا من النبيين ميثاقهم ومنك و من نوح و ابراهيم ومو سىٰ و عيسى بن مريم و اخذنا منهم ميثاقاً غليظاً**

''અને જ્યારે અમે નબીઓથી વાયદો લીધો અને તમારાથી અને નૂહ તથા ઈબ્રાહીમ તથા મૂસા તથા ઈસા બિન મરયમથી, અને અમે એમનાથી પાકો વાયદો લીધો.''

યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં માં બાપ નિછાવર કે ખુદાએ આપને એ ફઝીલત પણ આપી છે કે જ્યારે દોઝખવાળાઓને દોઝખમાં અઝાબ મળતો હશે તો તેઓ એ



તમન્ના કરશે કે કાશ ! તેમણે આપની ફર્માંબરદારી કરી હોત ! **يقولون يٰليتنا اطعنا الله واطعنا الرسول**''કહેતા હશે, અફસોસ ! કે કોઈપણ રીતે અમે અલ્લાહ અને રસૂલનો હુકમ માન્યો હોત.''

યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારા માં બાપ કુર્બાન ! થોડી જિંદગીમાં તમારા આટલા માનવાવાળા થઈ ગયા કે હઝરત નૂહના લાંબી ઉમરમાં પણ ન થઈ શક્યા.

હઝરત ઉમર ફારૂક઼ની ઝબાનથી નીકળવાવાળા આ વાક્યો પર વિચારો જેનામાં **એમણે વફ઼ાત પછી પણ રસૂલુલ્લાહ ﷺને ઘડી ઘડી પુકાર્યા છે.** આ હદીષને ઘણા ઈમામો એ રિવાયત કરી છે. ક઼ાઝી અયાઝે શિફામાં, કસ્તલાનીએ મવાહિબમાં, ગિઝાલીએ અહયાઉલ ઉલૂમમાં અને ઈબ્ને હજ્જાજે અલ્ મદખલમાં એનું વર્ણન કર્યું છે. આ બધી દલીલોથી એ ઈન્કાર કરવાવાળાઓની એ વાતો ખોટી સાબિત થાય છે કે દરેક પુકારવું અને દુઆ ઈબાદત છે.

## ★ હુઝૂરનાં પુત્રી તથા ફોઈએ 'યા'થી પુકાર્યા ★

સહીહ બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. સાહબઝાદીએ રસૂલ હઝરત ફાતેમા ઝહરા رضی اللہ عنہاએ રસૂલુલ્લાહ ﷺના વિસાલ પછી ફર્માવ્યું :–

**يا ابتاه اجاب ربا دعاه يا ابتاه جنة الفردوس ماواه۔ يابتاه الى جبريل ننعاه۔**

''હે અબ્બાજાન ! તમે અલ્લાહ તઆલાની દા'વતને સ્વીકારી, જન્નતુલ ફિરદૌસ તમારા રહેવા માટે જગા છે. અમે જિબ્રઈલને તમારા વિસાલની ખબર આપીએ છીએ.'' આ હદીષમાં પણ વફ઼ાત પછી પુકારવું છે.

રસૂલુલ્લાહ ﷺનાં ફોઈ હઝરત સફિય્યહએ કેટલાક

મર્ષિયા આપની શાનમાં કહ્યા. એક મર્ષિયાનો શેઅર આ છે :–

الا یارسول الله کنت زجائنا

وکنت بنابرا ولم تك جافیا

"યા રસૂલુલ્લાહ ! ﷺ તમે અમારી ઉમ્મીદ છો, તમે અમારા સાથે ભલાઈ કરવાવાળા હતા, બુરાઈ ન કરતા હતા."

આ શેઅરમાં પણ આપના વિસાલ પછી પુકારવામાં આવ્યા છે જેને સહાબાએ કિરામે સાંભળ્યું પરંતુ કોઈએ પોતાની નારાઝગી જાહેર નથી કરી.

દફન કર્યા પછી મુર્દાને તલક઼ીન કરવું પણ પુકારવું છે, જેને ઘણા ફુક઼હાએ કિરામે વર્ણન કર્યું છે. અને એમની દલીલ આ હદીષ છે જે તિબ્રાનીમાં હઝરત અબૂ અમામાથી રિવાયત છે જેને ઘણા જોવાવાળાઓનું સમર્થન પણ મળેલ છે. (તલક઼ીન) ખબરદાર કરવાનો તરીકો એ છે કે દફન કર્યા પછી મુડદાની ક઼બ્ર પાસે કોઈ આદમી આ રીતે કહે :–

یا عبدالله ابن امة الله ! اذکر العهد الذی جرجت علیه من الدنیا شهادة ان لا اله الا الله وحده لاشریك له وان محمدا عبده و رسوله وان الجنة حق والنار حق وان الساعة آتیة لاریب فیها۔ وان الله یبعث من فی القبور۔ قل رضیت بالله ربا۔ وبالا سلام دینا۔ و بمحمد صلی الله وعلیه وسلم نبیاً و بالکعبة قبلة وبالمسلمین اخواناً۔ ربی الله لا اله الا هو رب العرش العظیم۔

"હે અલ્લાહના બંદા ! અને એની બાંદીના પુત્ર ! પોતાનો એ વાયદો યાદ કર જેના પર તું દુનિયાથી ગયો. એટલે એ વાતની ગવાહી કે الله وحده لاشریك له અલ્લાહ સિવાય કોઈ



(મઅબૂદ) પૂજાના લાયક (મઅબૂદ) નથી, મુહમ્મદ એના બંદા અને રસૂલ છે. જન્નત અને દોઝખ હક઼્ક઼ છે, ક઼યામત આવવાની જ છે જેમાં કોઈ શક નથી, અલ્લાહ મૃત્યુ પામેલાઓને ક઼બ્રોમાં ઉઠાડશે, તું બોલ કે અલ્લાહના રબ હોવા પર, ઈસ્લામના દીન હોવા પર અને મુહમ્મદના નબી હોવા પર કા'બાના ક઼િબ્લા હોવા પર અને મુસલમાનોના ભાઈ હોવામાં ખુશ છું."

મારો રબ એ અલ્લાહ છે જેના સિવાય કોઈ પૂજનીય નથી, એ જ અઝમતવાળા અર્શનો રબ છે.

આ ખબરદાર કરવામાં (તલક઼ીન) મૃત્યુ પામેલાને પુકારવું અને વાત કરવી બંને છે. પછી ઈન્કાર કરવાવાળાઓ બિલકુલ પુકારવાથી મુસલમાનોને કેમ રોકે છે ?!

### ★ ખાડામાં મરેલા પડેલા કાફિરોને હુઝૂરે પોકાર્યા ! ★

એક હદીષમાં છે કે બદરની લડાઈના દિવસે જ્યારે કુરૈશના કાફિરોને મારીને ખાડામાં નાંખી દેવામાં આવ્યા તો નબીએ કરીમ ﷺએ એમને પુકાર્યા હતા. બુખારી અને અસ્હાબે સુનનની રિવાયત છે : નબીએ કરીમ ﷺ એમનું અને એમના બાપ દાદાનું નામ લઈને બોલાવવા લાગ્યા કે તમોને એનાથી કેટલી ખુશી મળત કે તમે અલ્લાહ અને રસૂલની ફર્માંબરદારી કરી હોત, અમારાથી અમારા રબે જે વાયદો કર્યો હતો એને અમે સાચો પામ્યો, શું તમે પણ તમારા રબના વાયદાને સાચો પામ્યો ?

અઈમ્માએ કિરામ, મહાન ઉલમા, અવલિયાએ કિરામના ક઼ૌલમાં જેનાથી પુકારવું અને સંબોધવાનો (ખિતાબનો) સબૂત મળે છે એને લખવા માટે ઘણી લાંબી ઉંમર જોઈએ. આની ઉપર અમલ કરતાં વરસો થઈ ગયાં પરંતુ કોઈએ પણ ઈન્કાર નથી કર્યો, તો આવી વસ્તુના લઈને જેની સાબિતીમાં અગણિત દલીલો

છે, કોઈ મુસલમાનને કાફિર કહેવો કેવી રીતે જાઈઝ થઈ શકે છે ?

સહીહ હદીષમાં છે : જે શખ્સ પોતાના મુસલમાન ભાઈને કાફિર કહીને બોલાવશે તો એમનામાંથી કોઈ એક બાજુ કુફ્ર પલટશે. જેને કહેવામાં આવ્યું છે એ એવો (કાફિર) છે તો એના પર, નહીં તો કાફિર કહેવાવાળા પ્રતિ પલટશે. (કહેનાર કાફિર થઈ જશે !)

ઓલમાએ કિરામ ફર્માવે છે કે એક હજાર કાફિરોને મારી નાખવા એક મુસલમાનના ખૂન કરવા કરતાં બેહતર છે. એટલા માટે ઈસ્લામથી અલગ કરવાવાળી ચોખ્ખી વાત સામે ન આવે ત્યાં સુધી કોઈ અહલે કિબ્લાને કાફિર કહેવાથી બચવું જરૂરી છે.

મેં શૈખ મુહમ્મદ બિન સુલેમાન અલ કરદી અલ મદની મુહસ્સી બાફઝલ ફી ફિકહ અલલ મઝહબ શાફઈની એક કિતાબ જોઈ. એમણે પોતાના શાગિર્દ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી જેણે મદીનામાં આપથી ઈલ્મ હાંસલ કર્યો હતો એને સંબોધન કરીને ફર્માવ્યું : ''હે ઈબ્ને અબ્દુલ વહહાબ ! એના પર સલામતી જે હિદાયતની પૈરવી કરે, હું તને કેવળ અલ્લાહના માટે નસીહત કરું છું કે મુસલમાનોથી પોતાની જબાન રોકી લે. અગર કોઈ શખ્સને તું સાંભળે કે એ અલ્લાહ સિવાય જેનાથી મદદ માંગે છે એની તાષીરનો અકીદો રાખે છે તો એને સાચી વાત બતાવી આપ અને દલીલ આપી દે કે ખુદાના સિવાય કોઈ (મોઅષ્ષિર) અસર પૈદા કરવાવાળો નથી. જેનો એ ઈન્કાર કરે તો કેવળ એને કાફિર કહી શકે છે, પરંતુ મુસલમાનોના સવાદે આ'ઝમને કાફિર કહેવાની તારી પાસે કોઈ દલીલ નથી. અને તું જાતે સવાદે આ'ઝમથી અલગ થઈ ચૂક્યો છે. જે શખ્સ સવાદે આ'ઝમ (અહલે સુન્નત વ જમાઅત)થી અલગ થઈ ચૂક્યો હોય



તેના પ્રતિ કુફ્રની નિસ્બત અધિક નિકટ છે કેમ કે એણે મુસલમાનોનો રસ્તો છોડી દીધો.''

અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે :–

**ومـن يشاقق الرسول من بعد ماتبين له الهدىٰ ويتبع غير سبيل المؤمنين نوله ماتولىٰ و نصله جهنم سأت مصيراً**

''સાચો રસ્તો રોશન થઈ ગયા પછી જે શખ્સ રસૂલના વિરુધ્ધ કરે અને મુસલમાનોથી અલગ રસ્તા પર ચાલે અમે એને એની હાલત પર છોડી દઈશું અને દોઝખમાં દાખલ કરીશું જે પલટવાની કેટલી બુરી જગા છે.'' *(સૂ. નિસાઅ–૧૧૫)*

(હદીષમાં છે) વરૂ એ જ બકરીને ખાય છે જે ટોળાથી દૂર થઈ જાય છે.

બધી વાતોનો ખુલાસો એ છે કે ઝિયારત અને વસીલાનો ઈન્કાર કરવાવાળા પોતાની હદોથી આગળ નીકળી ગયા અને સવાદે આ'ઝમને કાફિર સમજ્યા, એમના માલ અને ખૂનને જાઈઝ સમજ્યું, એમને એ મુશ્રિકોની જેવા સમજ્યા જે હુઝૂર ﷺના જમાનામાં હતા અને કહ્યું કે આ બધા મુશ્રિકો છે કેમ કે નબીએ કરીમ ﷺ અને બીજા નબીઓને અવલિયાએ કિરામને વસીલો બનાવે છે, કબ્રે નબીની ઝિયારત કરે છે અને આ લોકો પુકારે છે; યા રસૂલલ્લાહ ! ﷺ અમે તમારાથી શફાઅત માંગીએ છીએ.

### ★ કાફિરો માટેની આયતો મુસલમાનો પર ફીટ કરી ! ★

એ મુન્કિરો (ઈન્કાર કરવાવાળાઓ)એ મુશ્રિકોના વિશે નાઝિલ થવાવાળી આયતો મુસલમાનો પર બેસાડી આપી. દા.ત. **فلا تدعوا مع الله احداً** ''તમે અલ્લાહની સાથે કોઈની પૂજા (ઈબાદત) ન કરો.''

ومن اضل ممن يدعو من دون الله من لا يستجيب له الىٰ يوم القيامة وهم عن دعائهم غافلون و اذا حشر الناس كانوا لهم اعدآءً و كانوا بعبادتهم كافرين۔

"અને એનાથી વધીને ભટકેલો કોણ જે અલ્લાહના સિવાય એવાની પૂજા કરે જે કયામત સુધી એમની વાત ન સાંભળે, એમને એમની પૂજાની ખબર પણ નથી અને જ્યારે ઉઠાડવામાં આવશે તે એમના દુશ્મન હશે અને એમની ઈબાદતોને નકારનારા બની જશે !"

ولا تدع مع الله الهاً آخر فتكون من المعذبين۔

"તમે અલ્લાહની સાથે બીજાની પૂજા (ઈબાદત) ન કરો કે તમારા પર અઝાબ થશે."

لـه دعـوة الحـق والـذيـن يدعون من دونـه لايستجيبون لهم بشـيء الا كـابسـط كـفيـه الـىٰ الـماء ليبلغ فاه و ماهو ببالغه و ما دعاء الكفرين الا فى ضلال

"એને પુકારવું (હક્ક) બરાબર છે. અને એના સિવાય જેને પુકારે છે એ એમની કોઈપણ વાત નથી સાંભળતાં, પરંતુ એ રીતે જે પાણીની સામે પોતાની હથેળી પહોળી કરીને બેઠો કે એના મોમાં આવી જાય. અને એ કદાપિ પહોંચશે નહીં અને કાફિરોની દરેક દુઆ ભટકતી રહે છે."

والـذين تدعون من دونه مايملكون من قطمير ان تدعوهم لا يسـمعـوا دعـائـكـم و لـوسـمـعـوا مـا ستجابوا لكم ويوم القيٰمة يكفرون بشر ككم ولا ينبئك مثل خبير۔

"અને તેના સિવાય જેને તમે પૂજો છો એ ખજૂરના દાણાની છાલનો પણ માલિક નથી. તમે એને પુકારશો તો એ તમારું



પુકારવું નહીં સાંભળે, અને માની લો કે સાંભળી લે તો તમારી જરૂરતો પૂરી નહીં કરી શકે અને કયામતના દિવસે તમારા શિર્કને નકારનારા થશે. અને તને આ બતાવવાવાળાની જેમ કોઈ નહીં બતાવે."

قل ادعـوا الـذيـن زعـمتـم مـن دعونه فلا يملكون كشف الضر عـنـكـم ولا تـحـويلا اولـئك الـذيـن يـدعون يبتغون الىٰ ربهم الوسيلة ايهم اقرب ويرجون رحمته ويخافون عذابه ان عذاب ربك كان محدوراً۔

"તમે કહો, બોલાવો એમને જેમને અલ્લાહના સિવાય તમે ગુમાન કરતા હતા તો એ તમારાથી તકલીફો દૂર કરવાનો અને ન ફેરવવાનો અધિકાર ધરાવે છે. એ મકબૂલ બંદા જેમને આ (કાફિર) પૂજે છે એ ખૂદ પોતાના રબની તરફ વસીલો શોધે છે કે એમાં કોણ વધારે નજીક છે, એની રહમતની ઉમ્મીદ રાખે છે. અને એના અઝાબથી ડરે છે, બેશક ! તારા રબનો અઝાબ ડરવાની વસ્તુ છે."

કુર્આને કરીમમાં આ રીતની ઘણી આયતો છે જેમાં મુન્કિરોએ દુઆનો મતલબ પુકારવું સમજીને એમને ઈમાનવાળા પર ફીટ કરી આપી અને એવું કહેવા લાગ્યા કે મુસલમાન નબીએ કરીમ ﷺ, નબીઓ અને વલીઓથી મદદ માંગે અને પુકારે, શફાઅત તલબ કરે એઓ પણ એ મુશ્રિકો જેવા છે. આ આયતના ઉમૂમ (સામાન્યપણા)માં દાખલ છે અને અરબના મુશ્રિકો જે રીતે કહેતા હતા, مانعبدهم الا ليقربونا الى الله زلفىٰ "અમે એ મૂર્તિઓની પૂજા એટલા માટે કરીએ છે કે એ અમોને અલ્લાહના નજીક કરી આપે."

મુશ્રિક પણ મૂર્તિઓમાં પૈદા કરવાનો અને તાષીરનો અકીદો

ન રાખતા હતા, બલ્કે અલ્લાહ તઆલાને જ પેદા કરવાવાળો સમજતા હતા.

ولئن سالتهم من خلق السمٰوات والارض ليقولن خلقهن العزيز الحكيم

"અને એ મુશ્રિકોને પૂછો કે એમને કોણે પેદા કર્યા, તો એ જરૂર કહેશે કે અલ્લાહે ! અને એમને પૂછો કે જમીન અને આસમાન કોણે પેદા કર્યા ? તો જરૂર કહેશે કે ઈજ્જત અને હિકમતવાળા અલ્લાહે એમને પેદા કર્યા."

અલ્લાહે શિર્કનો હુકમ એમના ઉપર એટલા માટે લગાડયો કે એ મૂર્તિને ખુદાની નજીક થવાનો ઝરીયો સમજતા હતા, એટલે આ વસીલો અને પુકારવાવાળા એમની જેવા છે.

તેઓ (વિરોધીઓ) કહે છે કે તૌહીદના બે પ્રકારો છે : તૌહીદે રબૂબિયત તથા તૌહીદે ઉલૂહિયત. મુશ્રિકો તૌહીદે રબૂબિયતનો અને મુવહ્હિદો તૌહીદે ઉલૂહિયતનો ઈકરાર કરે છે. તૌહીદે ઉલૂહિયત (અલ્લાહને એક માનવું) ઈસ્લામમાં દાખલ કરી દે છે, પરંતુ કેવળ તૌહીદે રબૂબિયતનો અક઼ીદો પૂરતો નથી.

**ઈન્કાર કરવાવાળાઓની ઉપરોક્ત બધી જ વાતો ખોટી છે.** આયતમાં દુઆનો મતલબ ઈબાદત છે. એમને તલ્બીસ કરીને પુકારવાનો મતલબ ગણી લીધો જે ઉપર જણાવવામાં આવી તે દલીલોના પ્રકાશમાં ખોટુ છે. તૌહીદે રબૂબિય્યત અને તૌહીદે ઉલૂહિયતને બે પ્રકારમાં વહેંચવું પણ ખોટું છે. કેમ કે બંનેવ એક જ વસ્તુ છે.

અલ્લાહનું ફર્માન છે :–

الست بربكم قالوا بلىٰ એણે الست بالٰهكم નથી કહ્યું. એટલા માટે તૌહીદે રબૂબિયત પૂરતુ છે. આ વાત ખબર જ છે કે જે



શખ્સ અલ્લાહની રબૂબિયતને માનશે એ એની ઉલૂહિયતને પણ માનવાનો જ છે. કેમ કે રબ એ ઈલાહથી અલગ નથી બલ્કે રબ જ ઈલાહ છે.

હદીષ શરીફમાં છે, બે ફરિશ્તા ક઼બ્રમાં પૂછે છે : من ربك એ من الهك નથી કહેતા. જેનાથી સાબિત થાય છે કે તૌહીદે રબૂબિયત જ તૌહીદે ઉલૂહિયત છે.

અફસોસ ! અને તાજ્જુબવાળી વાત તો એ છે કે કોઈ મુસલમાન اشهد ان لا اله الا الله و اشهدان محمداً رسول الله એમના સામે પઢે તો પણ કહે છે કે તમે તૌહીદ નથી ઓળખી ! આ તો તૌહીદે રબૂબિયત છે, અને તમને તૌહીદે ઉલૂહિયતની ઓળખ નથી. અને પછી એ જૂઠી બાતિલ તલબીસાતના થકી એમની જાન અને માલને જાઈઝ સમજવા લાગ્યા છે. જ્યારે કે કાફિરની તૌહીદ સહીહ જ ક્યારે છે ?!

જો એમની તૌહીદ બરાબર હોત તો એમને દોઝખથી બહાર કાઢી લાવત કેમ કે દોઝખમાં કોઈપણ મુવહ્હિદ બાકી નહીં રહે.

મુસલમાનો ! હદીષોમાં કોઈ દિવસ પઢ્યું છે કે રસૂલુલ્લાહ ﷺ પાસે અરબના લોકો ઈસ્લામ કબૂલ કરવા માટે આવતા હતા તો આપ એમને તૌહીદે રબૂબિયત અને તૌહીદે ઉલૂહિયત સમજાવતા હતા ? અને કહેતા હતા કે કેવળ તૌહીદે ઉલૂહિયત જ ઈસ્લામમાં લાવશે અથવા કેવળ બે વસ્તુની શહાદત અથવા જાહેરી શબ્દો જ પર બસ કરીને એમને ઈસ્લામનો હુકમ આપી દેતા હતા ?

છેવટે આ ઈન્કાર કરવાવાળાઓ કેમ અલ્લાહ અને રસૂલ પર તોહમત મૂકે છે ?!

જે શખ્સ તૌહીદે રબૂબિયતને માનવાવાળો હશે એ તૌહીદે

ઉલૂહિયતને પણ માનવાવાળો હશે, અને જે રબના સાથે શરીક કરશે એ અલ્લાહના સાથે પણ શરીક કરશે. મુસલમાનોનો ઈલાહ રબના સિવાય કોઈ નથી અને જ્યારે لا اله الا الله કહે છે તો એમનો આ અક઼ીદો રહે છે કે અલ્લાહ જ એમનો રબ છે, એ અલ્લાહના સિવાયથી ઉલૂહિયતનો એ જ રીતે ઈન્કાર કરે છે જે રીતે અલ્લાહના સિવાય કોઈના રબ હોવાનો ઈન્કાર કરે છે. અને અલ્લાહને એની જાત સિફત અને અફઆલમાં એકલો અજોડ માને છે.

મુશ્રિકો કેવળ એ કારણથી કુફ્ર અને શિર્કમાં નથી ફસાયા કે એમણે મૂર્તિઓની ઈબાદત (પૂજા)ને ખુદાની નજીક થવાનું કારણ સમજ્યું બલ્કે **કુફ્ર અને શિર્કમાં ફસાવાનું કારણ એ છે કે એ એમને ઈલાહ અને પૂજાના લાયક સમજવા લાગ્યા,** ભલે એમનો અક઼ીદો એ પણ રહ્યો કે પૈદા કરવાવાળો અને તાસીર આપવાવાળો અલ્લાહ જ છે.

અલ્લાહના સિવાય બીજાને ઈલાહ અને પૂજાના લાયક માનવો એ જ અક઼ીદાએ એમને શિર્કમાં ફસાવ્યા અને એટલા માટે એમનો આ અક઼ીદો ફાયદો ન આપી શક્યો કે અલ્લાહ તઆલા પૈદા કરવાવાળો અને તાષીર આપવાવાળો છે.

પરંતુ અલ્હમ્દુલિલ્લાહ ! **મુસલમાન આવા કોઈપણ અક઼ીદાથી બચેલા છે અને અલ્લાહના સિવાય કોઈને પૂજવા લાયક અને પૂજ્ય બિલકુલ નથી માનતા** અને પોતાના ખુદાને જ પૈદા કરવાવાળો, તાષીર આપવાવાળો, મઅબૂદ, રબ અને પૂજવા લાયક સમજે છે. આ જ પાયાનો તફાવત છે જે ઈન્કાર કરવાવાળાઓની સમજમાં ન આવ્યો. અને હોશો હવાસ ગુમાવીને તૌહીદે રબૂબિયત અને ઉલૂહિયત જેવા



પ્રકારો કરવા લાગ્યા, જેનો નતીજો એ નીકળ્યો કે મુસલમાનોને કાફિર સમજવા અને કહેવા લાગ્યા. ઉપર જણાવેલ વાતો પર વિચાર કરો (ઈન્શાઅલ્લાહ !) તમારા પર સારી રીતે જાહેર થઈ જશે અને હક઼ીક઼ત સામે આવી જશે કે સવાદે આ'ઝમ (અહલે સુન્નત) જ હક્ક઼ પર છે જેનાથી ભાગવાનું કોઈ કારણ નથી.

## તમન્નાએ મદીના

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)**

નિભા લો તુમ નિભા લો તુમ નિભા લો યા રસૂલલ્લાહ !
બુલા લો અબ મદીનેમેં બુલા લો યા રસૂલલ્લાહ !
સતાતે હૈં જો દુન્યાવાલે ઉસકા કુછ નહીં હૈ ગમ
મુઝે બસ અપના કહકર તુમ બુલા લો યા રસૂલલ્લાહ !
સુનહરી જાલિયોંકે સામને પહુંચા હૂં મૈં આકા
મુઝે અપની ઝિયારત તુમ કરા દો યા રસૂલલ્લાહ !
અતા હો ઈલ્મકી દૌલત અતા હો દીદકી દૌલત
દમે આખિર મદીના ભી અતા હો યા રસૂલલ્લાહ !
મેરી કિસ્મત બુરી હો તો ખુદારા તુમ ભલી કર દો
સંવારો મેરી કિસ્મતકો સંવારો યા રસૂલલ્લાહ !
કરમસે મુફ્તીએ આ'ઝમ કે પહૂંચા હૂં મૈં ઈસ દર પર
ઉન્હીં કા સાથ મહશરમેં અતા હો યા રસૂલલ્લાહ !
શફાઅતકા સવાલી હૂં સવાલી હૂં મૈં રહમતકા
ઈજાબતસે નવાઝો તુમ નવાઝો યા રસૂલલ્લાહ !
તસદ્દુક ગૌષે આ'ઝમકા તવસ્સુલ આ'લા હઝરતકા
બક઼એ પાકકે ક઼ાબિલ બના દો યા રસૂલલ્લાહ !
મુઈને રાહે તય્બહ્ હૈ મેરે ખ્વાજા મુઈનુદ્દીન
મુઈને રાહે જન્નત ભી બના દો યા રસૂલલ્લાહ !
નિગાહે મુફ્તીએ આ'ઝમને ઝિંદા કર દિયા દિલકો
ઉન્હીંકા સાથ મેહશરમેં અતા હો યા રસૂલલ્લાહ !
તમન્ના યે લિએ જાતા હૈ આકા **'શાકિરે રઝવી'**
ઈસે ઈઝ્ને મદીના ફિર અતા હો યા રસૂલલ્લાહ !

# તબર્રુકાત થકી બરકતની સાબિતી

મુસલમાનોને કાફિર કહેવાવાળા આ બદ્‌મઝહબો (વહાબીઓ)નો અક઼ીદો છે કે સાલેહીનની ઝિયારત માટે સફર કરવી અને એમનાથી બરકત હાંસલ કરવી મોટુ શિર્ક છે, જે ખોટુ છે. કેમ કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના સહાબા હઝરત ઉમર બિન ખત્તાબ અને હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہماને હઝરત ઉવૈસ કરની પાસે જઈને એમનાથી દુઆ ઈસ્તેગફાર (ઉમ્મતના માટે બખ્શિશ) માંગવાનો આદેશ આપ્યો જેમ કે સહીહ મુસ્લિમમાં એનું ઝિક્ર છે.

**નેક લોકોથી બરકત માંગવાનું સબૂત એ છે કે સહાબાએ કિરામનો તરીક઼ો હતો કે નબીએ કરીમ ﷺના વુઝૂના પાણી માટે ભેગા થતા અને એનાથી બરકત હાંસલ કરતા હતા, નાક મુબારક સાફ કરતા અથવા લુઆબે દહન (મોઢાનું થૂંક મુબારક) બહાર ફેંકતા તો સહાબાએ કિરામ એને ઝીલી લઈને મોઢા પર લગાડી લેતા, સર મુબારક મુંડાવતા તો લોકો હજામના આજુબાજુ ભેગા થઈને (મૂએ મુબારક) બાલ મુબારક એકબીજા વહેંચી લેતા અને એનાથી બરકત હાંસલ કરતા. જ્યારે આપે (નિરર્થક લોહી) કઢાવ્યું તો અબ્દુલ્લાહ બિન ઝુબૈરે એ નીકળેલું લોહી મુબારક પી લીધું. હઝરત ઉમ્મે અયમને પેશાબ મુબારક પી લીધો, આપે ફર્માવ્યું, ઉમ્મે અયમન ! તમારા માટે ફાયદો છે. સહીહ હદીષોથી આ બધી વાતો સાબિત છે જેનો ઈન્કાર કોઈ જાહિલ**



**અથવા કોઈ રસૂલુલ્લાહનો દુશ્મન જ કરી શકે છે.**

## ★ તબર્રુકની બરકત વિશે હુઝૂરનું ફર્માન ★

બલ્કે એ પણ સાબિત છે કે રસૂલુલ્લાહ ﷺ હઝરત અબ્બાસ رضی اللہ عنہની હોઝનું પાણી પીવા માટે તશરીફ લઈ ગયા તો આમ મુસલમાનોના વપરાશમાં આવતુ પાણી બારગાહે રિસાલતમાં પેશ કરવું યોગ્ય ન સમજીને હઝરત અબ્બાસે પોતાના છોકરા હઝરતે અબ્દુલ્લાહને હુકમ આપ્યો કે એ ઘરેથી આપના માટે બીજુ પાણી લાવે અને રસૂલુલ્લાહ ﷺથી વિનંતિ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આ પાણીમાં લોકોના હાથ લાગ્યા છે એટલા માટે અમે બીજુ પાણી આપના માટે લાવીએ છીએ. જેના પછી આપે ઈર્શાદ ફર્માવ્યું,

**لا ! انما ارید برکة المسلمین ومامسته ایدیهم "નહીં ! હું મુસલમાનો અને એમણે જે વસ્તુને હાથ લગાડયો એનાથી બરકત હાંસલ કરવા ચાહું છું." જ્યારે રસૂલે ખુદાનું આ ફર્માન છે તો કોઈ બીજાએ એનાથી રોકવાની શું જરૂરત અને એની શું ઔકાત ?**

દરેક મુસલમાનમાં નૂર અને બરકત છે અને કોઈ મુસલમાન અલ્લાહના સિવાય બીજાની તાષીરનો અક઼ીદો નથી રાખતો તો નેક લોકોની નિશાનીઓથી બરકત માંગવામાં કોઈ શિર્ક કે કોઈ પણ રીતે હરામ નથી.

આ લોકો મુસલમાનોને ધોકો આપી પોતાનો ફાયદો અને મક઼સદ હાંસલ કરવા ચાહે છે.

فلاحول ولا قوة الا بالله العلی العظیم એમનો અકીદો છે કે મુસલમાન એ જ છે જે એમની વાત માને અને એમના આ ખયાલો પ્રમાણે મુસલમાન બહુ જ ઓછા રહી ગયા છે.

# શયખે નજદીની હાલતો

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી દરઈય્યાની મસ્જિદના દરેક જુમ્આના ખુત્બામાં કહેતો રહેતો હતો, જે શખ્સે પણ નબીએ કરીમ ﷺને વસીલો બનાવ્યા એણે કુફ્ર કર્યું.

એના ભાઈ શૈખ સુલેમાન બિન અબ્દુલ વહહાબ (લેખક : અસ્સવાઈકુલ ઈલાહિયહ ફી રદ્દિલ વહાબિય્યહ્) આલિમે દીન હતા અને એના આવા હુકમ પર અને કામો પર ઘણી જ ટીકા ટીપ્પણ કરતા હતા અને એની કોઈ બિદઅત એમણે ન માની.

**★ શૈખ નજદીને લાજવાબ કરતા પ્રશ્નો ! ★**

શૈખ સુલેમાને એક વખત મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદીને પૂછયું, ઈસ્લામની બુનિયાદ કેટલી છે ? એણે કહ્યું, પાંચ. આપે ફર્માવ્યું, તેં એમને (૬) બનાવી દીધી કે જે તારી વાત ન માને એ કાફિર છે ! આ તારી વધારેલી છટ્ટી ઈસ્લામની બુનિયાદ છે !

કોઈ શખ્સે એક વખતે મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદીને પૂછયું, અલ્લાહ તઆલા રમઝાનની દરેક રાત્રે કેટલા બંદાઓને આઝાદ કરે છે ? ઈબ્ને અબ્દુલ વહહાબે કહ્યું કે દરેક રાત્રે એક લાખ અને છેલ્લી રાત્રે આખા મહીના બરાબર આઝાદ કરે છે. **એ શખ્સે કહ્યું કે હમણા જે તેં બતાવ્યું એનાં દસમા ભાગના પણ તારી પૈરવી કરવાવાળા નથી અને જ્યારે તેં પોતાને અને પોતાની પૈરવી કરવાવાળાઓને જ મુસલમાન સમજી રાખ્યા છે તો પછી એ કયા મુસલમાન**



**છે જેમને અલ્લાહ તઆલા આઝાદ કરે છે ?!** فبهت الذى كفر

જ્યારે શૈખ સુલેમાન અને શૈખ નજદીમાં ઝઘડો ઘણો વધી ગયો, તો શૈખ સુલેમાનને લાગ્યું કે એ એમને મારી નાખવાનો આદેશ આપી દેશે એટલે એ મદીના તયબહ જતા રહ્યા અને એના વિરુધ્ધમાં એક કિતાબ લખીને એની પાસે મોકલાવી પરંતુ એ ન માન્યો. ઘણા હંબલી આલિમોએ એની વિરુધ્ધમાં કિતાબો લખી અને એની પાસે મોકલાવી પરંતુ એ કોઈ પણ રીતે ન માન્યો.

એક વખતે એક તાકૃતવાળુ શૈખ ખાનદાન જેના ઉપર શૈખ નજદી હમલો ન કરી શક્તો હતો, એમણે એનાથી કહ્યું, જો કોઈ સાચો અને દયાનતદાર માણસ તને કહે કે ઘણા લોકો તારા પર હુમલો કરવાના છે અને ફલાણા પહાડના નીચે સુધી આવી ચૂક્યા છે. જેની સચ્ચાઈ જાણવા માટે તું એક હજાર સિપાહીઓને મોકલે જે એ પહાડ નીચે જુએ, તો કોઈ પગનું નિશાન યા આદમી ન મળે તો એવી હાલતમાં તું એક હજાર આદમીઓની વાતને સાચી માનીશ કે એ એક સાચાની વાત પર યકીન કરેલો રાખીશ ?! એણે કહ્યું એક હજારની વાત માનીશ. શૈખ કબીલાએ કહ્યું, બધા જ પહેલા અને આજના મુસલમાન આલિમોએ પોતાની કિતાબોમાં જે કાંઈ લખ્યું એનાથી તારી વાતો જૂઠી સાબિત થાય છે, તો અમે એમની વાત માનીશું કે તારી ? એનો એ કોઈ જવાબ ન આપી શક્યો.

એક શખ્સે એને એક વખતે પૂછયું, તારો લાવેલો ધર્મ જોડાયેલો (મુત્તસીલ متصل) મળેલો છે કે (મુનૂફસિલ منفصل) અલગ થયેલો ? એણે જવાબ આપ્યો, છસો (૬૦૦) વરસ

સુધીના મારા મશાઈખ મુશ્રિક હતા. તે શખ્સે કહ્યું, ત્યારે તો તારો ધર્મ અલગ થયેલો છે. એને તેં કોનાથી હાંસલ કર્યો ? એણે જવાબ આપ્યો, ખિઝરના જેમ ઈલ્હામી વહીથી હાંસલ કર્યો. એણે કહ્યું કે આ વહીનો તો દરેક શખ્સ દાવો કરી શકે છે. એ સવાલ કરવાવાળાએ ફરી પૂછયું, વસીલાના જાઈઝ હોવા પર બધા જ અહલે સુન્નતનો ઈત્તેફાક છે. શૈખ ઈબ્ને તૈમિયાએ પણ એના બે પ્રકારો બતાવ્યા છે અને વસીલો કરવાવાળાને કાફિર નથી કહ્યા. રાફઝી, ખારજી અને અહલે બિદઅત પણ નબી અકરમ ﷺથી વસીલાનું બરાબર હોવું કહે છે, તો પછી તું જ કેમ કાફિર કહે છે ? મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે જવાબ આપ્યો, ઉમરે અબ્બાસના વસીલાથી વરસાદ માંગ્યો, નબીએ કરીમ ﷺના વસીલાથી નહીં. એનાથી શૈખ નજદીનો એ મતલબ છે કે હઝરત અબ્બાસ જીવતા હતા એટલે હઝરત ઉમર رضی اللہ عنہએ એમના વસીલાથી વરસાદ માંગ્યો, અને નબીએ કરીમ પર્દો ફર્માવી ચૂક્યા હતા એટલે એમના વસીલાથી વરસાદ ન માંગવામાં આવ્યો. એ શખ્સે કહ્યું, આ તારા વિરુધ્ધ દલીલ છે. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہના વસીલાથી એટલા માટે વરસાદ માંગ્યો કે નબી સિવાય પણ વસીલો બનાવવાનું બરાબર હોવું લોકો જાણી લે. તું એ કામને દલીલ કઈ રીતે બનાવે છે ? હઝરત ઉમરથી તો આ હદીષ રિવાયત છે કે નબીએ કરીમ ﷺના દુનિયામાં તશરીફ લાવતા પહેલાં જ હઝરત આદમ علیہ السلامએ આપને વસીલો બનાવ્યા હતા ? નબીએ કરીમ ﷺથી વસીલાની વાત તો હઝરત ઉમર વગેરેને ખબર જ હતી, પરંતુ હઝરત અબ્બાસને વસીલો બનાવવાનું કારણ એ હતું કે લોકોને ખબર પડી જાય કે નબીએ કરીમ સિવાય બીજા નબીઓ અને નેક લોકોને વસીલો બનાવવું જાઈઝ છે અને સહીહ



છે. આ સાંભળી શેખ નજદી હેરાન અને ખામોશ થઈ ગયો !

## ★ શૈખ નજદીના કુકર્મોની દાસ્તાન ! ★

એનું એક બુરું કામ એ પણ છે કે જ્યારે એણે કબ્રે નબી ﷺની ઝિયારતનું મના કરી દીધું તો કેટલાક લોકો અલ અહસાથી નીકળ્યા અને ઝિયારત માટે મદીના મુનવ્વરા હાજર થયા. જેની ખબર શૈખ નજદીને પણ થઈ ગઈ. પાછા ફરતી વખતે એ લોકો દરઈય્યા થઈને નીકળ્યા તો એણે આદેશ આપ્યો કે એમની દાઢી કાઢી નાખવામાં આવે પછી એમને ઊંધા સવાર કરી દરઈય્યાથી અલ અહસા મોકલી દીધા.

એક વખત એણે સાંભળ્યું કે કેટલાક લોકો જે એની વાતો માનવાવાળા ન હતા એ કોઈ દૂરની જગાથી ઝિયારત અને હજ્જના માટે આવી રહ્યા છે અને દરઈય્યામાં થઈને નીકળવાના છે. તો કોઈ ઝિયારત કરવાવાળાએ શૈખ નજદીને પોતાની પૈરવી કરવાવાળાને આવું કહેતો સાંભળ્યો કે મુશ્રિકોનો રસ્તો છોડી દો આ મદીના જઈ રહ્યા છે અને મુસલમાનોને (વહાબીઓ)ને મારી સાથે રહેવા દો.

બારગાહે રસૂલ ﷺમાં દુરૂદો સલામ મોકલવાને મના કહેતો હતો અને એ સાંભળીને એને તકલીફ પહોંચતી હતી. જુમ્આની રાત્રે દુરૂદ શરીફ પઢવાથી રોકતો હતો. મીનારા પર ઊંચા અવાજથી દુરૂદ શરીફ પઢવાનું ના કહેતો હતો અને જે મુસલમાન આ વાત ન માને એને સખત સજા આપતો હતો. એટલે જ એક આંધળા આદમી જે નેક અને સારા અવાજમાં અઝાન આપવાવાળા હતા અને અઝાન પછી દુરૂદ શરીફ પઢતા હતા એમને એણે એવું કરવાનું ના કહ્યું, પરંતુ એ ન માન્યા તો એણે આદેશ આપી શહીદ કરાવી દીધા. અને કહેતો હતો કે બદ્કાર

ઔરતના ઘરમાં બદ્કારી કરવાનો ગુનો મીનારા પર દુરૂદ શરીફ પઢવાથી ઓછો છે ! આ રીતના કામો કરતો હતો અને પોતાની પૈરવી કરવાવાળાઓને એમ કહી ધોકો આપતો હતો કે આ બધુ તૌહીદની હિફાઝત માટે છે, જે કેટલી બુરી વાતો છે !

દુરૂદો સલામની કિતાબો દા.ત. દલાઈલુલ ખૈરાત વગેરે એવું કહી સળગાવી નાખી કે આ બધી બિદઅતો છે અને હું તૌહીદની હિફાઝત કરવાવાળો છું.

તફસીર, હદીષ અને ફિકહની કિતાબો પઢવાથી પોતાની પૈરવી કરવાવાળાઓને રોકતો હતો. અને ઘણી કિતાબો એણે સળગાવી દીધી. પોતાની પૈરવી કરવાવાળાઓને એણે ખુલ્લી છૂટ આપી દીધી હતી કે જે ચાહે એ પોતાની સમજના પ્રમાણે કુર્આનની તફસીર કરી શકે છે ! જેના પર એ અમલ પણ કરતા હતા. જેને કુર્આને કરીમની થોડી આયતો પણ યાદ હોય એ એટલી હિંમત કરતો કે કોઈ બીજા પઢવાવાળાને કહેતો, મને કંઈક પઢીને સંભળાવ તો હું એની તફસીર બતાવું ! અને એ જ્યારે પઢતો તો એ પોતાની મરજી પ્રમાણે તફસીર કરતો.

શૈખ નજદીએ આદેશ આપી રાખ્યા હતા કે જેને કુર્આને કરીમ જે રીતે સમજમાં આવે એ રીતે ફેંસલા આપે, એના પર અમલ કરે અને આવી પોતાના ગુમાનથી કરેલી તફસીરોને ઈલ્મની કિતાબો અને નુસૂસ ઓલમા (ઉલમાની દલીલો) પર ફઝીલત આપી.

ચારેવ ઈમામોના કૌલના બારામાં કહી દેતો હતો, આ કંઈ પણ નથી ! અને કોઈ વખત એવું કહીને ધોકો આપતો કે અઈમ્માએ કિરામ (ઈમામો) તો સાચા છે પરંતુ એમની પેરવી કરવાવાળા અને એમના શાગિર્દોએ ચારેવ મઝહબને ભેગા કર્યા



એ બરાબર નથી, એ ખૂદ (ગુમરાહ) ભટકી ગયા અને અન્યોને પણ (ગુમરાહી) ભટકાવ્યા.

કોઈક વખતે કહેતો, શરીઅત તો એક જ છે, આ ઈમામોએ ચાર મઝહબ કેવી રીતે બનાવી દીધા ? અમે કિતાબ અને રસૂલની સુન્નત પર અમલ કરીશું, કોઈ મિસ્રી, શામી, હિંદીની પૈરવી નહીં કરીએ. એનાથી એની મુરાદ હંબલીઓના મોટા આલિમો છે જેમણે એના વિરુધ્ધમાં કિતાબો લખી.

હક્ક હોવાનો નિયમ તેનો એ હતો કે એની ઈચ્છા પ્રમાણે હોય, ભલે તે શરીઅતની દલીલો અને ઈજમાએ ઉમ્મતના ઈત્તેફાકના વિરુધ્ધ હોય.

અલગ અલગ તરીકાઓથી નબીએ કરીમ ﷺની શાનમાં ગુસ્તાખી કરતો અને સમજતો કે આ જ તૌહીદની હિફાઝત છે. દા.ત. આપ ﷺના બારામાં કહેતો, એ કેવળ તારિશ (એલચી) છે. નજદવાળાઓની ભાષામાં તારિશ એને કહેવામાં આવે છે જેને એક જગાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવે. એટલે નબીએ કરીમ ﷺ કેવળ (હામિલે કિતાબ) કિતાબ ઉઠાવવાવાળા છે, એને એમના રુત્બાની હદ એ છે કે એ એલચી જેવા છે જેને કોઈ બાબતે અમીર કે કોઈ અન્ય આદમી પાસે કાંઈક ખબર લઈને મોકલવામાં આવે, અને એને એ પહોંચાડીને પાછા આવી જાય. હુદૈબિયાના બનાવના બારામાં કહેતો, મેં એ બારામાં વિચાર્યું તો ફલાણી ફલાણી વાત મને ખોટી લાગી !

એની પેરવી કરવાવાળા પણ આ રીતે કરતા, બલ્કે એનાથી પણ વધારે બુરી વાતો કરતા અને શૈખ નજદીને બતાવતા તો આવી બુરી વાતો સાંભળી ઘણો જ ખુશ થતો અને એની સામે પણ આવી વાતો કરતા તો ખુશી થતી.

એક નજદી એમ કહ્યા કરતો હતો કે, મારી આ લાકડી મુહમ્મદના અસા (લાકડી) કરતાં સારી છે. (મઆઝલ્લાહ !) કેમ કે સાપ વગેરે મારવામાં એનાથી ફાયદો થાય છે. અને મુહમ્મદ તો મૃત્યુ પામ્યા, એમનાથી કોઈ ફાયદો નથી, બસ ! એ તારીશ (એલચી) હતા, એ જતા રહ્યા.

**★ શૈખ નજદીથી ઉસ્તાદો તથા વાલિદ નારાજ ! ★**

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી બની તમીમના ખાનદાનમાં પૈદા થયો. શરૂમાં મદીના મુનવ્વરામાં રહીને ઈલ્મ હાંસલ કર્યો અને મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરા બરાબર આવવું જવું રહ્યું. ઘણા બધા મદીના શરીફના આલિમો દા.ત. શૈખ મુહમ્મદ બિન સુલેમાન કરદી શાફઈ અને શૈખ મુહમ્મદ હયાતુસ્સનદી હનફી વગેરેથી ઈલ્મ હાંસલ કર્યો. **આ બંને શૈખ નજદીમાં ગુમરાહીની નિશાનીઓ જોતા હતા અને ફર્માવતા હતા, આ જલ્દી ગુમરાહ થશે અને એના લીધે અલ્લાહ તઆલા બીજા બદ્‌નસીબોને ગુમરાહ કરશે.** એટલે કે એવું જ થયું અને એમનું સમજવું બરાબર સાબિત થયું.

શૈખ નજદીના પિતા શૈખ અબ્દુલ વહહાબ નેક આલિમોમાંથી હતા **એ પણ એની અંદર બદ્‌મઝહબીની અને ગુમરાહીઓની નિશાનીઓ જોઈ એને ખરુ ખોટુ કહેતા હતા અને લોકોને એનાથી ધમકાવી દૂર રાખતા હતા.** એ જ રીતે એમના **ભાઈ શૈખ સુલેમાન પણ એની બિદઅતો, ગુમરાહીઓ અને ખોટા અક઼ીદાઓનો સખતીથી વિરોધ કરતા હતા** અને એના વિરુધ્ધમાં એક પૂરી કિતાબ પણ લખી જેનું નામ "સબાઈકુલ અહલિય્યહ ફી રદ્દિ અલલ્ વહાબિય્યહ્" છે.

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદીની પેદાઈશ હિજરી



૧૧૧૧માં થઈ અને એક લાંબી જિંદગી કાઢીને હિજરી ૧૨૦૬માં પોતાના વજૂદથી આ દુનિયાને પાક કરી. જ્યારે એણે પોતાની બિદઅત ગુમરાહી ફેલાવવાનો વિચાર કર્યો તો મદીના મુનવ્વરાથી પશ્ચિમ (નજદ) તરફ એણે સફર કરી અને લોકોને તૌહીદની અને શિર્ક ત્યજવાની દા'વત આપવા લાગ્યો. એમનાથી વાતો કહેવા લાગ્યો કે બધા જ લોકો શિર્ક અને ગુમરાહીમાં ફસાયેલા છે. એ રીતે થોડો થોડો પોતાનો અક઼ીદો જાહેર કરતો જેને સાંભળીને ઘણા બધા લોકો અને જાહિલો એની સાથે થઈ ગયા.

નજદમાં હિજરી ૧૧૪૩માં એના અક઼ાઈદ જાહેર થયા અને હિજરી ૧૧૫૦માં એ ખોટા અક઼ાઈદથી મશહૂર થઈ ગયો.

અમીરે દરઈય્યાહ મુહમ્મદ બિન સઊદે એની દા'વત ક઼બૂલ કરી લીધી એનો મદદગાર બની ગયો. એ દા'વતને પોતાની હુકૂમત વધારવાનો ઝરીયો સમજીને દરઈય્યાના લોકોને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબની પૈરવી કરવા ઉશ્કેર્યા પછી એમને મજબૂર કરવા લાગ્યો જેના કારણે ઘણા અરબના કબીલા એક એક કરીને એના ફર્માંબરદાર બની ગયા અને એની દા'વતના કામમાં વધારે મજબૂતી આવી ગઈ. બાદીયાવાળા પણ એનાથી ડરવા લાગ્યા.

**★ નજદી વહાબીના નવા ધર્મની બુરાઈઓ ★**

શૈખ નજદી જાહિલોથી કહેતો હું તમોને તૌહીદ અપનાવવાની અને શિર્કને છોડવાની દા'વત આપુ છું. ભાત ભાતની વાતો બનાવતો અને દીનને ન જાણવાવાળા જાહિલ સમજતા હતા કે એ સારું કામ કરે છે. એ એમનાથી કહેતો કે હું તમને દીનની દા'વત આપુ છું. અને આ સાતેવ આસમાન નીચે જેટલા લોકો

છે બધા જ મુશ્રિક છે, જે શખ્સ કોઈ મુશ્રિકને કતલ કરશે એના માટે જન્નત છે. જેને એઓ માનતા અને એ વાતોથી એમનાં દિલને સંતૃષ્ઠ પણ રહેતાં.

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ એમના વચ્ચે એ રીતે રહેતો હતો જે રીતે નબી પોતાની ઉમ્મતમાં રહે છે. એ જે પણ કહેતો એને એની પૈરવી કરવાવાળા કહેતા અને એના આદેશ વગર કાંઈ પણ કરતા ન હતા, એની ઘણી જ (તા'ઝીમ) ઈજ્જત કરતા.

એ જ્યારે કોઈ ઈન્સાનને કત્લ કરતા તો એમનો માલ સામાન લઈ લેતો અને પાંચમો હિસ્સો અમીર મુહમ્મદ બિન સઊદને આપતો અને બાકીનો માલ સામાન આપસમાં વહેંચી લેતો હતો.

એ જ્યાં જતો એની સાથે રહેતા અને એની દરેક વાત માનતા. અમીર મુહમ્મદ બિન સઊદ એના આદેશ લોકો પર લાગુ કરતો અને હુકૂમત વધારવાની કોશિશમાં પણ રહેતો જેમાં એને કામ્યાબી મળી.

આ ફિત્નો અને હુકૂમતના ફેલાતા પહેલાં શરીફ મસ્ઊદ બિન સઅદ બિન ઝૈદ હિજરી ૧૧૪૬–૧૧૫૬માં મક્કા મોઅઝ્ઝમાના અમીર હતા. એમના વખતે આ વહાબીઓએ હજ્જ કરવાની કોશિશ કરી તો એમનાથી ઈજાઝત માંગી, જેનો ખાસ મક્સદ એ હતો કે પોતાના અકીદાઓ જાહેર કરે અને મક્કા શરીફ અને મદીના શરીફના લોકોને પોતાના તરફ ખેંચી શકે. એમના અકીદા બગાડવા એમના ત્રીસ આલિમો પણ મોકલી દીધા કે એ હજ્જની ઈજાઝત માંગે ચાહે એમને દર વરસે હજ્જ માટે થોડી ઘણી રકમ પણ કેમ ન આપવી પડે.

### ★ શરીફે મક્કાએ નજ્દીઓને શિક્ષા કરી ★

મક્કા શરીફ અને મદીના શરીફના લોકોને એ વાતની ખબર



પડી ગઈ હતી કે નજદમાં આ જમાઅત પૈદા થઈ છે અને ગામડાવાળાઓના અકાઈદ ખરાબ કરી રહ્યા છે, પરંતુ એની સાચી હકીકત એ લોકોને ખબર ન હતી. જ્યારે આ વહાબી આલિમો મક્કા શરીફ તથા મદીના શરીફમાં દાખલ થયા તો શરીફ મસ્ઊદે હુકમ આપ્યો કે મક્કા શરીફ, મદીના શરીફના આલિમો એમનાથી બહષ કરે. એમણે એનાથી મુનાઝરો કર્યો તો એઓ એવા ગધેડાની જેમ ભાગી નીકળ્યા જે રીતે સિંહથી નાસે છે ! અને એમના અકાઈદ પર વિચારણા કરી તો ઘણા જ કુફ્રવાળા હતા. એ ઓલમાએ હરમૈને જ્યારે એમના સામે દલીલો આપી તેમને ખોટા સાબિત કર્યા તો શરીફ મસ્ઊદ કાઝીએ શરઅને આદેશ આપ્યો કે એ એમનાથી જાહેર થયેલી કુફ્રવાળી વાતોની સનદ લખી આપે જેથી આગલા પાછલા લોકો એમનાથી હોશિયાર અને ખબરદાર થઈ જાય.

પછી એ બેદીનોને બંદી બનાવાયા અને એમને સાંકળોથી જકડવાનો એમણે આદેશ આપ્યો તો કેટલાકને તો પકડીને બાંધી દેવામાં આવ્યા અને કેટલાક નાસી છૂટી દરઈય્યા પહોંચ્યા અને ત્યાં જે કાંઈ પણ બન્યું એની ખબર આપી તો એમનો અમીર (બાગી) એમના વિરુધ્ધ થઈ ગયો પણ હાલાતને જોતાં ચૂપ રહ્યો અને ખરા સમયની રાહ જોવા લાગ્યો. હિજરી ૧૧૬૫માં શરીફ મસ્ઊદના મૃત્યુના કારણે એની હુકૂમત ખતમ થઈ ગઈ.

શરીફ મસ્ઊદ પછી એમનો ભાઈ શરીફ મસાઈદ બિન સઈદ મક્કા શરીફનો અમીર બન્યો એનાથી પણ વહાબીઓએ હજ્જની પરવાનગી માંગી પરંતુ એણે ના કહી દીધું એટલા માટે એ પોતાના મક્સદમાં કામ્યાબ ન થયા. હિજરી ૧૧૪૮માં શરીફ મસાઈબ પણ મૃત્યુ પામ્યો અને એની હુકૂમત પૂરી થઈ ગઈ. શરીફ મસાઈબ પછી એનો ભાઈ શરીફ અહમદ બિન સઈદ

મક્કા શરીફનો અમીર બન્યો. દરઈય્યાના અમીરે એની પાસે પોતાના આલિમોની ટોળી મોકલી, અમીરે મક્કાએ હરમૈનના આલિમોથી કહ્યું, એ એમનું ઈમ્તિહાન લે. એમણે ઈમ્તિહાન લીધું તો બેદીન જણાયા જેના કારણે એણે હજ્જની ઈજાઝત આપવાથી ઈન્કાર કરી દીધો.

શરીફ અહમદથી જ્યારે એમના ભત્રીજા સરવર બિન મસાઅદે હિજરી ૧૧૮૬માં અમારત છીનવી લીધી તો એનાથી પણ એમણે હજ્જ માટે પરવાનગી માંગી. શરીફ સરવરે ખબર કરી કે જો તમે હજ્જ કરવા આવવા માંગો છો તો હું દર વરસે આટલા રૂપિયા લઈશ જે રાફઝીઓ અને અજમીઓથી લઉં છું, એના ઉપરાંત ૧૦૦ સારા ઘોડા પણ લઈશ. તો એમને આ આપવું અને રાફજીઓ જેવા કહેવાથી ખોટું લાગ્યું. હિજરી ૧૨૦૨માં શરીફ મૃત્યુ પામ્યો.

શરીફ સરવર પછી એનો ભાઈ શરીફ ગાલિબ મક્કા શરીફનો અમીર બન્યો. એના પાસે પણ હજ્જની પરવાનગી માટે વહાબીઓએ આદમી મોકલ્યા પરંતુ શરીફ ગાલિબે એમને કડકાઈથી ના કહી દીધું અને હુમલો કરવાની ધમકી આપી. હિજરી ૧૨૦૫માં એક લશ્કર તૈયાર કરી એમના પર શરીફ ગાલિબે હુમલો કર્યો. હિજરી ૧૨૦૫થી ૧૨૨૦ સુધી અમુક લડાઈઓ થઈ, છેલ્લે શરીફની હાર થઈ અને પોતાનો બચાવ ન કરી શક્યો અને સખ્તીથી રોકવાની કોશિશ કરવા છતાં મક્કા મુકર્રમામાં આ વહાબીઓ ઘુસી ગયા. એ અરસામાં એમનો ફિત્નો ફેલાઈ ચૂક્યો હતો અને હુકૂમત પણ વધી ગઈ હતી. નજ્દ પછી અલ અહસા, બેહરીન, અમ્માન, મસ્કત પર એમનું પ્રભુત્વ થઈ ગયું હતું અને બગદાદથી બસરા સુધી એમની સલ્તનતની હદો વિસ્તરી ચૂકી હતી. એના પછી મદીના મુનવ્વરા



અને શામ સુધીનો બધો જ વિસ્તાર એમના પ્રભુત્વમાં આવી ગયો. શામ અને હલબ સુધી એઓ પહોંચી ગયા અને શામ, હલબ, બગદાદ, મક્કા મુકર્રમા, મદીના તૈયબાના અરબ લોકો અને એમનો વિસ્તાર એમના પ્રભુત્વમાં આવી ગયો.

## ★ નજ્દીઓના જુલ્મની દાસ્તાન ★

મક્કા મુકર્રમા અને તાઈફ પર કબજો થતા પહેલાં એની આજુબાજુના કબીલાઓ પર એમનો કબજો થઈ ચૂક્યો હતો. હિજરી ૧૨૧૭માં જ્યારે તાઈફના અંદર ઘુસી ગયા તો નાના મોટા અમીર તથા આમ આદમી દરેકને કત્લ કરી નાખ્યા, કેટલાક ઉમરવાળા લોકો જ બચી ગયા, નહીં તો **છોકરાઓને તો એમની માંઓની છાતીઓ પર કાપી નાંખ્યા, માલ સામાન લૂટી લીધો, ઔરતોને કૈદી બનાવી દીધી,** અને ઘણી એવી હરકતો કરી જેને લખવાથી વાત ઘણી લાંબી થઈ જશે.

મુહર્રમુલ હરામ હિજરી ૧૨૧૮માં મક્કા મુકર્રમામાં એમનો પ્રવેશ થયો. શરીફે મક્કામાં મુકાબલો કરવાની શક્તિ ન રહી એટલા માટે મક્કા મુકર્રમા છોડી જિદ્દાહ જતો રહ્યો. એમના પ્રવેશ થવાના બે પડાવ પહેલાં જ મક્કાવાળાઓએ જઈને એમનાથી સલામતી (અમાન) માંગી તો એ અમાનની સાથે મક્કામાં પ્રવેશ કર્યો પછી શરીફ ગાલિબથી લડાઈ કરવા માટે એ વહાબીઓએ જિદ્દાનો સફર કર્યો. શરીફ ગાલિબે એમનાથી લડાઈ કરી અને તોપો ચલાવી જેના કારણે એ જિદ્દામાં પ્રવેશ ન પામી શક્યા એટલા માટે સફર હિજરી ૧૨૧૮માં પોતાના વતન પાછા જતા રહ્યા અને મક્કા મુકર્રમા માટે પોતાના અમુક આદમી છોડી ગયા.

રબીઉલ અવ્વલ હિજરી ૧૨૧૮માં શરીફ ગાલિબ ઘણા

સિપાહીઓ સાથે અને પાશા અમીરે જિદ્દા સાથે મક્કા મુકર્રમા પાછો ફર્યો અને વહાબીઓને ભગાડી ફરીથી મક્કાનો અમીર બની ગયો. હિજરી ૧૨૨૦ સુધી એ બંને વચ્ચે સતત લડાઈ ચાલુ રહી. આજુબાજુના વિસ્તાર પર અધિકાર મેળવ્યા પછી **વહાબીઓએ પાછુ મક્કા મુકર્રમાને ચારે બાજુથી ઘેરી લીધું અને ચારે બાજુથી રસ્તા બંધ કરી દીધા જેનાથી લોકો ઘણી જ મુસીબતમાં પડી ગયા. મોંઘવારી એટલી વધી ગઈ કે લોકો કૂતરા અને મરેલા જાનવરો ખાવા મજબૂર થઈ ગયા.** મજબૂર થઈને શરીફ ગાલિબે સુલેહ કરી લીધી જેના પછી તેઓ પ્રવેશી ગયા.

હિજરી ૧૨૨૭ સુધી એમની હુકૂમત રહી પછી મિસરના સુલ્તાન મેહમૂદના આદેશથી મુહમ્મદ અલી પાશાએ લશ્કર લઈ હુમલો કરી હરમૈન તૈયબેનથી વહાબીઓને મારી ભગાડયા. નજદી ઈલાકામાં પણ એણે ફોજો મોકલી અને કેટલીક લડાઈઓની સરદારી જાતે કરી અને જડમૂળમાંથી એમને તબાહ કર્યા. કેટલાક મક્કા મુકર્રમાના આલિમોએ એમના નીકળવાની તારીખ આ રીતે કાઢી છે, **કતઅ દાબિરુલ ખવારિજ** (હિ.સ. ૧૨૨૭)

એમનો પહેલો અમીર મુહમ્મદ બિન સઊદ હતો એના મૃત્યુ પછી એની ઔલાદે એની જગા લીધી અને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબના સાથે પણ એવું જ બન્યું એના મૃત્યુ પછી એના છોકરાઓએ એની જગા લીધી.

મુહમ્મદ બિન સઊદ અને એની ઔલાદનો તરીકો હતો કે જ્યારે કોઈ કબીલા પર કબ્જો કરતા તો એના નજીકના બીજા કબીલાઓ પર અને એમને એના નજીકના કબીલા પર થોપી દેતા હતા. એ રીતે બધા જ કબીલા પર એમનો (કબજો) અધિકાર



થઈ ગયો.

અમીરને કોઈ શહેર પર હુમલો કરવો હોય અને કેટલાક બીજા કબીલાને પોતાની સાથે રાખવાનો વિચાર હોય તો એક નાની ચિટ્ઠી લખી પોતાના ત્યાં હાજર રહેવાનો આદેશ આપી દેતો જેને માની સફર માટેનો જરૂરી સામાન લઈ હાજર થઈ જતા અને એને દરેક રીતે બેફિકર રાખતા. એની પાસે કોઈ ફૌજ અને હિસાબ કિતાબ માટે કોઈ બંદોબસ્ત ન હતો. જ્યારે કોઈ જગાએથી લોકોને મારીને લૂટી લાવતા તો પાંચમો હિસ્સો અમીરને આપતા અને એ જ્યાં કાંઈ જાય એની સાથે હજારો નજદી વહાબી હોતા જેમનો મુકાબલો વિરુદ્ધવાળા કબીલાઓ ન કરી શકતા.

આ એક બહુ મોટુ ઈમ્તેહાન હતું જેનાથી અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને અજમાવ્યા. **ઈસ્લામમાં આ એક ઘણો જ મોટો ફિત્નો હતો જેનાથી દિમાગો હેરાન અને પરેશાન થઈ ગયાં અને (એહલે હક્ક઼) સવાદે આ'ઝમ (અહલે સુન્નત) તાજ્જુબમાં પડી ગયા.**

જાહિલોને નજદી એ રીતે ધોકો આપતા કે એ એમને (અન્સાર) દીનના મદદગાર સમજવા લાગતા. દા.ત. તૌહીદની, નમાઝ પાંચ ટાઈમની, જુમ્આ અને જમાઅતની પાબંદી, જાહેરી બુરાઈઓ જેમ કે બુરાં કામો, સૃષ્ટી વિરુધ્ધનું કૃત્ય (લવાતત), લૂટફાટથી રોકવું આ બધી વાતો સાંભળી પબ્લિક એને સારો સમજવા લાગતી અને એમની આંખોથી એ વાત છુપાયેલી રહેતી કે આ મુસલમાનોને કાફિર કહે છે. જેમ કે એ ૬૦૦ વરસ સુધીના મુસલમાનો પર કુફ્રનો હુકમ લગાડતો હતો, એ જ રીતે બીજા મુસલમાનોની જાન અને માલને (હલાલ) જાઈઝ સમજતો હતો. નબીએ કરીમ ﷺ અને એમનાથી મહોબ્બત

કરવાવાળાઓના વિશે જાત જાતની તૌહીન કરતો હતો. એ ઉપરાંત પણ એમણે ઘણી બુરી બિદઅતો અપનાવી હતી અને એના લીધે મુસલમાનોને કાફિર કહેતો હતો.

## ★ વહાબી ધર્મમાં દાખલ થનારને નજ્દી શું કરતો ★

મજબૂરીમાં અગર કોઈએ વહાબિયત કબૂલ કરવી પડતી તો એનાથી પહેલાં તૌહીદ અને રિસાલતનો ઈકરાર કરાવતો પછી એનાથી કહેતો કે ગવાહી દે કે આજથી પહેલાં કાફિર હતો, તારા માં બાપ કુફ્રની હાલતમાં મૃત્યુ પામ્યાં અને ફલાણા ફલાણા પણ કાફિર હતા. અને એના સામે પહેલાંના આલિમોનાં નામો લઈ એમને કાફિર કહેવડાવતો હતો. જો એ શખ્સ ગવાહી આપતો તો એને વહાબિયતમાં પ્રવેશ આપતો, નહીં તો એના કત્લ માટે આદેશ આપી દેતો.

જ્યારે કોઈ શખ્સ વહાબિયતમાં પ્રવેશ કરે અને એનાથી પહેલાં હજ્જ કરી ચૂક્યો હોય તો એનાથી કહેતો કે ફરીથી હજ્જ કર ! કેમ કે પહેલી હજ્જ તેં એ વખતે કરી હતી જ્યારે તું મુશ્રિક હતો, એટલા માટે તારા પર ફર્ઝ થયેલી હજ્જ બાકી છે. કોઈ બીજા શહેરનો આદમી એમના અંદર પ્રવેશ કરતો તો એને મુહાજિર અને પોતાના શહેરવાળાઓને અન્સાર કહેતો.

## ★ નજ્દીનો દીન નબી, સહાબા, પૂર્વજ બુઝુર્ગો સૌથી વિરુધ્ધ ! ★

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબના અકીદાથી જાહેર થાય છે કે નબુવ્વતનો દાવો કરત પરંતુ ખુલીને નબુવ્વતનો દાવો કરવાની એની હિંમ્મત ન થઈ.

આ અકીદા જાહેર કર્યા તે સમયમાં એને જૂઠા નબુવ્વતનો



દાવો કરવાવાળા દા.ત. મુસૈલમા કઝઝાબ, સજાહ, તલીહા અસદી.... વગેરેની જિંદગી વિશે જાણવાનો ઘણો જ શોખ હતો જેનાથી એવું લાગે છે કે એના દિલમાં નબુવ્વતનો દાવો કરવાની તમન્ના છુપાયેલી હતી અને જો સંજોગો એને મોહલત આપત તો એ એવું જ કરતો.

પોતાની પેરવી કરવાવાળાને કહેતો કે હું એક નવો દીન લાવ્યો છું. અને એની વાતો અને કામોથી એ જાહેર પણ થાય છે, એટલા માટે એ ચારેવ મઝહબના ઈમામો પર અને ઓલમાની વાતોની બુરાઈઓ કરતો હતો.

કેવળ કુર્આનને માનતો અને પોતાની ખ્વાહિશના પ્રમાણે એની મતલબ (તાવીલ) બયાન કરતો, અને આ માનવું પણ દેખાવ પૂરતુ જ હતું કે લોકોને એની અસલ હાલતની ખબર ન પડે અને ક્યાંક એમ કહીને એનાથી અલગ ન થઈ જાય કે તું અને તારી પેરવી કરવાવાળા પોતાના મતલબ પ્રમાણે કુર્આનની મનઘડત તાવીલો કરો છો, અને એ તફસીરો નથી કરતા જે નબીએ કરીમ ﷺ, સહાબાએ કિરામ, સલ્ફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) અને ઈમામોએ તફસીર કરી છે.

એ કુર્આન સિવાય હદીષ, સહાબાના કૌલ અને તાબઈન અને અઈમ્માએ મુજતહેદીનને ન માનતો હતો. કુર્આન અને હદીષથી કહેલી વસ્તુને પણ ન માનતો હતો અને ઉમ્મતના ઈત્તેફાક (ઈજમાઅ) અને સહીહ કયાસને પણ ન માનતો હતો.

લોકોને ધોકો આપવા માટે પોતાને હંબલી કહેતો હતો પરંતુ ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ એના આ આક્ષેપથી પાક છે. એ જ કારણે ઘણા બધા એ વખતના હંબલી આલિમોએ એના વિરુધ્ધ કિતાબો લખી, બલ્કે ખૂદ એના ભાઈ શૈખ સુલેમાન બિન

અબ્દુલ વહહાબે પણ એના વિરુધ્ધ કિતાબ લખી.

મુશ્રિકોના બારામાં નાઝિલ થયેલી આયતોને મુસલમાનો પર ઠોકી બેસાડતો અને એમને કાફિર કહેતો જેમ કે ખારજીઓની આદત છે.

બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, "ખારજીઓની નિશાની એ છે કે એ કાફિરના બારામાં નાઝિલ થયેલી આયતોને મુસલમાનો પર થોપી દેશે."

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી જ બીજી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મને પોતાની ઉમ્મત પર એ શખ્સથી વધારે ખતરો છે જે કુર્આનની મનઘડત તાવીલો કરશે." આ બધી જ વાતો ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી અને એની પૈરવી કરવાવાળાઓ માટે સાચી સાબિત થાય છે.

એનાથી વધારે તાજ્જુબની વાત એ છે કે એ પોતાના જાહિલ આલિમોને લખતો કે પોતાની સમજ પ્રમાણે ઈજતેહાદ કરો અને આ દીનને ફેલાવવા માટે જે પણ સારું લાગે એ પ્રમાણે ફેંસલો કરો અને એ કિતાબો બાજુ ધ્યાન આપવાની જરૂર નથી જેમાં સાચું અને જૂઠુ બંનેવ છે. જે આલિમો અને નેક લોકો અને આમ મુસલમાન એની બિદઅતોને ન માનતા એમને કત્લ કરી દેતો, ઝકાતને પોતાની ઈચ્છા પ્રમાણે જેને ચાહે તેને આપી દેતો.

એની પેરવી કરવાવાળા કોઈ એક મસ્લકને નથી માનતા બલ્કે શૈખ નજદી જેવો આદેશ આપતો એ પ્રમાણે એ ઈજતેહાદ કરી લેતા અને દેખાવ માટે પોતાને મસ્લકે ઈમામ અહમદ બિન હંબલની પેરવી કરવાવાળા કહી લોકોને ધોકો આપતા. **નમાઝ પછી દુઆ માંગવું શૈખ નજદીની નજીક બિદઅત છે.**

ચારેવ મઝહબના ઘણા આલિમોએ ફર્માને રસૂલ પર અમલ



કર્યો અને એના વિરુધ્ધમાં વિસ્તારપૂર્વક કિતાબો લખી કે **જ્યારે બિદઅતો જાહેર થાય અને આલિમ ચૂપ રહે તો એમના પર અલ્લાહ, ફરિશ્તા અને બધા ઈન્સાનોની લા'નત છે. જ્યારે અહલે બિદઅત જાહેર થાય છે તો અલ્લાહ તઆલા પોતાની દલીલ (હુજ્જત)ને જે મખ્લૂકની જબાનથી ચાહે છે જાહેર કરી આપે છે.** એટલા માટે પૂર્વ અને પશ્ચિમના આલિમોએ એમનો વિરોધ કર્યો અને કેટલાક આલિમોએ મસ્લકે ઈમામ અહમદ બિન હંબલના પ્રમાણે જ રદ કર્યો અને એને એના સવાલો કર્યા જેનો કોઈ પણ નાનો તાલિબે ઈલ્મ જવાબ આપી દેતો પરંતુ શૈખ નજદી જવાબ ન આપી શક્યો, કેમ કે એના અંદર ઈલ્મની સહીહ જાણકારી ન હતી અને કેવળ એ જ વાતો જાણતો હતો જે શૈતાન એના માટે સજાવીને એના સામે લાવ્યો હતો.

અલ્લામા શૈખ મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન અફાલિકે "તહકુમુલ મુકલ્લિદીન બિમન અદઆ તજદીઉદીન" લખીને એના મનઘડત અકીદાનો વિરોધ (રદ) કર્યો, પછી ઉલૂમે શરીઅત અને અદબના વિશે કેટલાક સવાલો લખી એની પાસે મોકલ્યા જેના એ જવાબ ન આપી શક્યો. એમના અમુક સવાલો આ છે :

સૂરએ આદિયાત જે કિસારે મુફસ્સલમાંથી છે, એમાં હકીકતે શરઈય્યહ, હકીકતે લુગવિય્યહ અને હકીકતે ઉર્ફિય્યહ કેટલી છે ?......(વગેરે ઈલ્મી સવાલો હતા જે અહીં લખતા નથી શોખ ધરાવનાર મૂળ ઉર્દૂ કિતાબ "મસાઈલે તવસ્સુલો ઝિયારત"નો અભ્યાસ કરે. *–પ્રકાશક*)

# ખારજીઓની નિશાનીઓ

ખારજીના બારામાં નબીએ કરીમ ﷺએ ઘણી હદીષોમાં ખબર આપી છે જે નબુવ્વતની નિશાનીઓમાંથી છે કેમ કે આ ગૈબની ખબરો છે. આ બધી જ હદીષો સહીહ છે, કેટલીક હદીષો સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં અને અમુક બીજી હદીષોની કિતાબોમાં છે.

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**الفتنة من ھھنا۔ الفتنة من ھھنا و اشار الی المشرق**

''ફિત્નો અહીંથી નીકળશે, અને (મશ્રિક) પૂર્વ (નજદ) તરફ ઈશારો કર્યો.''

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, પૂર્વથી અમુક લોકો નીકળશે જે કુર્આન પઢશે જે એમના હલક (ગળા)થી આગળ નહીં વધે, દીનથી એ રીતે નીકળી જશે જે રીતે તીર કમાનથી. દીનમાં પાછા નહીં ફરે જ્યાં સુધી તીર કમાનના તરફ નહીં આવે. એમની અલામત (નિશાની) માથુ મૂડાવવું છે.

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, **નજીકના સમયમાં મારી ઉમ્મતમાં એવું થશે કે કેટલાક લોકો સારી વાતો કરશે અને એમનાં કામો બુરાં હશે. કુર્આન પઢશે એમનું ઈમાન એમના હલક (ગળા)થી આગળ નહીં વધે, દીનથી એ રીતે નીકળી જશે જે રીતે તીર કમાનથી. દીનમાં પાછા નહીં ફરે જ્યાં સુધી તીર**



**કમાનમાં પાછુ ન ફરે.** ઘણી જ બુરી આદતોવાળા બુરા લોકો હશે. **ખુશખબરી છે એના માટે જે એમને કત્લ કરે, અથવા જેને એ શહીદ કરે.** અલ્લાહની કિતાબ (કુર્આન)ની દા'વત આપશે, જો કે એનાથી એમને કોઈ લગાવ નહીં હોય. જેણે એમને કત્લ કર્યા એ અલ્લાહનો (મુકર્રબ) મહબૂબ છે. એમની (નજદીઓની) નિશાની માથુ મૂડાવવું છે.

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, છેલ્લા વખતમાં અમુક લોકો નીકળશે જેમની ઉમર અને અક્કલ ઓછી હશે. સારા લોકોની જેમ વાતો કરશે, કુર્આન પઢશે જે એમના હલક (ગળા)થી નીચે નહીં ઉતરે. **જ્યારે એમનાથી તમારી મુલાકાત થાય તો એમને મારી નાખો. એમને મારી નાખવાથી કત્લ કરવાવાળાને કયામતના દિવસે અલ્લાહ તઆલા પાસે સવાબ મળશે.**

### ★ નજદીઓની ખરાબી વિશે સ્પષ્ટ હદીષો ★

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, કુફ્રનું (જડ) મૂળ પૂર્વમાં અને ઘમંડ અને તકબ્બુર ઘોડા અને ઊંટોવાળાઓમાં છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, અહીંથી ફિત્ના આવ્યા. અને પૂર્વ તરફ ઈશારો કર્યો.

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **કઠણ દિલવાળા અને જુલ્મ કરવાવાળા પૂર્વમાં (નજદમાં) છે અને ઈમાનવાળા હિજાઝમાં છે.**

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**اللھم بارك لنا فی شامنا۔ اللھم بارك لنا فی یمننا قالوا یارسول اللہ وفی نجدنا قال اللھم بارك لنا فی شامنا۔ اللھم بارك لنا**

**فی یمننا وقال فی الثالثة هناك الزلازل ولفتن۔ وبها یطلع قرن الشیطان**

''હે અલ્લાહ ! અમારા શામમાં બરકત આપ ! હે અલ્લાહ ! અમારા યમનમાં બરકત આપ ! કોઈએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા નજદમાં ? આપે ફરીથી એ જ ફર્માવ્યું. અને ત્રીજી વખત ફર્માવ્યું, **ત્યાં (નજદ)માં ઝલઝલા અને ફિત્ના થશે, ત્યાંથી શૈતાનની શીંગ નીકળશે.**

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, **પૂર્વ (નજદ)થી અમુક લોકો નીકળશે, કુર્આન પઢશે જે એમના હલક (ગળા)થી આગળ નહીં વધે. એક પછી બીજી (નસબ) પેઢી પેદા થતી રહેશે, એમનો છેલ્લો માણસ મસીહ દજ્જાલના સાથે હશે.**

**★ નજ્દીની એક સચોટ નિશાની ! ★**

ઈર્શાદે નબવી ﷺ **سیماهم التحلیق** (એમની નિશાની માથુ મૂડાવવું છે) ઈબ્ને અબ્દુલ વહહાબની પેરવી કરવાવાળા (પૂર્વ)ના ખારજીઓ માટે એ દલીલ છે, **કેમ કે એ જ પોતાની પેરવી કવરવાવાળાઓને માથુ મૂડાવવાનો આદેશ આપતો હતો અને ત્યાં સુધી કોઈ નવી પેરવી કરવાવાળાને પોતાની મજલિસથી અલગ ન થવા દેતો જ્યાં સુધી એનું માથુ ન મૂડાવી કાઢે. અને પહેલાંના ગુમરાહ ફિર્કાઓમાં કોઈ પણ આવું કામ કરતા ન હતા. એટલા માટે આ હદીષથી એ નજદી ખારજીની નિશાની હોવું સ્પષ્ટ થઈ જાય છે.**

સૈયદ અબ્દુર્રહમાન અહદલ મુફતી ઝુબૈદ કહ્યા કરતા હતા કે ઈબ્ને અબ્દુલ વહહાબના વિરુધ્ધમાં કિતાબો લખવાની જરૂર



નથી, હદીષે રસૂલ **سیماهم التحلیق** જ એના (૨૬) વિરુધ્ધ માટે પૂરતી છે. **કેમ કે એના સિવાય કોઈ ગુમરાહ ફિર્કાએ આ રીતે માથુ મૂડાવવાનું કામ કોઈ દિવસ નથી કર્યું.** ઈબ્ને અબ્દુલ વહહાબ **પોતાના દીનની પેરવી કરવાવાળી ઔરતને પણ માથુ મૂડાવવાનો આદેશ આપતો હતો.** એક વખતે એક ઔરત જે મજબૂરીના કારણે એના દીનમાં પ્રવેશી હતી. અને એના ખયાલ પ્રમાણે ફરીથી ઈસ્લામ સ્વીકારી રહી હતી એણે પોતાની દલીલથી એને ચૂપ કરી દીધો ! ઔરતે શૈખ નજ્દીથી કહ્યું, તમે મર્દોને માથુ મૂડાવવાનો આદેશ આપો છો, જો એમની દાઢીઓ મૂડાવવાનો આદેશ આપતા તો એ યોગ્ય સાબિત થઈ શકત કે ઔરતનું પણ માથુ મૂડાવો, કેમ કે ઔરતના માથાના વાળ મર્દની દાઢીની જગ્યાએ છે. અને એનો જવાબ એનાથી ન આપી શક્યો.

શૈખ નજ્દી માથુ મૂડાવવાનો આદેશ એટલા માટે આપતો હતો કે એના પર એની પેરવી કરવાવાળા પર ઈર્શાદે રસૂલ **سیماهم التحلیق** (એમની નિશાની માથુ મૂડાવવું છે) સાચુ પૂરવાર થાય. રસૂલે કરીમ ﷺએ જે ફર્માવ્યું એ સાચુ ફર્માવ્યું.

રસૂલે કરીમ ﷺએ પૂર્વના બાજુ ઈશારો કરીને ફર્માવ્યું, અહીંથી **કરનુશ્શયતાન** એટલે **શૈતાનની શીંગ નીકળશે** જે એક રિવાયતમાં બંને માટે છે. કેટલાક ઓલમા ફર્માવે છે કે એ બે શીંગોથી મુરાદ મુસૈલમા કઝ્ઝાબ અને ઈબ્ને અબ્દુલ વહ્હાબ મુરાદ છે.

એક રિવાયતમાં છે કે ત્યાં એટલે નજદમાં જેનો કોઈ ઈલાજ નથી એવી બીમારી છે. કેટલાક શરહ કરનારા કહે છે, એનાથી મુરાદ બરબાદી છે, જંગે બની હનીફાનું વર્ણન કરતાં કેટલીક ઈતિહાસની કિતાબોમાં છે કે આપે ફર્માવ્યું, ''મુસૈલમાના

શહેરથી એક એવો શખ્સ નીકળશે જે દીને ઈસ્લામને બદલી નાખશે.

ફિત્નાના વર્ણન વિશે એક હદીષમાં છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, ત્યાં (નજદ)થી મારી ઉમ્મતમાં ઘણા મોટા ફિત્ના જન્મ લેશે જે અરબના ઘર ઘરમાં પ્રવેશ કરી જશે.

**★ ગુંગો, બહેરો, આંધળો ફિત્નો**
**એટલે નજ્દી વહાબી ! ★**

એક રિવાયતમાં છે, **નજીકના સમયમાં એક ગુંગો, બહેરો, આંધળો ફિત્નો થશે એટલે એ ફિત્નાથી લોકોની આંખો આંધળી થઈ જશે, જેનાથી નીકળવાનો રસ્તો નહીં મળે, સાચુ કહેવાથી સાંભળવાથી ગુંગા બહેરા થઈ જશે. જે એના મુકાબલામાં ઉભો થશે ફિત્નો પણ એના મુકાબલામાં ઉભો થઈ જશે.**

એક રિવાયતમાં છે, **નજ્દની નજીકના સમયમાં એક શૈતાન જાહેર થશે જેના ફિત્નાથી અરબ દ્વિપ હાલી ઉઠશે.**

અલ્લામા સૈયદ અલવી બિન અહમદ બિન હસન બિન કુતુબ સૈયદ અબ્દુલ્લાહ હદાદ બાઅલવીએ વહાબીની વિરુધ્ધમાં પોતાની લખેલી કિતાબ ''જિલાઉઝ્ઝલામ ફી રદ્દિ અલલ નજદીઝ્ઝી અદ્લુલ અવામ''માં ઘણી બધી હદીષો બયાન કરી છે. એમાંથી એક આ છે : રસૂલુલ્લાહ ﷺના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ થી રિવાયત છે. નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બારમી સદીમાં વાદીએ હનીફામાં બળદ જેવો એક શખ્સ પેદા થશે જે હમેશાં પોતાના મોટા હોઠ ચાવતો રહેશે, એના જમાનામાં ફિત્ના ફસાદ વધારે



થશે. લોકો મુસલમાનોનો માલ હલાલ સમજશે અને એકબીજામાં ધંધા (તિજારત)નો ઝરીયો બનાવશે. મુસલમાનોનું ખૂન હલાલ સમજશે અને એને ફખ્ર સમજશે. **આ એવો ફિત્નો હશે જેનાથી ખરાબ અને કમીના લોકો ઈજ્જતવાળા બની જશે, નફ્સની ખ્વાહિશો એમના સાથે એ રીતે લાગેલી રહેશે જે રીતે કૂતરુ એના માલિક સાથે રહે છે.**

ઘણી ગવાહીઓ આ હદીષના મતલબનું સમર્થન કરે છે. પરંતુ એને ક્યાંથી બયાન કરવામાં આવી એની સહીહ જાણકારી નથી.

સૈયદ અલવી હદાદ ફર્માવે છે કે એનાથી વધારે સાફ વાત એ છે, કે આ ધોકો ખાધેલો મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ એ કબીલા તમીમથી સંબંધ ધરાવે છે. એટલા માટે ગુમાન છે કે એ તે ઝુલ્ખવૈસરા તમીમીની ઔલાદમાંથી હોય જેના બારામાં સહીહ બુખારીમાં છે.

અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, એની નસલથી કેટલાક લોકો પેદા થશે જે કુર્આન પઢશે અને એ એના હલક (ગળા)થી આગળ નહીં વધે, દીનથી એ રીતે નીકળી જશે જે રીતે તીર કમાનથી, ઈમાનવાળાઓને શહીદ કરશે, મૂર્તિની પૂજા કરવાવાળાઓને છોડી દેશે, **જો હું એમને પામું તો ક઼ૌમે આદની જેમ ક઼તલ કરી નાખું.**

જેમ કે ખારજી મુસલમાનોને ક઼તલ કરતા અને મૂર્તિપૂજકોને છોડી દેતા.

હઝરત અલી બિન અબી તાલિબે જ્યારે ખારજીઓને ક઼તલ કર્યા તો એક શખ્સે કહ્યું, અલ્લાહનો શુક્ર છે જેણે એમને હલાક કર્યા અને અમોને સુકૂન આપ્યું. **હઝરત અલીએ ફર્માવ્યું,**

**એની કસમ જેના કબ્જામાં મારી જાન છે ! એમની નસલના અમુક એવા લોકો બાકી છે જે મર્દોની પીઠોમાં છે અને હજી ઔરતોના પેટમાં આવ્યા નથી, એમનો છેલ્લો આદમી દજ્જાલ સાથે હશે.**

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ થી હદીષ રિવાયત છે. બની હનીફા મુસૈલમા કઝ્ઝાબની ક઼ૌમ છે. એમની વાદી હમેશાં ફિત્નાની વાદી રહેશે અને પોતાના કઝ્ઝાબોના લીધે હમેશાં ફિત્નામાં રહેશે.

એક રિવાયતમાં છે, યમામા માટે હલાકત છે જે કોઈ દિવસ અલગ નહીં થાય.

મિશ્કાતુલ મસાબીહની એક હદીષ છે : **આખરી જમાનામાં અમુક લોકો પેદા જે એવી વાતો કરશે જેમને તમે કે તમારા બાપદાદાઓએ કોઈ દિવસ નહીં સાંભળી હોય, એટલા માટે એમનાથી બચો ! એ તમોને ગુમરાહ ન કરી દે, ફિત્નામાં ન નાખી દે.**

બનૂ તમીમના વિશે જ અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ કરી :–

ان الذین ینادونك من وراء الحجرات اکثرھم لا یعقلون

"જે લોકો (હુજરા) કમરાના પાછળથી તમોને પુકારે છે એનાથી વધારે પડતા બેવકુફ છે."

لاترفعوا اصواتکم فوق صوت النبی "નબીના અવાજથી તમારો અવાજ મોટો ન કરો !"

સૈયદ હદાદ અલવી ફર્માવે છે કે બનૂ હનીફા અને બનૂ તમીમની બુરાઈમાં ઘણી ચીજો છે પણ તમારા માટે આટલું જ પૂરતુ છે કે વધુ પડતા ખારજી એમના અંદર જ પેદા થયા.



મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ એમનામાંથી જ છે. અને ફસાદી જમાઅતનો અમીર અબ્દુલ અઝીઝ બિન મુહમ્મદ બિન સઊદ બિન વાઈલ પણ એમનામાંથી જ છે.

નબીએ કરીમ ﷺ ફર્માવે છે, હું શરૂમાં દરેક મોક઼ા પર ક઼બીલાઓ સામે પોતાને પેશ કરતો હતો. બનૂ હનીફાથી વધારે ખરાબ જવાબ મને કોઈએ નથી આપ્યો.

સૈયદ હદાદ અલવી ફર્માવે છે, અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ની ઝિયારત માટે હું તાઈફ પહોંચ્યો તો અલ્લામા શૈખ તાહિર સંબલ હનફી બિન અલ્લામા શૈખ સંબલ શાફઈથી મળ્યો. એમણે બતાવ્યું કે આ ફિર્ક઼ાના વિરુધ્ધમાં એમણે "અલ ઈન્તિસાર લિ અવલિયાઈલ્ અબરાર"ના નામથી એક કિતાબ લખી છે. શાયદ અલ્લાહ તઆલા એના ઝરીયે એને ફાયદો પહોંચાડે જેના દિલમાં નજ્દિયતની બિદઅત દાખલ નથી થઈ. **અને જેના દિલમાં એ બેદીની પ્રવેશી ગઈ છે એની કામયાબીની ઉમ્મીદ ન રાખવી જોઈએ, કેમ કે બુખારીની હદીષમાં છે, "એ દીનમાંથી નીકળી જશે પાછા એમાં નહીં પ્રવેશે."**

કેટલાક આલિમોથી જે નક઼લ કરવામાં આવે છે કે એમણે શૈખ નજ્દીનાં કામોને સારાં ગણાવ્યાં છે કે, "એણે દેહાતીઓ (ગામડિયાઓ)ને નમાઝી બનાવ્યા, એમનાથી બુરાઈઓ અને લૂટમારની આદત છોડાવી દીધી, તૌહીદની દા'વત આપી.... વગેરે. તો એ ખોટુ છે ! કેમ કે એમણે જાહેર કામોનાં વખાણ કર્યાં અને એમને એમાં ગુમરાહીઓની ખબર ન થઈ શકી જે અમે બતાવી છે. એ ૬૦૦ વરસ સુધીની ઉમ્મતને કાફિર કહેતો હતો, અસંખ્ય કિતાબો સળગાવી દીધી, ઘણા આલિમો અને મુસલમાનોને શહીદ કરી નાખ્યા, એમના જાન અને માલને

જાઈઝ સમજ્યા, અલ્લાહ તઆલા માટે શરીર હોવું માને છે, નબીએ કરીમ ﷺ તથા બધા અંબિયા અને અવલિયાના બારામાં ગુસ્તાખી બેઅદબી કરે છે, એમની કબ્રો ખોદી નાખી. અલ અહસામાં કેટલીક કબ્રોને પેશાબ પાખાનાની જગા બનાવી દીધી, દલાઈલુલ ખૈરાત, વઝાઈફ, મીલાદુન્નબી, મીનારા પર અઝાન પછી દુરૂદ શરીફને બંધ કરાવી દીધું અને પઢવાવાળાને શહીદ કરી દીધા.

એનો અકીદો છે કે બસ એ જ મુસલમાન છે અને એની પેરવી કરવાવાળા સિવાય બાકી બધી મખ્લૂક મુશ્રિક છે. પોતાની મજલિસો અને તકરીરોમાં સાફ સાફ કહેતો હતો કે અંબિયા, અવલિયા, ફરિશ્તાઓને વસીલો બનાવવાળો કાફિર છે. એનો ખયાલ છે જે શખ્સ કોઈને મૌલાના અથવા સૈયદના કહે છે એ કાફિર છે. એને ખબર નથી કે અલ્લાહ તઆલાએ હઝરત યહ્યા علیہ السلامને وسيدا કહ્યું અને નબીએ કરીમ ﷺએ સઅદ બિન મઆઝના બારામાં અન્સારથી قوموا لسيدكم ફર્માવ્યું છે. એ નબીએ કરીમ ﷺની ઝિયારતથી મના કરે છે અને આપને પણ આમ (સામાન્ય) માણસો જેવા સમજે છે. ઉલૂમે ફિકહ અને નહવ તથા સરફ ડિક્ષનરીના દર્સને બિલકુલ પસંદ નથી કરતો અને એને બિદઅત સમજે છે.

સૈયદ અલવી હદાદ એ જ કિતાબમાં ફર્માવે છે કે બધી વાતોનો નીચોડ એ કે એની વાતો તથા કામોથી સાબિત થાય છે કે એ ઈસ્લામના ઉસૂલ તથા કાનૂનની રોશનીમાં ઈસ્લામથી નીકળી ગયો છે. કેમ કે એણે કોઈ જાઈઝ તાવીલ વગર એવા માલોને હલાલ કરી દીધા જેના હરામ હોવા પર ઉમ્મતનો ઈત્તેફાક (ઈજમાઅ) છે. અને અંબિયા અને રસૂલો અને સાલેહીનની ગુસ્તાખી કરી છે, જેના બારામાં ચારેવ ઈમામોનો ઈત્તેફાક છે કે



જાણી જોઈને આવી ગુસ્તાખી કુફ્ર છે.

એનાથી પહેલાં બતાવી ચૂક્યા કે એને ૯૨ વરસની જિંદગી મળી કેમ કે એનો જન્મ હિ.સ. ૧૧૧૧માં અને મૃત્યુ હિ.સ. ૧૨૦૬માં થયું. કોઈએ એના મૃત્યુની તારીખ આ بدا هلاك الخبيث (ખબીષની હલાકત જાહેર થઈ) શબ્દોથી કાઢી છે. (હિ.સ. ૧૨૦૬)

શૈખ નજદીએ કેટલાય છોકરા અબ્દુલ્લાહ, હસન, હુસૈન, અલી છોડયા જેને ઔલાદે શૈખ કહેવામાં આવે છે. અબ્દુલ્લાહ બધાથી મોટો હતો એણે પોતાના બાપના મર્યા પછી વહાબી દા'વત ચાલુ રાખી, અને પછી સુલેમાન અને અબ્દુર્રહમાને એનું કામ કર્યું. સુલેમાન પોતાના બાપથી વધારે કટ્ટર હતો. એને ૧૨૩૩માં ઈબ્રાહીમ પાશાએ કતલ કરી નાખ્યો અને અબ્દુર્રહમાનને બંદી કરી મિસર મોકલી દીધો જ્યાં થોડા દિવસ પછી મરી ગયો. હસન બિન મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે પણ પોતાનો જાનશીન છોડયો જે અબ્દુર્રહમાન હતો. મક્કા મુકર્રમાના વહાબીકાળમાં એ મક્કાનો કાઝી પણ રહ્યો. લગભગ ૧૦૦ વરસની લાંબી ઉમર પછી મૃત્યુ પામ્યો. એના પછી અબ્દુલ લતીફ જાનશીન થયો. હુસૈન બિન મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે પણ ઘણા છોકરા છોડયા જેની નસલ દરઈય્યામાં બાકી છે એમને ઔલાદે શૈખ કહે છે. અલ્લાહ તઆલાથી દુઆ છે એમને સાચી હિદાયત આપે.

**والله سبحانه تعالى اعلم وصلى الله علىٰ سيدنا محمد وعلىٰ آله وصحبه سلم**